

કુમાર

આવતી કાલનાં
નાગરિકોનું
માસિક

સંસ્થાપક
સ્વ. રવિશંકર રાવળ

વર્ષ ૫૭મું
અંક ૫મો
મે · ૧૯૮૦

સળંગ અંક
૬૭૭

તંત્રી
બચુભાઈ રાવત

ઉપતંત્રી
બિહારીલાલ ટાંક

◁
વૃક્ષબેલડી
ચિત્રકાર · નટુભાઈ પરીખ

(એમના પરિચય માટે જુઓ આ અંકની 'કલાવાર્તા')




ઉત્કંઠેશ્વર (કલાકાર : નટુભાઈ પરીખ) અમદાવાદ અને ખેડા જિલ્લાની સરહદે કપડવંજ નજીક વાત્રક (વેત્રવતી) નદીને મળતા એક ઝરણાને કાંઠે ઊંચી ભેખડ ઉપર આવેલું મહાદેવનું આ મંદિર ધર્મસ્થાન હોવા ઉપરાંત ચોપાસની રમણીય પ્રકૃતિસૌન્દર્યના કારણે પર્યટન-ના એક મથક તરીકે પણ ઘણું લોકપ્રિય છે.

દૃશ્યચિત્રો એ માત્ર કોઈ પણ સ્થળની તાદૃશ રજૂઆત જ નથી. એમાં તો કલાકારની આગવી સૌન્દર્યદૃષ્ટિ અને તે સ્થળ પ્રતિના તેના ભાવની અભિવ્યક્તિનો સ્પર્શ પણ ભળે છે. પ્રકૃતિ સાથેના માણસના સંબંધનું તેમાં દર્શન થાય છે. એમાં સંજ્ઞાત્મક અર્થઘટન, પ્રકૃતિના ભવ્યસુંદર વૈભવ પ્રતિનું માનવીય કુતૂહલ અને કુદરતને માણવાનો પ્રયાસ પણ સંકળાયો છે.





તારંગાનો માર્ગ અને (જમણી બાજુ) મહુધાની શેરી • નટુભાઈ પરીખનાં બે દૃશ્યચિત્રો (જુઓ આ અંકની 'કલાવાર્તા'માં)



કુમાર

મે ૧૯૮૦ · અંક ૬૭૭

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે સ્હેજે નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ: રૂ. ૨૪.૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬.૦૦; છૂટક નકલ: રૂ. ૨.૫૦

વાચકો લખે છે...

મધુપર્ક

મધુપર્ક=અંગ્રેજી વર્તમાનપત્રમાં આવતા 'Thought of the Day'ના અનુકરણમાં ગુજરાતી દૈનિકમાં અપાતા સદ્‌વિચાર-સદુક્તિ સુભાષિતનું નામ.

મધુપર્ક=એક વિદેહ વિદગ્ધ જનના વાર્ષિક અવસાનદિને બન્ધુવર્ગ અને પ્રશંસકોએ આપેલી શ્રદ્ધાંજલિઓ આદિના સંગ્રહરૂપે પ્રકટ કરેલી સ્મરણિકાનું નામ.

'મધુપર્ક' પારિભાષિક સંજ્ઞા છે અને ગાર્હસ્થ્ય ધર્મોનું નિયમન કરતાં ગૃહ્યસૂત્રો અનુસાર એ વિશિષ્ટ પ્રસંગે અને વિશિષ્ટ વ્યક્તિઓની જ સત્કાર પ્રક્રિયાના અંગ 'પેય'–દહિં, મધ, ઘી (ઘીના અભાવે દૂધ અથવા જલ તેમ મધના અભાવે ગૉળ પ્રતિનિધિ)ના પ્રપંચ (મિશ્રણ)ને અપાઈ છે. (પછીના સમયમાં આ પ્રપંચનો વિસ્તાર પણ થયો છે :

दधि सर्पिर्जलं क्षौद्रं सिता चैतैश्च पञ्चभिः ।
प्रोच्यते मधुपर्कः...)

પારસ્કરગૃહ્યસૂત્ર ૧·૩–

१ षडर्घ्या भवन्त्याचार्य ऋत्विग्वैवाह्यो राजा प्रियः स्नातकः इति ।

२ प्रतिसंवत्सरानर्हयेयुः ।

३ यक्ष्यमाणास्त्वृत्विजः ।

४ आसनमाहार्याह साधु भवानास्तामर्चयिष्यामो भवन्तमिति ।

५ आहरन्ति विष्टरं पद्यं पादार्थमुदकमाचमनीयं मधुपर्कं दधिमधुघृतमपिहितं कांस्ये कांस्येन ।

ભાવાર્થ : ૧. છ વ્યક્તિઓ અર્ઘ્યપ્રદાનપાત્ર (પૂજનીય) છે : આચાર્ય : ઉપનયનપૂર્વક વેદનું અધ્યાપન કરનાર. ઋત્વિક્ : શ્રૌતસ્માર્તાદિ કર્માર્થે વરાયલા અને ધનના લોભે ક્રિયા કરનાર બ્રહ્માદિ (કુમાર ૬૭૦ · ૨૯૭/૨). વૈવાહ્ય : જમાઈ. રાજા. પ્રિય : ઉત્કૃષ્ટ જાતિ અથવા સમાન જાતિનો સખા. સ્નાતક: વેદાધ્યયન પૂરું કરીને 'સ્નાત' થયેલો.

૨. પ્રત્યેક સંવત્સરે પૂજવા યોગ્ય થાય છે.

૩. રાજા અને મિત્રને: પ્રતિસંવત્સર એટલે વર્ષ પૂરું થયા પછી, એ પૂર્વે નહિ; પૂજક: ગૃહસ્થાશ્રમી. ઋત્વિજોને : યજ્ઞ કરાવતા હોય ત્યારે, અન્ય સમયે નહિ; તે પણ કેવળ સોમયાગ પ્રસંગે, અન્ય યાગોમાં નહિ; પૂજક: યજમાન. જમાઇને : લગ્નવિધિ પ્રસંગે; પૂજક: શ્વસુરાદિ. સ્નાતકને : ગુરુકુલના ત્યાગ પ્રસંગે; પૂજક: સ્વયં આચાર્ય.

૪. આસન લાવીને (પૂજક) કહે છે : આપ સુખેથી બિરાજો. અમે આપનું અર્ચન કરીશું.

૫. લાવે છે : (બેસવાને અને ધોયેલા જમણો પગ મૂકવાને) વિષ્ટર, પગ ધોવાને સુખોષ્ણોદક, આચમન અર્થે જલ (અને) કાંસાની વાડકીમાં, કાંસાની વાડકીથી ઢાંકેલો મધુપર્ક (આ મધુપર્કનું અનામિકા ને અંગુઠા વડે ત્રણ વાર પ્રાશન કરાય છે : પ્રસંગે સમગ્ર પી જવાય છે.)

વિષ્ણુ આદિ દેવોના પૂજનના ષોડશોપચારનાં દ્રવ્યોમાં દૂધ-દહીં-ઘી-મધ-સાકર સમાવિષ્ટ છે પણ એ 'મધુપર્ક' કહેવાતાં નથી.

આમ પરંપરાએ 'મધુપર્ક' પદ એના ઉપરિનિર્દિષ્ટ અર્થ 'વિશિષ્ટ સત્કારના અંગ'ના અર્થમાં જ વપરાતું આવ્યું છે (એ જ પ્રાચીન પ્રક્રિયા અનુસાર આજ પણ બ્રાહ્મણોના વૈદિક વિવાહવિધિનું પ્રધાન અંગ 'મધુપર્ક' પ્રદાન રહ્યું છે) નહિ કે સદુક્તિકર્ણામૃતના અર્થમાં કે ન તો દિવંગત આત્માઓને અપાતા તિલોદકાંજલિઓના કે વસ્ત્રનિષ્પીડનોદકના અર્થમાં. છતાં ? હોય. भिन्नरुचिर्हि लोकः ।

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

દ્વારકાના અવશેષો

દ્વારકાના દ્વારકાધીશ મંદિર સંકુલમાં તાજેતરમાં જે અવશેષો મળી આવ્યા તેના વિષે જુદાજુદા દૈનિકોમાં વાંચવા મળેલું. 'કુમાર'-ના નવે. '૭૯ના અંકમાં 'માધુકરી'માં 'દ્વારકાધીશ સંકુલમાં ૮મા સૈકાનું ઉત્કૃષ્ટ મંદિર' શીર્ષક નીચે ટૂંક નોંધ આવેલી છે. પુરાતત્ત્વવિદ્ એસ. આર. રાવના મતે આ અવશેષો આઠમી સદીના હોવાનું જાહેર થયું છે. હમણાં ડિસેમ્બરની ૩૦, ૩૧ તારીખે દ્વારકા જવાનું થતાં ત્યાં બહાર આવેલા અવશેષો નજરોનજર નિહાળવાનું બન્યું. મને ઘણું જ આશ્ચર્ય થયું કે આ અવશેષોમાંથી એક પણ અવશેષ આઠમી સદીનો નથી! ખોદકામ દરમિયાન જે મંદિર બહાર આવ્યું છે. તે તો ખચિત અગિયારમી સદીની શરૂઆતનું છે! કાળા પથ્થરની સંભવતઃ દ્વારકાધીશની ભગ્ન પ્રતિમા, જે આ અગાઉ સ્વ. કલ્યાણરાય જોશીએ પોતાના 'ઓખા મંડળના વાઘેરો, તથા 'દ્વારકાવસઈના પુરાવશેષો' પુસ્તકમાં પ્રસિદ્ધ કરી છે તે, દસમી સદી પછીની પ્રતિમા છે. આ આખું મંદિર દસમી-અગિયારમી સદીમાં સમગ્ર પશ્ચિમ ભારતમાં પ્રવર્તેલી ગુર્જરશૈલીનું ઉત્કૃષ્ટ મંદિર છે. આ પંથકમાં ધૂમલીનું નવલખામંદિર, દ્વારકાનું રુક્મિણી મંદિર વગેરે આ શૈલીનાં મંદિરો છે.

દ્વારકાના અવશેષોમાં ભગવાન વિષ્ણુનાં નયનરમ્ય શિલ્પો છે. નરથરમાં બે શૃંગારશિલ્પો તથા દિક્‌પાલની અદ્‌ભુત કહી શકાય તેવી મૂર્તિઓ દ્વારકાના કલાભંડારને વધુ સમૃદ્ધ બનાવે છે. ગર્ભગૃહ અને દેવાસન લંબચોરસ છે, આથી આ મંદિરમાં કોઈ બે મૂર્તિઓ બિરાજતી હશે એમ લાગે છે. ગૂઢમંડપના બહાર બચેલા કક્ષાસનનાં શિલ્પોમાં વામન, વરાહ આદિ વિષ્ણુ સ્વરૂપો છે. તેથી એવું અનુમાન થઈ શકે છે કે આ મંદિર લક્ષ્મી-નારાયણ અથવા કૃષ્ણ રુક્મિણીનું હોવું જોઇએ. આજુબાજુથી અન્ય અવશેષો નીકળવાની હજુ ઘણી જ સંભાવના છે અને કદાચ આ મંદિરની બાજુમાં વિશેષ પ્રાચીન અવશેષો મળી આવે. પરંતુ હાલ પ્રાપ્ત મંદિર અને અવશેષો અગિયારમી સદીની શરૂઆતના છે.

આ બધા અવશેષોમાં મને એક શિલ્પ વિશેષ ધ્યાન આપવા યોગ્ય લાગ્યું : સહેજ મોટા કદનું માત્ર મસ્તક જ છે અને પ્રથમ નજરે તે મહત્ત્વનું ન જણાય એવું છે, પરંતુ આ શિલ્પમાં કપાળ વચ્ચે ત્રીજી આંખ છે અને તેથી તે શિવજીનું ઠરે છે. ઘણે સ્થળે દિક્‌પાલ અગ્નિને ત્રીજું નેત્ર કરેલું હોય છે, પરંતુ આ મસ્તક અહીં જોવા મળતી અન્ય દિક્‌પાલમૂર્તિઓ કરતાં મોટું છે. આ કારણે તે કોઈ જુદા જ મંદિરનું અને શિવજીનું જણાય છે. આ એક ઘણી રસપ્રદ બાબત છે.

ઇતિહાસ પુરાતત્ત્વના અભ્યાસીઓ અને ભારતીય સંસ્કૃતિના વિદ્યાર્થીઓને દ્વારકાની મુલાકાત આ અવશેષોથી વિશેષ રોચક બની છે, ત્યારે મારી આ ટૂંકી નોંધ તેમને સહાયભૂત થશે અને આ પરત્વે વિચારવિમર્શ કરશે. એવી આશા છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

આપણા ગુજરાતના યશસ્વી-મનીષી શ્રીમાન્ ઉમાશંકરભાઈ જોશી થોડા સમય પહેલાં કવિ સાર્વભૌમ શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની વિશ્વવિશ્રુત શિક્ષણ-સંસ્થા વિશ્વ-ભારતી વિશ્વવિદ્યાલયના આચાર્ય (ચાન્સેલર) તરીકે અભિષિક્ત થયા. તે પ્રસંગે પોરબંદરની ગુરુકુલ મહિલા કૉલેજ તરફથી એમને અભિનંદન અને મંગળકામનાનો સંદેશ સંસ્કૃત ભાષામાં મોકલવામાં આવ્યો હતો. એના જવાબમાં કવિશ્રીએ સંસ્કૃત શ્લોકોમાં જે ભાવનાઓ વ્યક્ત કરી છે તેથી એમના હૃદયની ગરિમા ને નમ્રતા પ્રકટ થાય છે. કુમારના સહૃદય વાચકો માટે તે શ્લોકો આનંદ-પ્રદ થશે. (અનુ. પૃ. ૧૮૨)

પ્રાર્થના / જયન્ત પાઠક

• ગાન •

જે કંઈ રૂપ તમારું તે અવ થાવ પ્રકટ ભગવાન,
જનમારાને જડો અસલની એની આપપિછાન.

સંકોચી સંકેલી સઘળું બેઠો છું અંધારે,
ભોંણુ મહીં પેઠો છું ભયભીત સૂરજના અજવાળે,
ફણા ફરી આ ફેલાવા દો તવ મહુવરને તાન...

જીરણ જેવો દુર્ગ કાંગરા હરપલ ખરખર ખરતા,
નરી હવડતા ઉજ્જડના ઓળાઓ હરતાફરતા;
ફરી ચડાવો ધજાપતાકા ફરફર ડંકનિશાન...

જાડા લીલના થરથી ઢાંકી તલાવડીનું પાણી,
અહીં ન ઊતરે આભવૃક્ષથી તરસી કલકલ વાણી;
માનસસરનો આપો વૈભવ કલહંસોનું ગાન...

ઝંખના / જશવંત લ. દેસાઈ

• શિખરિણી-સૉનેટ •

રહું જોઈ માડીતણું તન થતું ક્ષીણ ક્રમશઃ,
થતી ધીમે ધીમે પૂનમતણી આભા શું વિલય,
ઘસાઈને થાતો ક્ષીણ શું ટુકડો ચંદનતણો,
થતો ધીરે ધીરે ક્ષય શું જલીને ધૂપસળાનો!

સ્મરી રહું સામ્રાજ્ઞી સમ જનનીની આણ, અમને
દીધા ના વંકાવા અવગતપથે શૈશવ સમે;
કિશોરાવસ્થામાં નજર ધરી—ઓ અદ્રિશૃંગ...ઓ
ઝઝૂમ્યા, આજે યે ઝઝૂમત પદાક્રાન્ત કરવા.

રહું કલ્પી કો દિ' (દિવસ નવ એ દૂર) સહસા,
સગાંસંબંધી કો અશુભ લઈ સંદેશ અવચ;
રહેશે આવી ને ઘડીક ધરતીકંપ સમ હા
ઝીલાશે શી રીતે નિરમિત મહાઘાત વિધિનો?

અધૂરી મારી છો જીવનભર સૌ આરત રહે,
સદા જન્મું તારી કૂખ, જનની, આશિષ બસ દે.

હે ફાલ્ગુની / મનોહર ત્રિવેદી

• ખંડ શાર્દૂલ •

પુષ્પો ઝરે ડાળખી...
પંખીના લયમાં સવાર તરતી એવી તરે ડાળખી...

કણ્ઠે લૈ ટહુકો: ઉઘાડ નભનો ઊડે લઈ પાંખથી
પર્ણોમાં ઊતરી રતાશ કુમળી એ સૂર્યની આંખથી,
રંગોની સુરભી સમેત ક્ષણમાં આવી અહીં પાલખી...
પુષ્પો ઝરે ડાળખી...

ઉચ્ચારે જળમંત્ર મૃણ્મય તૃણો, શાખાવતી વલ્લરી—
ધીમેથી લળતી (સરોવરતટે કો સદ્યસ્નાતા પરી),
છાયાઓ ઘરની દીવાલ હળવે હાથે રહી આળખી...
પુષ્પો ઝરે ડાળખી...

આ વાતાયનનું ય સ્વાગત સમી મુદ્રામહીં ખૂલવું:
(તારાં કર્ણફૂલોનું મર્મરભર્યું લાગે મને ઝૂલવું.)
એ રે આંગણમાં પ્રવેશ કર તું હે ફાલ્ગુની, હે સખિ...
પુષ્પો ઝરે ડાળખી...

¶ પ્રાર્થના: ત્રણ અંતરાના આ ગીતમાં 'આપપિછાન' માટેની પ્રાર્થના છે. આમ તો જુગજૂની આ આરત એની નૂતન અભિવ્યક્તિને લીધે અહીં રોચક બની શકી છે. ત્રણે ય અંતરામાં અલગ અલગ રૂપક દ્વારા એ પ્રાર્થના પરંપરાની ધાટિએ, પણ રૂપકનાવીન્યને લઈને, આસ્વાદ્ય બની શકી છે. સૂતેલા ફણીધરને મહુવર દ્વારા જગાડવાની, જૂના કિલ્લા પર નવી ધજાપતાકા લહેરાવવાની અને લીલથી છવાએલી તલાવડીને માનસસરનો વૈભવ આપવાની વિવિધ વાત વિવિધ અંતરામાં ભાવઐક્યને ઘૂંટી રહે છે. ¶ ઝંખના: માતૃપ્રેમના આ સૉનેટમાં માતાના વિલયથી આરંભ કરી ફરી એ જ માતાની કૂખે અવતરવાની ઝંખના પ્રકટ કરાઈ છે. આવી ઝંખનાની પ્રતીતિ અર્થે આરંભમાં નિર્વ્યાજ માતૃસ્નેહનો મહિમા ગવાયો છે અને એને પડછે માતૃવિદાયના આઘાતક સમાચારની કલ્પનાથી એને દૃઢાવાયો છે. શિષ્ટ બાનીનું આ સુબદ્ધ સૉનેટ એની સ્વરૂપગત લાક્ષણિકતાઓને સુપેરે પ્રકટ કરી રહે છે. ¶ હે ફાલ્ગુની: ખંડ શાર્દૂલમાં કંડારાએલી ગીતનો આભાસ ઊભો કરતી આ રચનામાં એનાં કલ્પનાનાવીન્ય અને રચનાકસબ એમાંની ભાવસમૃદ્ધિ અને વર્ણ્ય પ્રકૃતિને બહેલાવી રહે છે. પંખીના લયમાં તરતી સવાર, રંગોની સુરભિસમેત આવી પહોંચેલી સવારની પાલખી, જળમંત્ર ઉચ્ચારતાં તૃણો, વાતાયનનું સ્વાગતસમી મુદ્રામાં ખૂલવું વગેરે કલ્પનાઓ દ્વારા પ્રકૃતિનાં રમ્ય ચિત્રો નૂતન શૈલીએ આલેખાયાં છે; અને અંતે સખીના ઉલ્લેખ દ્વારા ફાગણની પ્રકૃતિને પ્રણયના ઉદ્દીપન વિભાવની સામગ્રી તરીકે સૂચવી દેવાઈ છે.

ન્યાયપ્રિયતા

બહાદુરશાહ પંડિત

જેતલપુર ગામમાં એક માધ્યમિક શાળા સાથે જોડાએલી બોર્ડિંગ હતી. શાળાના એક ટ્રસ્ટી ચીમનલાલ રાવલ તેનો વહીવટ ચલાવતા. એક વાર એમણે બોર્ડિંગ માટે લાકડા કપાવવા એક કઠિયારાને બોલાવ્યો અને લાકડાંનો ઢગલો બતાવી પૂછ્યું: 'બોલ, આટલાં લાકડાં કાપી આપવાનું શું લઈશ?' 'સત્તર રૂપિયા આપજો શેઠ' કઠિયારાએ થોડી વાર વિચારીને જવાબ આપ્યો અને ટ્રસ્ટીએ એને કામ સોંપ્યું.

કઠિયારો પૈસા લેવા આવ્યો ત્યારે સહજ ભાવે બોલ્યો: 'ભારે કઠણ લાકડું છે શેઠ, આટલાં લાકડાં ચીરતાં મારો તો દમ ફૂટી ગયો.'

'લાકડું કઠણ નથી ગાંડા, તું ભાવ બોલવામાં ગોથું ખાઈ ગયો છે. એક ગાડું લાકડાનું ચિરામણ ૨૫ રૂપિયાથી ઓછું ના હોય. હું દર છ મહિને લાકડાં ચિરાવું છું એટલે મને ખબર હોય ને!' અને ટ્રસ્ટીએ કઠિયારાને ૨૫ રૂપિયા આપી દીધા.

ગરીબ માણસના અજ્ઞાન કે એની સરતચૂકનો ગેરલાભ ઉઠાવવાને બદલે એની મહેનતનો પૂરો બદલો આપવાની ભાવના એ ન્યાયવૃત્તિ છે. આપણે રીક્ષાનું ભાડું આપતાં મીટર જોઈને પૈસા ચૂકવી દઈએ છીએ, પણ આપણો માલસામાન માથે ઉપાડી ઘેર મૂકી જનાર મજૂરને પૈસા ચૂકવતી વખતે કયા મીટર સામે જોઈએ છીએ? એ સમયે જે મીટર સામે જોવાનું છે, એ ન્યાયવૃત્તિનું મીટર છે. સામા માણસના અધિકાર પર જરા પણ કાપ ન પડે એની સાવધાની રાખવી એ ન્યાયબુદ્ધિ છે.

ગુજરાતીમાં એક કહેવત છે. 'ન્યાય જોવો હોય તો મલાવ તલાવ જુઓ.' ધોળકામાં મલાવ પર પણ આ શબ્દો લખેલું બોર્ડ છે. જયસિંહ સિદ્ધરાજની માતા મીનલદેવીએ જ્યારે આ તળાવ બંધાવવું શરૂ કર્યું ત્યારે એના કિનારા પર એક ગણિકાનું ઘર હતું, એ ખરીદી લેવાની માગણી કરવામાં આવી પણ ગણિકાએ ઘર વેચવાની ના પાડી. રાજમાતાએ ધાર્યું હોત તો ગણિકાનું ઘર જોરજુલમથી પડાવી લઈ શકાત, અને પ્રજાકલ્યાણ માટે તળાવ બંધાતું હતું એટલે ઘણાના લાભ માટે એક વ્યક્તિના નુકસાનને કોઈ ખાસ મહત્ત્વનું ન ગણત, પરંતુ ન્યાયપ્રિય રાજમાતાએ તળાવનો ગોળાકાર બગડવા દીધો પણ ગણિકાને અન્યાય ન કર્યો.

ભારતના ઇતિહાસમાંથી ન્યાયપ્રિયતાનાં આવાં ઘણાં દૃષ્ટાંતો મળી આવે છે. મોગલ બાદશાહ જહાંગીર તો એના અદલ-ઈન્સાફ માટે જગમશહૂર છે જ. એની બેગમ નૂરજહાંએ અજાણતા ધોબીને મારી નાખ્યો અને ધોબણ ફરિયાદ કરવા આવી ત્યારે એણે ધોબણના હાથમાં બંદૂક આપી કહ્યું હતું, 'બેગમે તારા ધણીને મારી નાખી તને વિધવા બનાવી છે તો તું એના ધણીને મારી નાખી એને વિધવા બનાવ.'

પણ માણસની ન્યાયપ્રિયતા ઘણી વાર આત્મવંચના રૂપ હોય છે. કોઈ માણસ સતત ન્યાય મેળવવાનો આગ્રહ રાખતો હોય તો એનો અર્થ એમ ન સમજવો કે એનામાં ન્યાયવૃત્તિ છે. ખરેખર તો એક અંગ્રેજ લેખક કહે છે એમ 'મોટા ભાગના માણસોનો ન્યાય માટેનો પ્રેમ એ માત્ર પોતાને અન્યાય થઈ જવાનો ભય જ હોય છે.' (Love of justice in most men is no more than the fear of suffering injustice) આપણી કોર્ટોમાં મોટા ભાગના કેસો ન્યાય મેળવવા માટે નહિ, પણ પોતાને થનાર અન્યાયના ભયમાંથી બચવા માટે થતા હોય છે.

એમ તો વેર વાળવાની ઝંખના પણ એક પ્રકારની ન્યાયવૃત્તિ છે. અંગ્રેજ લેખક ફ્રાન્સીસ બેકન કહે છે કે, 'Revenge is a kind of wild justice.' માથા સાટે માથું લેવાની આદિમવૃત્તિ પણ એક પ્રકારની ન્યાયવૃત્તિ છે, પણ એ જંગલનો ન્યાય છે.

એથી ન્યાયવૃત્તિનો અર્થ બરાબર સમજી લેવાનો છે. જે ન્યાય માગે છે એ માણસમાં ન્યાય પ્રત્યે પ્રેમ છે એમ માનવામાં જોખમ છે. જે સામી વ્યક્તિને ન્યાય આપવાનો આગ્રહ રાખે છે એનામાં સાચી ન્યાયપ્રિયતા છે એમ ચોક્કસ કહી શકાય. સાચા ન્યાયી માણસ તો એમ જ કહે છે કે, 'ભલે તમે મારી દલીલનો વિરોધ કરતા હો પણ વિરોધ કરવાના તમારા એ અધિકાર માટેની લડતમાં હું તમને સાથ આપવા તૈયાર છું.'

લોકશાહીમાં જીવવું હોય તો પ્રત્યેક નાગરિકે ન્યાયથી વર્તવું જોઈએ. એ સિવાય માત્ર સત્તાધિકાર મળવાથી લોકશાહી સિદ્ધ થઈ શકે નહિ, બસસ્ટેન્ડ પર લાઈનમાં ઊભા રહેવાથી આરંભી નોકરી મેળવવા સુધીનો પ્રત્યેક અધિકાર ભોગવતાં આપણે જો એટલું લક્ષ્યમાં રાખીએ કે આપણને બીજાના અધિકારના ભોગે તો આપણો હક્ક પ્રાપ્ત થયો નથી ને! તો જ આપણામાં ન્યાયપ્રિયતા છે એમ કહી શકાય.

ન્યાય આપવા બેસનાર નિષ્પક્ષપાત હોવો જોઈએ, પણ એનો અર્થ એ નિર્મમ હોવો જોઈએ એવો નથી. ખરેખર તો જેનામાં આખી માનવજાત માટે અપાર કરુણા ભરી હોય એ જ સાચો ન્યાય આપી શકે. પણ કરુણાનો અર્થ સ્વાર્થ કે સગાંવાદ નથી. મક્કાના એક ખલીફાએ પોતાના એકના એક દીકરાને ન્યાય ખાતર મરવા દીધો હતો. ઈસ્લામ ધર્મના આદેશ મુજબ આ ખલીફાના શાસનમાં દારૂ પીનારને ૫૦ ફટકાની સજા કરવામાં આવતી હતી. આ કડક કાયદાને જરા હળવો બનાવડાવવા કેટલાક દુષ્ટ લોકોએ ખલીફાના પુત્રને જ દારૂની સોબતે ચડાવી દીધો અને પછી એને ખલીફા પાસે દારૂ પીધેલી હાલતમાં ધરી દીધો. લોકોને એવો ખયાલ હતો કે ખલીફા પોતાના એકના એક પુત્રને તો સજા નહિ જ કરે, પણ ખલીફાએ તો શાહજાદાને પણ પચાસ ફટકાની સજા કરી. કોમળ વયનો શાહજાદો ફટકા સહન ન થવાથી મૃત્યુ પામ્યો. પણ ખલીફાએ પુત્રનો ભોગ આપીને યે 'ઈન્સાફ'નો દાખલો બેસાડ્યો. ન્યાય અમૂલ્ય ચીજ છે. એના માટે ખર્ચાતી સંપત્તિ કે અપાતો ભોગ હમેશાં ઓછાં જ હોય છે.

અંગ્રેજો જેવી ન્યાયપ્રિય પ્રજા બીજી કોઈ નથી એમની રચેલી કોર્ટોમાં માનુષી મર્યાદાઓ પ્રવેશી જતી હશે પણ ન્યાય આપવાની તત્પરતામાં એ પ્રજા કદી પાછી પડી નથી. એમના ન્યાયમાં રાય કે રંકનો ભેદ હોતો નથી. આપણા દેશમાં ગવર્નર જનરલ તરીકે અનેક કાળાંધોળાં અને જુલમો કરનાર વોરન હેસ્ટિંગ્સે અંગ્રેજ સલ્તનતના વિસ્તાર માટે જ એ કામો કર્યાં હતાં, તેમ છતાં એ સ્વદેશ ગયો ત્યારે એના પર કેસ ચલાવવામાં આવ્યો હતો. અને એ સમયના જાણીતા સંસદ્ સભ્ય એડમંડ બર્કે એનાં કૃત્યો માટે એના માથે માછલાં ધોવામાં પાછી પાની કરી નહોતી.

એથી તો અંગ્રેજીમાં એક કહેવત પડી છે કે 'Let justice be done though the world Perish.' ભલે આખું જગત નાશ પામે પણ ન્યાય તો થવો જ જોઈએ.

પણ ન્યાય માગવાનો સંસ્કારી માર્ગ સત્યાગ્રહ છે ગાંધીજીએ આપણને અહિંસાના ઉત્તમ હથિયારથી અન્યાયનો સામનો કરવાનો રસ્તો બતાવ્યો છે એ હથિયારથી ન્યાય માગી શકાય.

ગાંધીજી એમના રોજિંદા વ્યવહારમાં યે ન્યાયના મૂળભૂત સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૨)



ભગવદ્ વૈતાલિક અને સાધક

સ્વ. દિલીપકુમાર રાય

લેખક · પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર

બંગ-સાહિત્યમાં શેક્સપીઅરનું બિરુદ પામનાર, તેજસ્વી નાટ્યકાર, સુકવિ, રાષ્ટ્ર-સેવક અને સાંસ્કૃતિક સમુત્થાનની ભેરી વગાડનાર, દ્વિજેન્દ્રલાલ રાય જેવા યશસ્વી પિતાના સુપુત્ર, સૌમ્ય સ્મિતવદન, બાલક જેવા સરળ ને સહજ, સુકવિ, સુગાયક, તત્ત્વચિંતક અને સાધક, દિવ્યજીવન-પંથના યાત્રી શ્રી અરવિન્દના સુશિષ્ય દિલીપકુમાર રાયનું ગયા જાન્યુઆરી માસમાં અવસાન થયું.

પોતાના ગુલાબી બાલ્યકાલમાં દિલીપકુમારને રાષ્ટ્રપ્રેમ ને સંસ્કાર-સમૃદ્ધ વાયુ મંડળથી અનુપ્રાણિત એવું પર્યાવરણ પ્રાપ્ત થયું. બાળક દિલીપકુમારે પોતાના જ પિતાનું રચેલું રાષ્ટ્રપ્રેમનું એક ગીત 'ભારત-માતા' (ધન ધાન્યે ભરા આમાદેર વસુન્ધરા) વારંવાર સાંભળ્યું હતું. તે દિવસોમાં બંગાલના તરુણો આ લોકપ્રિય ગીતને ગાઈગાઇને દેશને પ્રબુદ્ધ કરી રહ્યા હતા. પ્રબલ દેશભક્તિના જયઘોષોથી બંગાલ ત્યારે ગાજી રહ્યું હતું. હાટેહાટે અને વાટેવાટે દેશપૂજાની ચર્ચા થઈ રહી હતી. અને ખેતર-ખલીઓ તથા વાડીઓ સુધી માતૃપૂજાનાં મંગલ ગીતોના પ્રતિધ્વનિ ગુંજતા હતા.

એમના પૂર્વજોમાં એક સાધુપુરુષ અદ્વૈત ગોસ્વામી હતા. અને પિતામહ કે. સી. રાય એક સારા સંગીતશાસ્ત્રી હતા. પિતા દ્વિજેન્દ્રલાલ રાય સન ૧૯૧૩માં સ્વર્ગવાસી થયા ત્યારે દિલીપકુમારની ઉંમર સોળ વર્ષની હતી. પ્રથમ વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું અને ત્યારે તરુણ દિલીપકુમારનું મન ગણિતશાસ્ત્ર અને સંગીતશાસ્ત્રના અભ્યાસમાં તલ્લીન હતું. ૧૯૧૮માં તેઓ વિજ્ઞાન વિષય લઇને કલકત્તા વિશ્વવિદ્યાલયની બી.એ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા પણ એમને સંગીત અને સાહિત્યમાં વિશેષ અભિરુચિ હતી. આધ્યાત્મિક પંથે જવાની ઝંખના પણ હતી. તે પહેલાં ઠેઠ ૧૯૧૦માં કલકત્તાથી સોળ માઈલ દૂર આવેલા શ્રી દક્ષિણેશ્વરમાં રામકૃષ્ણ પરમહંસના નિવાસગૃહનાં દર્શન પછી એ માર્ગે જવાનો અને બ્રહ્મચારી રહેવાનો એમણે વિચાર કર્યો હતો.

પોતાની તરુણાઈના દિવસોનું આલેખન કરતાં દિલીપકુમાર પોતાની આત્મકથા 'પિલગ્રિમ્સ ઑાવ સ્ટાર્સ'માં લખે છે:

'મારા પિતાજી વારંવાર કહેતા કે તેઓ પોતાના પુત્ર માટે ગૌરવ ધરાવે છે. એમણે મને આપણા પ્રાચીન મહાગ્રંથો રામાયણ અને મહાભારત વાંચવાની પ્રેરણા આપી. એ વાંચી મારાં રોમેરોમમાં ઉત્સાહ જન્મતો. પછી આપણા પુરાણોના ભંડારો તરફ હું વળ્યો. વીરકથાઓ, અને સંતવાર્તાઓ વાંચી ગયો. પરિણામે કિશોર અવસ્થામાં જ હું પ્રૌઢ જેવો બની ગયો. આ બધું સાહિત્ય વાંચવાથી મને સંસ્કૃત ભાષા પ્રત્યે પ્રેમ જાગ્યો.'

દિલીપના તરુણકાલીન કૉલેજમિત્રોમાં એક સુભાષચંદ્ર બોઝ હતા. જેમને વિષે આગળ જતાં એમણે 'નેતાજી, ધ મૅન' નામનું પુસ્તક પણ લખ્યું છે. નેતાજીના આદર્શો, સસ્કાર, ચારિત્ર્ય અને સ્વામી વિવેકાનંદની જેમ માતૃભૂમિની સેવા કરવાની આકાંક્ષાથી દિલીપકુમાર સારી રીતે પ્રભાવિત થયા હતા. ઈ. ૧૯૧૯માં દિલીપકુમાર વધુ વિદ્યાધ્યયન માટે લંડન ગયા. દૃષ્ટિ અને રુચિનો ભેદ હોવા છતાં સુભાષચંદ્ર સાથેની તેમની મિત્રતા પ્રગાઢ બની. એમને વિષે દિલીપકુમાર લખે છે:

'વ્યક્તિઓ અને ઘટનાઓ વિષે અમે ગરમાગરમ ચર્ચા કરતા. પક્ષ વિપક્ષની યુક્તિઓ કરતા. છતાં અમારી વચ્ચેનો સ્નેહ વધતો ગયો. મને લાગતું હતું કે મતભેદ છતાં મિત્રતા વિકસે છે. તરુણાઈના આદર્શોની સુદૃઢ ચટ્ટાન ઉપર અમારી બંધુતાનો પાયો ચણાયો હતો. દિવ્યતત્ત્વની ખોજ અને તેની પ્રાપ્તિ મારું ધ્યેય હતું. સુભાષચંદ્રની ભાવના હતી માતૃભૂમિની સેવાની. અંગ્રેજોનાં બંધનથી ભારતવર્ષને મુક્ત કરવાના અમારા સમાન આદર્શે અમારી મિત્રતાને દૃઢ રાખી હતી.'

એકવીસ વર્ષની ઉંમરમાં દિલીપકુમાર એક સુખી તરુણ હતા. પૂરા આત્મવિશ્વાસ સાથે આશાપૂર્ણ ઉજ્જ્વલ ભવિષ્યની ઝાંખી લેતા નવયુવાન. દ્વિજેન્દ્રલાલ જેવા કીર્તિમંત પિતાના એક માત્ર પુત્રના રૂપમાં સફળતા એમને માટે સરળ હતી, બલ્કે સ્વાભાવિક હતી. એમની વ્યક્તિગત યોગ્યતાઓ અને ક્ષમતાઓ અનેક પ્રકારની હતી. મધુર ગીતોથી ભરેલો કંઠ, મુગ્ધકર વ્યાખ્યાન ચાતુરી, સરકારી નોકરી, કલાસાધના, વિદ્યોપાસના, તથા રાજનીતિ વગેરેનાં અનેક ક્ષેત્રોમાં એમનો પ્રવેશ સ્વાભાવિક હતો. આમાંની પ્રવૃત્તિઓમાંથી કોઈ પણ એકને સ્વીકારીને તેઓ બીજા રમેશચંદ્ર દત્ત કે ડૉક્ટર ગણેશપ્રસાદ જેવા ગણિતાચાર્ય કે તેજોદીપ્ત સુભાષચંદ્ર બની શકે તેમ હતા, પરંતુ એમણે તો પોતાનો નિરાળો પંથ અપનાવ્યો, એમણે દિલીપકુમાર બનવાનો જ નિશ્ચય કર્યો.

તરુણ દિલીપકુમાર સાંસ્કારિક દૃષ્ટિએ આસાનીથી સુખી મનુષ્ય બની શકતા હતા, પરંતુ એમણે તે તરફ જવાનું પસંદ નહિ કર્યું. એમના મનમાં વિવિધ પ્રશ્નો ઊઠતા હતા. તે પ્રશ્નોથી એમનું અંતર વિચલિત થઈ બોલી ઊઠતું: 'આખર આ સંગીત, આ ગણિત, આ કવિતા અને આ રાજકારણથી શો લાભ થશે? એ મને ક્યાં લઈ જશે?' દિલીપકુમારની ચેતના 'સનાતન' પ્રશ્નોમાં વ્યસ્ત રહેતી હતી. હે ભગવાન્, ભવિષ્યત્, ભાગ્ય અને ઇચ્છાના વિષયમાં સંકલ્પ-વિકલ્પ કરતી હતી.

એમણે નક્કી કર્યું જ્યાં સુધી સંદેહ-જાળથી મુક્ત ન થવાય ત્યાં સુધી વિશ્રામ કરવો નહિ. આમ, ઈ. ૧૯૧૯ની આસપાસ એમની આધ્યાત્મિક સાધનાનો પ્રારંભ થયો.

પિતા દ્વિજેન્દ્રલાલ રાયના જીવનનાં પાછલાં વર્ષો એક પ્રકારના માનસિક વિષાદથી આચ્છન્ન થઈ ગયાં હતાં. કોઈ અભાગી ગેરસમજને લીધે એમનામાં અને કવિવર રવીન્દ્રનાથ ઠાકુર વચ્ચે મનદુ:ખ થઈ ગયું હતું. દિલીપકુમાર બંગદેશના આ બે મહાન સાહિત્યશિલ્પી પરિવારની બંધુતા અને સૌહાર્દને પુન: સ્થાપિત કરવા માટે ઘણા ઉત્સુક હતા. સાહિત્ય-સમ્રાટ શરદચન્દ્ર ચટ્ટોપાધ્યાયે પૂરી સદ્ભાવના સાથે આ મિલાપ માટેની જોગવાઈ કરી. તરુણ દિલીપકુમાર બહુ સંકોચ સાથે ખંચાતાખંચાતા કવીન્દ્ર રવીન્દ્રનાથ સાથે વાર્તાલાપ કરવા આગળ આવ્યા. પ્રથમ દૃષ્ટિપાતથી જ દિલીપકુમાર સ્નેહવિમુગ્ધ બની ગયા. કવિવરેણ્યના લાક્ષણિક સૌજન્ય અને મોહક વ્યક્તિત્વે દિલીપને પોતાને વશ બનાવી લીધો. આમ, ઘણી સરળતાથી આ બન્ને પ્રતિષ્ઠ પરિવારોની ફરીથી બંધુતા બંધાઈ ગઈ.

દિલીપકુમારની આત્મસાધના ચાલુ રહી. એમણે યુરોપથી જ્ઞાનયાત્રા શરૂ કરી. આ યાત્રામાં એમણે યુરોપના ઉચ્ચ કોટિના મનીષીઓ સાથે મુલાકાતો અને 'સનાતન' પ્રશ્નોની ચર્ચા કરી. ફ્રાન્સના મહાન ચિંતક અને સાહિત્યકાર રોમાં રોલાંની નવલકથા 'જયાં ક્રિસ્તોફ' વાંચી એ અંજાઈ ગયા. સંગીત દ્વારા સાચી કલાને મૂર્ત કરવાના એમના ઉચ્ચ આદર્શોથી મુગ્ધ બની તેઓ સ્વિટ્ઝરલૅન્ડ ગયા ને આ મહાન પ્રતિભાશાળી નવલકથાકાર સાથે છ વખત ચર્ચાઓ કરી. સંગીતની સાધના તરફ પોતાને વાળવા માટે દિલીપકુમારે રોમાં રોલાંનું ઋણ સ્વીકાર્યું છે.

લંડનમાં આઈ. સી. એસ.ની પરીક્ષામાં બેસવાનું તેમણે માંડી વાળ્યું. ગણિતની પરીક્ષાના પહેલા ભાગમાં સફળ થયા. પછી તેમણે સંગીતની સ્પેશિયલ પરીક્ષા પાસ કરી. ત્યાર પછી જર્મની જઈ વાયોલિન અને ગીતો ગાવાની તાલીમ લીધી. યુરોપીય સંગીતનો એમણે એટલા માટે અભ્યાસ કર્યો કે જેથી ભારતીય સંગીતમાં જર્મન અને ઈટાલિયન સંગીતનો જુસ્સો ઉમેરી શકાય. યુરોપમાં એમણે વ્યાખ્યાનો આપીને પશ્ચિમી પ્રજાને ભારતીય સંગીતમાં રસ લેતી કરી.

યુરોપની આ જ્ઞાનયાત્રામાં આયરિશ સુકવિ ડબ્લ્યૂ બી. યીટ્સ, આંગ્લ દાર્શનિક બર્ટ્રાન્ડ રસેલ, આંગ્લ કલાકાર રોથેનસ્ટાઈન વગેરે મૂર્ધન્ય મનીષીઓ અને વિચારકોને દિલીપકુમારે એક મહત્ત્વનો પ્રશ્ન પૂછયો; 'સત્યોનું સત્ય શું છે?' આ બધા મેધાવીઓના વ્યક્તિત્વના પ્રભાવથી એમના મનમાં અનેક વિચારોને પ્રબુદ્ધ કર્યા. પરંતુ કોઈના ઉત્તરોથી આ પથાન્વેષી સાધકને શાંતિ કે સમાધાન મળ્યાં નહિ. સમસ્યા પૂર્વવત્ બની રહી. એમનું ચિત્ત જીવનના વિષાદો, વિસંવાદો, વિસંગતીઓ અને વ્યથાઓથી વ્યાકુલ રહેતું. દિલીપકુમારને એ જોઈ ખૂબ ખેદ થતો હતો કે માનવજાતિ પ્રાય: અચ્છાઈની અપેક્ષા બુરાઈને, સત્યને સ્થાને અસત્યને તથા પ્રકાશની જગ્યાએ અંધકારને પસંદ કરે છે.

યુરોપની ત્રણ વર્ષની યાત્રા પછી દિલીપકુમાર ભારત આવ્યા. ભારતમાં બંગાળી, હિંદી, સંસ્કૃત, જર્મન, ફ્રેંચ, ઈટાલિયન સંગીત દ્વારા એમણે શ્રોતાઓને મુગ્ધ કર્યા. ભારતીય અને પશ્ચિમની સુરાવલીઓના મિશ્રણ વિષે એમણે કાર્ય કર્યું, પરંતુ પછી તો ભક્તિ-સંગીત જ એમનો પ્રાણ બની ગયું. એમણે રાજકીય કેદીઓ, ગરીબો અને અભ્યાસ માટે વિદેશ જનારા કલાકારોના લાભાર્થે કાર્યક્રમો આપ્યા.

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના આમંત્રણથી દિલીપકુમારને શાંતિનિકેતનમાં સંગીત શીખવવાનું સદ્ભાગ્ય મળ્યું, ભારતીય સંગીતનું વિશેષ અધ્યયન કરવાનું એમણે નક્કી કર્યું.

ઈ. ૧૯૨૪માં પૂનામાં દિલીપકુમારે મહાત્મા ગાંધીજીનાં દર્શન કર્યાં મહાત્માજી પોતાના ઑપરેશન પછી પૂનામાં વિશ્રામ લઈ રહ્યા હતા. દિલીપકુમારે જ્યારે ગાંધીજી સમક્ષ મીરાબાઈનું 'મને ચાકર રાખોજી' ગાયું ત્યારે ગાંધીજી એ સાંભળી ગદ્ગદ્ બની ગયા હતા.

યુરોપ અને ભારતના અતિ ઉચ્ચ કોટિના મનીષીઓ અને કલાકારો સાથે, જીવન, જગત્, સંગીત, અધ્યાત્મ, કલા અને સાંસ્કૃતિક વિષયો પરત્વે દિલીપકુમારની જે લાંબી મુલાકાતો અને ચર્ચાઓ થઈ હતી તેના દોહન રૂપે એમણે બંગ ભાષામાં 'તીર્થસલિલ' નામની ખૂબ સરસ અને અવશ્ય:સંયોગ્ય ચોપડી લખી છે. અંગ્રેજીમાં આ વાર્તાલાપો 'એમંગ ધ ગ્રેટ' નામથી ગ્રંથસ્થ થયા છે અને હિંદીમાં 'મહાપુરુષો કે બીચ મેં' નામથી ભાષાંતરિત થયા છે.

વિદેશમાંથી ભારતમાં આવ્યા પછી એક વિશેષ ઘટના બની. લખનૌ વિશ્વવિદ્યાલયના એક વિદ્વાન ને અધ્યાત્મ-પ્રેમી અંગ્રેજ સજ્જન સાથે દિલીપકુમારનો મેળાપ થયો. આ પ્રસંગને એમણે પોતે જ 'તીર્થસલિલ'-માં આ પ્રમાણે વર્ણવ્યો છે :

શ્રી અરવિંદના ગીતા-પ્રબંધના વિષયમાં સૌથી પહેલાં મેં મિત્રવર શ્રીકૃષ્ણપ્રેમ પાસેથી સાંભળ્યું. એમનું મૂળ નામ તો રોનાલ્ડ નિક્સન હતું. તેઓ લખનૌ યુનિવર્સિટીમાં અંગ્રેજી સાહિત્યના પ્રાધ્યાપક હતા. પછીથી તેઓ સંન્યાસી બની ગયા હતા અને હિમાલયમાં અલમોડા મુકામે આશ્રમ બનાવી સાધના કરતા હતા. એમણે મને કહ્યું કે ગીતાની આવી ઉજ્જવલ અને ગંભીર વ્યાખ્યા મેં આજ સુધી વાંચી નથી. ત્યાર પછી શ્રી અરવિન્દના ગીતા-પ્રબન્ધ, યોગ-સમન્વય, કવિતાનું ભવિષ્ય, દિવ્યજીવન અને માતા—આ બધા ગ્રંથો અંગ્રેજીમાં વાંચી નાખ્યા. સૅંકડો સ્વદેશીય મિત્રોમાંથી ત્યાર સુધી મેં કોઈની પાસેથી શ્રી અરવિન્દ વિષે કંઈ પણ સાંભળ્યું ન હતું. સૌથી પહેલાં એક વિદેશી મિત્ર દ્વારા મને શ્રી અરવિન્દનો પરિચય મળ્યો. મેં પોંડિચેરી જવાનો સંકલ્પ કર્યો.

તે વખતે હું ગાન-વિદ્યાની શોધમાં આખા ભારતમાં પરિભ્રમણ કરી રહ્યો હતો અને 'ભ્રામ્યમાણેર દિન-પંજિકા' નામથી ડાયરી લખતો હતો. સંગીત વિષે ભાષણો પણ આપતો હતો. આ બધું છોડીને ૧૯૨૪ના જાન્યુઆરી માસમાં હું પોંડિચેરી પહોંચી ગયો.

તા. ૨૫ જાન્યુઆરી ૧૯૨૪, સમય પ્રાત:કાલ. શ્રી અરવિન્દ ઓસરીમાં એક ખુરશી પર બેઠા હતા, હું પ્રણામ કરીને બેસી ગયો. અમારી વચ્ચે એક ટેબલ હતું.

સૌમ્ય અને પ્રશાંત મૂર્તિ. આવી સ્થિર અને પ્રગાઢ શાંતિની આભા કોઈનાં નયનોમાં મેં કદી જોઈ ન હતી. દાઢી અને મૂછ સઘન ન હતી, પરન્તુ કેશ ખભા ઉપર ઝૂમી રહ્યા હતા. શરીર પર કેવળ ચાદર હતી. પગ ખુલ્લા હતા. શ્રી અરવિન્દ થોડા સમય સુધી મને નિહાળતા રહ્યા. મારા અંતરમાં કેવાકેવા ભાવોના તરંગો ઊઠી રહ્યા હતા તે હું પ્રકટ કરી શકતો ન હતો. માત્ર આટલું જ કહી શકું કે આવી દૃષ્ટિ આજસુધી મારાં લોચનોએ જોઈ ન હતી. જે કંઈ પણ હોય, પણ ઘણા પ્રયાસ પછી મારી જાતને વ્યવસ્થિત કરીને મેં કહ્યું: 'હું જાણવા માટે આવ્યો છું કે મને તમારા યોગમાં કોઈ પ્રકારની દીક્ષા મળી શકશે કે કેમ?'

શ્રી અરવિન્દે શાંત સ્વરમાં કહ્યું: 'પહેલાં તો તમે ખૂબ વ્યવસ્થિત થઈને મને કહો કે તમને શું જોઈએ, અને શા માટે તમે મારા યોગમાં દીક્ષા લેવાની ઇચ્છા રાખો છો.'

જેમતેમ સ્થિર થઈને અને શબ્દોને વ્યવસ્થિત કરીને મેં કહ્યું : મારે એ પૂછવું છે કે જીવનનું ધ્યેય શું છે? તેને હું માત્ર જાણવા માગતો નથી, પામવા પણ ચાહું છું.'

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૨)

હાડમારી

લેખક
અશ્વિન દેસાઈ

નાઇરોબીથી મહામુસિબતે એર-ઇન્ડિયાની ટિકિટ મળી. અને પ્લેનમાં બેઠો ત્યારે હાશ થઈ. પ્લેન ઊપડવાની તૈયારી કરવા લાગ્યું અને મને વિચાર આવ્યો કે શાંતિલાલને તાર પહોંચી ગયો હશે કે નહિ? જો તાર મળી ગયો હશે તો તો તરત જ શાંતિલાલે રસોડામાં જઇને ઉત્સાહથી કહ્યું હશે:

'સાંભળો છો કે? આપણો મનુ આફ્રિકાથી આવે છે!'

'કોણ મનુ?' કમળાબેને જાણીજોઇને સહેજ અજાણ્યા થઇને પૂછ્યું હશે.

'લો સાંભળો! મનુને ઓળખતાં નથી?' શાંતિલાલને ખરેખર આઘાત લાગ્યો હશે. કમળાબેન વધુ રસ લીધા વિના પાછાં પોતાને કામે વળગી ગયાં હશે એટલે નાછૂટકે શાંતિલાલને ખુલાસો કરવો પડ્યો હશે: 'આપણો મનિયો વળી! આપણે સામે બારણેવાળો!'

'ઓ હો! એટલે કે તમારા વહાલા ગામનું સગપણ, એમ ને?' કમળાબેને આદત મુજબ કટાક્ષ કર્યો હશે.

શાંતિલાલને નહિ ગમ્યું હોય. મૂગે મોંએ તારની ઘડી બરાબર વાળીને એણે કફનીના ગજવામાં મૂકી હશે અને ઘડિયાળમાં જોયું હશે.

પ્લેન ઉપડતું હોય એમ લાગ્યું એટલે વિચારમાળા તૂટી.

'વુડ યુ લાઈક ટુ હેવ?' સામે મોહક સ્મિત વેરતી એર હોસ્ટેસ પિપરમીટનું બૉક્સ લઇને ઊભી હતી.

'નો. થેંક્સ.' કોને ખબર કેમ પણ મને લેવાનું મન ન થયું. એર-હોસ્ટેસ પીઠ ફેરવીને ચાલી ગઈ.

ગામથી નીકળ્યાંને વરસો થઈ ગયાં હતાં. હવે કદાચ બધું જ બદલાઈ ગયું હશે! મનમાં એક અજબ પ્રકારનો અજંપો હતો. મને ઊંઘ આવતી નહોતી. બીજા પ્રવાસીઓમાંથી ઘણા ઝોકાં ખાવા લાગ્યા હતા. બૅગમાંથી એક અંગ્રેજી પુસ્તક કાઢીને વાંચવાનો પ્રયાસ કરી જોયો, પણ મન ન લાગ્યું. પછી ક્યારે ઊંઘ આવી ગઈ તે ખબર ન પડી. ઝબકીને જાગ્યો ત્યારે લૅન્ડિંગનો સિગ્નલ અપાઈ ચૂક્યો હતો. હું સહેજ સ્વસ્થ થયો અને આજુબાજુ નજર કરી. લગભગ બધા જ પ્રવાસીઓ ઊતરવા માટે તૈયારી કરી રહ્યા હતા.

પ્લેન ભારતની ભૂમિ ઉપર ઊતરવા લાગ્યું. મેં કાચમાંથી બહાર નજર કરી. સવારનો આછો તડકો પણ અમારી સાથે જ જમીન ઉપર ઊતરી રહ્યો હતો. સીડી ઊતરતાંઊતરતાં ઍરપૉર્ટની અગાશી તરફ નજર કરી. ઘણા માણસો આતુરતાથી વિમાન તરફ જોઈ રહ્યા હતા. કદાચ શાંતિલાલ પણ હશે જ ને? મને થયું અને હું ધ્યાનથી જોતોજોતો કસ્ટમ્સ તરફ ચાલવા લાગ્યો. થોડેક ગયો એટલે શાંતિલાલનાં કફની-પાયજામો દેખાયાં! શાંતિલાલ હવામાં હાથ ઊંચા કરીને આનંદથી હરખાતો જોઈ શકાતો હતો! મેં પણ હાથ ઊંચો કર્યો. શાંતિલાલ વધુ ને વધુ જોરથી રૂમાલ ફરકાવવા લાગ્યો.

કસ્ટમ્સમાં દાખલ થતાં મને થયું કે કદાચ શાંતિલાલ અર્ધો કલાકથી ઊભો હશે અને હજી અહીં કેટલો સમય લાગશે તેની કોને ખબર છે?

અને ખરેખર ત્રણેક કલાક પછી હું કસ્ટમ્સની બહાર નીકળ્યો ત્યારે થાકીને લોથ થઇ ગયો હતો, પણ શાંતિલાલના ચહેરા ઉપરનો થાક સ્મિત વડે ઢંકાઈ ગયો હતો! બહાર નીકળતાં જ શાંતિલાલ મને ભેટી પડ્યો. એની આંખોમાં હરખનાં આંસુ દેખાયાં.

'કેટલાં વરસે આવ્યો, મનુ?'

'તું ક્યારનો આવીને ઊભો છે અહીં?' મેં સહેજ ચિંતાથી પૂછ્યું તો શાંતિલાલ હસ્યો. 'તેં વરસો સુધી તપ કર્યું તો અમારાથી થોડા કલાકો ન તપાય?'

'અરે, પણ હું તો કમાવા માટે ગયો હતો!'

'તો શું થયું? તારે ય અમારાથી જુદા તો થવું જ પડયું ને!'

શાંતિલાલને જુદાઇનો વસવસો હતો એ જોઇ શકાતું હતું. રસ્તે ટૅક્સીમાં અલક-મલકની ઘણી વાતો થઈ. ઘરે પહોંચ્યા ત્યારે કમળાબેને માંદલું સ્મિત કર્યું. 'આવી ગયા મનુભાઈ?'

'હા. તમને તકલીફ આપવા.' મારાથી સહજ બોલાઈ ગયું.

'હોય કંઈ!' શાંતિલાલે મને ધબ્બો માર્યો. 'તું આવ્યો એ અમારે માટે તો આનંદનો અવસર છે! આવું ન બોલ!' શાંતિલાલ ગળગળો થઈ ગયો. મેં હાથ-મોં ધોઈ કાઢ્યાં એટલે કમળાબેને ચા મૂકી.

'શાંતિલાલ, કેમ ચાલે છે?' મેં અમસ્તું જ વિવેક ખાતર પૂછ્યું.

'જવા દો ને વાત!' કમળાબેને મોકો ઝડપી લીધો. 'દરેક જાતની રામાયણ જ છે! નોકરીમાં કંઈ શક્કરવાર વળતો નથી અને દિવસેદિવસે મોંઘવારી તો વધતી જ જાય છે! અને પૈસા ખરચતાંય આજે તો ઘાસલેટ નથી મળતું કે નથી મળતી ખાંડ! સવારના જે ડબ્બો લઇને અથડાતા-કૂટાતા જાય છે તે સાંજના સાત-આઠ વાગ્યે માંડ ઘર ભેગા થાય છે!'

મેં શાંતિલાલના ચહેરા સામે જોયું. એ મરકમરક હસતો હતો, ને પછી કંઈક બોલવું પણ જોઇએ એમ લાગતાં બોલ્યો: 'હોય એ તો! ચાલ્યા કરે! કંઈ ખાસ તકલીફ નથી!'

પણ બીજે દિવસે શાંતિલાલની ગેરહાજરીમાં કમળાબેન પાસેથી ઘણું જાણવા મળ્યું.

શાંતિલાલને કોઈ અજબ પ્રકારની તકલીફ શરૂ થઈ ગઈ હતી. રાત્રે કોઈ દિવસ સતત ઊંઘ આવતી નહિ. ઝબકીને જાગી જવું પડતું. અડ-મથલમાં જ રાત પૂરી થતી અને પાછલે પહોરે વહેલા ઊઠી જઈ દાતણ-પાણી કરતો; દરમિયાનમાં નળ આવી જતો એટલે પાણી ભરી લેતો. કમળાબેનને ભારે શરીરને લીધે પાણી ભરવામાં તકલીફ થતી. નાહીને પછી શાંતિલાલ સીધો પૂજામાં બેસી જતો. ખાંડ ખૂબ મોંઘી થઈ ગઈ પછી શાંતિલાલે ચા છોડી દીધી હતી. અગાઉ શાંતિલાલને ચાનું જબરું વ્યસન હતું તેનો મને અનુભવ હતો. ગામમાં શાંતિલાલ ઘરેઘર ફરીને ચા પીતો. કોઈ દિવસ ક્યાંય એણે ચાની ના પાડી હોય એવું યાદ નથી.

છોકરાંઓ મોટાં થયાં એટલે જગા પણ હવે ઓછી પડતી હતી. નવી જગા લેવાની સગવડ નહોતી. જૂનામાં કંઈ સુધારો વધારો થાય એમ નહોતો. એમ ને એમ જ ચાલતું હતું. કમળાબેનનાં દવા-દારૂ પણ ખાસ્સાં ચાલતાં હતાં. છોકરાંઓનો ભણવાનો ખર્ચ પણ વધી ગયો હતો. દૂધની બાટલી સવારમાં શાંતિલાલ જાતે જ લઈ આવતો. કામવાળી બાઈ ત્રણ રૂપિયા મજૂરી માગતી તે શાંતિલાલને ન પોસાતી. સવારમાં ઠંડીના દિવસોમાં થોડી તકલીફ પડતી. ચોમાસામાં મુશ્કેલી થતી, પણ શાંતિલાલ કોઈ દિવસ છોકરાઓને ન મોકલતો. સાંજે શાંતિલાલ મારી ભેગો શહેરમાં આવ્યો. મારે થોડી ખરીદી કરવાની હતી.

'શાંતિલાલ! તારે આફ્રિકા આવવું છે?' મારાથી સહજ જ રસ્તે પૂછાઈ ગયું.

શાંતિલાલ મૂછમાં હસ્યો. કંઈ બોલ્યો નહિ.

'બોલ? શું વિચાર છે?' મેં દૃઢતાથી પૂછ્યું.

'પછી?' શાંતિલાલે પૂછ્યું.

'પછી શું? કમાવાનું–ખાવા–પીવાનું, મજા કરવાની!' મેં હસીને કહ્યું. 'પણ, અહીં તો તારે અનેક જાતની હાડમારી ભોગવવી પડે છે! ત્યાં તો તને આરામ થઈ જાય ને! કોઈ વાતની ચિંતા જ ન રહે!' મેં ગંભીરતાથી સમજાવવા પ્રયત્ન કર્યો.

શાંતિલાલે ફરીથી જવાબમાં સ્મિત જ કર્યું. હું કંઈ વધારે દલીલ કરી ન શક્યો. મેં જે કંઈ ખરીદી કરી તે શાંતિલાલ જોતો રહ્યો. પછી ઘેર આવતી વખતે અમસ્તું જ મેં વિવેક ખાતર પૂછ્યું : 'તારે કંઈ લેવું હોય તો…'

'મારે શું લેવાનું હોય અહીંથી?' શાંતિલાલ બાળકની જેમ હસ્યો. મને નવાઈ લાગી. શાંતિલાલને કંઈ જ ખરીદવાનું નહિ હોય? કે પછી પૈસાની હાડમારીને લીધે મૂંઝાતો હશે? મેં અચકાતાં-અચકાતાં પૂછ્યું: 'શાંતિલાલ! કોઈ વાર તને પૈસાની ભીડ પડી હોય એવું બન્યું છે?'

'કેમ? તને કાગળ નથી લખતો એટલે?' શાંતિલાલ ખડખડાટ હસી પડ્યો.

'ના. પણ કોઈ વાર મુશ્કેલી તો ઊભી થતી જ હશે ને?'

'તને ત્યાં આફ્રિકામાં કોઈ વાર પૈસા ઘટી નથી પડતા?' શાંતિલાલે સામો પ્રશ્ન કર્યો.

'ઘટે છે. અમને પણ કોઈ વાર પૈસા ઘટે છે. પણ અમે મનમાં સમસમીને બેસી નથી રહેતા. કોઈ પાસે ઉધાર-ઉછીના માગી લાવીએ છીએ, અને કામ ચલાવીએ છીએ.'

'હું પણ મારા જેવા કોઈકને પકડીને કામ ચલાવું છું!' શાંતિલાલ ધીમેથી બોલ્યો.

'કેમ? અમને ન લખાય?' મેં સહેજ ગુસ્સાથી પૂછ્યું.

'લખાય! પણ એટલી નાની રકમ માટે તને લખવાનું સારુ ન લાગે!' શાંતિલાલે ગંભીરતાથી કહ્યું.

'તો મોટી રકમ માટે લખવું!'

'મોટી રકમની જરૂર ન હોય તો શું કામ લખવું?' શાંતિલાલ મૂછમાં હસ્યો.

એને જીતવો એ મુશ્કેલ હતું. મેં વાત બંધ કરી. અમે ઘેર આવ્યા. કમળાબેન અમારી રાહ જ જોતાં હતાં.

બે-ત્રણ દિવસ રહીને પછી હું ગામ જવા નીકળ્યો. શાંતિલાલે કહ્યું: 'જતી વખતે અહીં રહી શકાય એ રીતે આવજે.'

અને શાંતિલાલને 'હા' કહીને મેં ગાડી પકડી. થોડા દિવસ ગામમાં કાઢીને મેં શાંતિલાલને પત્ર લખ્યો. ફલાણા દિવસે હું આવું છું. શાંતિલાલ રજા લઈને ગાડી ઉપર લેવા આવ્યો. હું વઢ્યો : 'અહીં શું કામ લેવા આવ્યો?'

પણ એનો જવાબ તો મૂછમાં સ્મિત. રસ્તે શાંતિલાલે મને ઉત્સાહથી પૂછ્યું : 'કેમ ગામમાં મઝા આવી ને?'

'હા. બે-ચાર દિવસ સૂરત ભાઈને બંગલે પણ ગયો હતો.' મેં કહ્યું.

'એમ? બધાં મજામાં છે ને ત્યાં?'

'હા.' મેં ટૂંકો ઉત્તર આપ્યો એટલે શાંતિલાલે આંખો ઝીણી કરી. 'કેમ કંઈ બહુ આનંદમાં નથી જણાતો? કોઈ કંઈ બોલ્યું?'

'ના. પણ મુખ્ય પ્રોબ્લેમ જ્યોત્સ્નાનો છે! મેં ભાઈને વાત કરી કે જ્યોત્સ્નાને ભણવા માટે દેશમાં રાખવાની મારી ઇચ્છા છે. તો ભાઈએ શું જવાબ આપ્યો ખબર છે?'

'શું જવાબ આપ્યો?' શાંતિલાલે ચિંતાથી પૂછ્યું.

'કહે કે, કોઈ સારી હૉસ્ટેલ શોધીને તેમાં દાખલ કરાવી દે. તને ક્યાં પૈસાની ખોટ છે?'

'ખરેખર, એવું કહ્યું?' શાંતિલાલ રડવા જેવો થઈ ગયો.

'હા. હવે જુવાન છોકરીને એકલી હૉસ્ટેલમાં મુકાય? મેં કહ્યું કે હું તમને ખરચો આપી દઈશ અને જ્યોત્સ્ના તમારે બંગલે રહેશે, તો કહે કે તારી ભાભીની તબિયત સારી નથી રહેતી!'

હું ચૂપ થઈ ગયો. થોડી વારે શાંતિલાલ બોલ્યો : 'જ્યોત્સ્નાને ફાવતું હોય તો મારા ઘેર મૂકી જજે. હું રાખીશ.'

હું શાંતિલાલના ચહેરા સામે જોઈ રહ્યો. એના નિખાલસ સ્મિત પાછળ એની જિંદગીની કઠણાઈઓ દબાઈ ગઈ હતી! □

અનુસંધાન] ગુજરાતી સાહિત્યનો આસ્વાદ [પૃ. ૧૬૩થી

જીવરામ ભટ્ટ રતાંધળા છે, સાસરે પત્નીને તેડવા જાય છે, અનેક છબરડા કરે છે, છતાં પોતે દેખતા હોવાનું તેમ જ પોતાના જ્ઞાનનું મિથ્યાભિમાન મેલતા નથી. અને છેવટે પોતાના મિથ્યાભિમાનની સજા ભોગવે છે. પ્રહસનમાં કોઈકને ઘણી વાર મુખ્ય પાત્રને મૂર્ખ દર્શાવવાનો પ્રપંચ હોય છે. તેમાં અંગત પ્રહાર-આક્ષેપ પણ હોય. એમાં પાત્ર અને સંવાદ પરિસ્થિતિને વશવર્તીને ચાલતાં હોય છે. પરિસ્થિતિ પણ અત્યુક્તિ ભરી, અસંભવિત લાગે તેવી હોય છે. 'મિથ્યાભિમાન' નાટકમાં જીવરામ ભટ્ટ અનેક ચિત્રવિચિત્ર અને અપ્રતીતિકર લાગે તેવી પરિસ્થિતિમાંથી પસાર થતા લેખકે દર્શાવ્યા છે, અને એ દ્વારા એમના મિથ્યાભિમાન પર તેમ જ એમની ધૂર્તતા પર પ્રકાશ નાખ્યો છે. શ્રી યશવંત શુક્લે યોગ્ય જ કહ્યું છે : 'જીવરામ ભટ્ટનું પાત્ર મૂર્ખતા અને ધૂર્તતાના વિચિત્ર રસાયણસમા મિથ્યાભિમાનીનું અમર દૃષ્ટાંત બની ગયું છે.' (ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, પૃ. ૩૬.) લેખકે આ નાટકમાં હાસ્યનાં અનેક સ્તરો યોજ્યાં છે. સ્થૂલ હાસ્ય તો જીવરામ ભટ્ટના છબરડાઓમાં છે જ, પરંતુ ઉપહાસ, બુદ્ધિચાતુર્ય, ટીખળ એમ અનેક પ્રકારનું હાસ્ય છે. રંગલાની ઉક્તિઓમાં કટાક્ષનું તત્ત્વ છે. જીવરામ ભટ્ટના પોતાના જ્ઞાન વિષેના મિથ્યાભિમાનમાંથી નિષ્પન્ન થતા હાસ્યનું એક ઉદાહરણ સોમનાથ ને જીવરામ ભટ્ટ વચ્ચેના સંવાદમાંથી ટાંકીએ—

સોમનાથ : ત્યારે સંસ્કૃત શ્લોકનો અર્થ કરો ખરા કે?

જીવરામ : હોવે, શા વાસ્તે ના કરીએ? શું અમે નથી જાણતા?

સોમનાથ : 'રામો લક્ષ્મણમબ્રવીત્' એટલાનો જ અર્થ કરો જોઈએ.

જીવરામ : રામો લક્ષ્મણમબ્રવીત્… (છેલ્લો 'ત્' લંબાવે છે.)

સોમનાથ : 'ત્' ટૂંકો બોલવો કેમ કે તે ખોડો છે.

જીવરામ : એમાં કાંઈ કઠણ અર્થ નથી. રામો એટલે રામ, લક્ષ્મણ તે લક્ષ્મણ, અને મબ્રવી તે સીતા.

સોમનાથ : શાથી જાણીએ કે, મબ્રવી એટલે સીતા?

જીવરામ : રામ ને લક્ષ્મણની જોડે સીતા વિના બીજી મબ્રવી કોઈ હોય? એટલું અક્કલથી જાણીએ કે નહિ?

સોમનાથ : પછી ત્ રહ્યો, તેનો શો અર્થ?

જીવરામ : ત્ એટલે હનુમાન.

સોમનાથ : શાથી જાણીએ કે ત્ એટલે હનુમાન?

જીવરામ : જોને 'ત્'નો પગ લંગડો છે કે નહિ?

પ્રહસનને અંતે જીવરામ ભટ્ટના અવસાનની કરુણ પરિસ્થિતિ લેખકે સર્જી છે. પ્રહસનનો આવો અંત ભલે સયુક્તિક હોય, છતાં ચિત્તને કઠ્યા વિના રહેતો નથી. નાટકમાં અંતે મરણોન્મુખ જીવરામ ભટ્ટના ઉદ્‌ગારો દ્વારા દલપતરામે એમના સ્વભાવ મુજબ મિથ્યાભિમાન નહિ રાખવાનો સ્પષ્ટ બોધ પ્રગટ કર્યો છે. ગુજરાતી ભાષાના આ પ્રથમ મૌલિક પ્રહસનમાં દલપતરામના નાટ્યકાર તરીકેનાં અનેક સુલક્ષણો પ્રગટ થાય છે. એમાંનો હાસ્યરસ અવારનવાર ગ્રામ્ય અને ક્યારેક અશ્લીલ બનતો હોવા છતાં એકંદરે તે નરવો છે. દલપતરામની કલ્પનાશક્તિ પરિસ્થિતિઓ યોજવામાં તો છે જ પણ પાત્રચિત્રણમાં પણ તે રૂડીપેરે પ્રગટ થાય છે. સંવાદકલામાં તેમનું પટુત્વ અદ્‌ભુત છે. પરિસ્થિતિ અને પાત્રની મનોદશાને અનુરૂપ સંવાદકલા એ આ પ્રહસનનું આગવું અંગ છે. દલપતરામનું સંસારદર્શન પણ અહીં ઝળકે છે. દલપતરામની ઊંડી નાટ્યસૂઝનું દર્શન એમની આ કૃતિમાં સહેજે થાય છે.

મારાં મોટીબાની વાતો

ઈર્ષા અને મનની મોટપ

લેખક - મુકુન્દરાય પારાશર્ય

એક રાતે મોટીબા પાસે વાચન પછી વાતો થતી હતી. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ પ્રસંગે દુર્યોધનને યુધિષ્ઠિરની સંપત્તિ જોઇને ઈર્ષા થએલી. તે પ્રસંગ પર ચર્ચા થતી હતી. ત્યાં વચમાં મારા કાકાએ મને પૂછ્યું કે, હેં મોટાભાઈ, (બાળકોમાં હું મોટો પુત્ર તેથી બધાં મને મોટાભાઈ કે મોટાભાઈ કહેતાં.) તું બીજી કે ત્રીજી અંગ્રેજીમાં ભણતો ત્યારે તેં મોટીબા પાસે મારા માટે ફરિયાદ કરેલી કે કાકા મારી નિશાળમાં સાથે ભણતા બિત્રણ છોકરાને ભણતર-ખર્ચના પૈસા દીધા કરે છે, એ છોકરાઓ તો બૂટ પહેરીને નિશાળે આવે છે અને અમારે નિશાળે ઉઘાડે પગે જવું? કાકાને કહો કે અમને જોડા અપાવે અમને કેટલા કાંકરા વાગે છે! તને યાદ છે એ પ્રસંગ?'

મેં કહ્યું: 'ના યાદ નથી. તમે એ વાત કહો તો ખરા.'

'તેં મોટીબા પાસે મારી ફરિયાદ કરી ત્યારે હું અંદર આવી તારી પાછળ મૂંગોમૂંગો ઊભો રહ્યો. મોટીબાએ તને સામો સવાલ કર્યો કે એ બિત્રણ છોકરા સિવાય બીજા કેટલા છોકરા જોડા પહેરીને અને કેટલા ઉઘાડે પગે આવે છે? તમે જ બે ચ ભાઇઓ ઉઘાડે પગે નહિ હો. તેં કહ્યું કે, ના, બીજા ચાર છ છોકરાઓ યે આવે છે. મોટીબાએ કહ્યું કે તમે બધા છોકરા શેરીમાં ભેગા થઈ રમો છો. ત્રંબકલાલના ઘર સામે મોટું મેદાન છે ત્યાં યે રમવા જાઓ છો, સાતતાળી, કૂદરડી, આંબાઆંબલી, નાગેલિયો, ગેડીદડો, ત્યારે કેટલા જણા જોડા પેરીને રમો છો? અને તેં કહેલું કે રમવામાં જોડા ન ફાવે. એટલે મોટીબાએ કહ્યું કે તમે રમો ત્યારે શું કાંકરા ન હોય? શિયાળામાં ય તમે તો રમો છો, કૂદો છો, ઝાડવેથી ને વંડીએથી ઘૂબકા મારો છો, હડિયું કાઢો છો. ત્યારે કાંકરા નથી વાગતા ને નિશાળે જાઓ છો ત્યારે દોડવું ન હોય, જોઇને હાલવું હોય, તે વખતે જ કાંકરા વાગે છે?

તું કાંઈ જવાબ ન દઈ શક્યો. એટલે પછી મોટીબાએ કહ્યું કે ભાઈ, તને કાંકરા વાગે છે એ કારણે જ તારે જોડા જોઇએ છે એવું નથી લાગતું. ચંપક (મારા કાકા) જે છોકરાને ભણતરનો ખર્ચ દે છે એ છોકરા જોડા પે'રે છે તેની તને ઈર્ષા થાય છે. ઈર્ષા બહુ ખરાબ વસ્તુ છે. ઈર્ષા સ્વભાવમાં ઘર કરે પછી જીવન બગાડી પાયમાલ કરે. આપણી જરૂરિયાત શું ને કેટલી છે તેનો વિચાર કરવો. ઈર્ષા તો કોઈની ન કરવી.'

કાકા પાસેથી આ વાત સાંભળી મોટીબાએ આગળ કહ્યું કે, આપણે અત્યારે જે વાત ચાલે છે તેમાં ઈર્ષા માટેનો દુર્યોધનનો દાખલો બહુ મોટો છે. ભાઈની ઈર્ષા કરી, એ ઈર્ષાના પરિણામે આખું કુળ નાશ પામ્યું.

મેં મોટીબાને પૂછ્યું કે, 'માણસ પાસે નાણું હોય તેને પોતા માટે કે કુટુંબ માટે જ ન વાપરતાં, 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો' એ કહેવત મુજબ, બીજાંને-પરાયાંને દીધા કરવું ને પોતે ખેંચમાં રહેવું. એ કેટલા પ્રમાણમાં યોગ્ય ગણાય?'

મોટીબાએ કહ્યું : 'માણસ પાસે પાંચ પૈસા થાય તો યે પોતા માટે જ, ને પોતાના ઘર માટે જ વાપરવા ને બીજાંને પારકાં ગણવાં; અને પોતાની ડેલી ને આંગણું સાંકડું કરી, વાડો બાંધી અંદર ગોંધાઈ મરવું એ સારું, એવી સમજણ ને રીત મને તો ખરાબ લાગે છે. બીજાં માટે તો ઠીક, પણ પહેલું તો પોતા માટે જ ખરાબ છે. માણસને પોતાને જીવવામાં કે કુટુંબને પાળવામાં ઝાઝા પૈસાની જરૂર નથી. ભોગ ભોગવવા માટે જ નાણાં વધુ જોઇએ. જે માણસ ભોગમાં પડે એ રોગમાં પડે, પોતે દુ:ખી થાય ને બીજાને કરે, તેથી બીજા સાથે સંબંધ સારા ન રહે.'

મેં વચમાં પૂછ્યું : 'મોટીબા, કોઈ પોતે ભોગ ભોગવે તેમાં બીજા સાથે સંબંધ કેમ બગડે?'

મોટીબાએ કહ્યું: 'જો ભાઈ, ભોગ તો સહુને આપોઆપ મળી જ રહે છે. ભૂખ્યા માણસને ટાઢો રોટલો યે ભાવે. ભગવાને એવી લીલા કરી છે કે ભૂખ્યો માણસ હોંસેહોંસે સ્વાદથી ટાઢો રોટલો ખાય. જીભમાં જે સ્વાદવૃત્તિ છે તેમાં જરૂરિયાતની હારોહાર ભોગવૃત્તિ છે. ભર્યા પેટે ટાઢો રોટલો વધુ ન ભાવે. પણ ઓલી સ્વાદ લેવાની ઇચ્છા બળ કરે એટલે માણસ વસ્તુને વધારે સ્વાદિષ્ટ બનાવીને ખાય, વિના ભૂખે વધુ ખાઈ માંદા પડે. વૈદ્ય પાસે ઘણાં દર્દી એવાં આવે કે જે એમ કહે કે ઉપરાઉપરી જમણવારમાં જવું પડ્યું, એટલે પેટ બગડ્યું છે, દવા આપો.'

'મોટીબા, નાતમાં જમવા જઇએ ત્યારે સામાના આગ્રહને વશ થઇને ય ખાવું પડે. એની ઇચ્છાને યે માન દેવું પડે ને?'

મોટીબા કહે : 'ભાઈ, સામાનો આગ્રહ હોય એ વાત ખરી, પણ એની ઇચ્છાને માન દેવા માટે ખાઈએ છીએ? આપણી પાસે એમની ઘણી આશા હોય તેમાંથી કઈ આશા આપણે પૂરી કરવાની આપણી ફરજ સમજીએ છીએ? સામાના આગ્રહને આપણે વશ થઇએ છીએ, કારણ કે વધારે સ્વાદવાળું ખાવાની આપણી ઇચ્છાના આપણે કહ્યાગરા ચાકર હોઇએ છીએ. આગ્રહ કરનાર માણસને આપણે ધરાઇને ખાઈએ એવી લાગણી હોય, પણ આપણે ખાઇને માંદા પડીએ એમ તો એ ન ઇચ્છતા હોય. વાત એ છે કે જીભ ઉપર સંયમ નથી રે'તો તેથી પોતે માંદો પડે છે. જો મંદવાડનું જોખમ જોવા છતાં જે પોતાની ભોગવાસના પર સંયમ નથી રાખી શકતો એ માણસ બીજા સાથેના વ્યવહારમાં પોતાનો ટૂંકો સ્વાર્થ જુએ પણ બીજાનું હિત ન જોઈ શકે. અને હિત ક્યારેક જોઈ શકે તો યે જેનું મન પોતાની ઇન્દ્રિયોનું ગુલામ થઇને વરતે છે ને છકાંછળું થઈ ભોગ તરફ દોડે છે એ મન પર સંયમ ક્યાંથી રાખી શકે? આથી સંબંધ બગડે, અને જેમ પોતે સ્વાર્થ માટે ગમે તે પગલું ભરવા તૈયાર થઈ જાય છે તેમ સામો માણસ પણ જ્યારે તેના જેવો હોય ત્યારે એ બંનેના ઝઘડાનું પરિણામ શું આવે, એ કોણ જાણે. શાંતિ તો ન જ રહે. એટલું સમજાયું?'

મેં કહ્યું: 'હા.' એટલે મોટીબાએ આગળ કહ્યું : 'મહેનત કરનારને જીવવામાં તાણ ન પડે. પશુપંખીને તેમ જ જીવજંતુને પણ પેટ પૂરતું મળી રહે છે. ભગવાન કોઇને ભૂખ્યું રાખતો નથી. પણ માણસ એવાં પાકે છે કે જે બુદ્ધિ ભગવાને બધા જીવનું ભલું કરી પરમાર્થ સાધવા દીધી છે એ બુદ્ધિનો ઉપયોગ ફક્ત પોતાનો ટૂંકો સ્વાર્થ સાધવામાં કરે છે, પોતાના ભલા માટે સંયમ રાખવાનો વિચાર કોરે મૂકી ભોગ ભોગવવાના મોહમાં દોડે છે. એ ખોટી દોડાદોડ મૂકી માણસ જો સરખી મહેનત કરે, તો એમાં ગેરલાભ નથી, લાભ છે. બીજાને દીધા વગર જે ખાય છે એ તો પાપ ખાય છે એમ આપણો ધરમ કહે જ છે. પાપ ખાય છે એનો અર્થ એ કે દુનિયામાં બીજાં તરફથી લાગણી ને મદદ એને મળતાં ઓછાં થાય છે. જ્યારે બીજાંને આપણે પોતાનાં નહિ પણ પારકાં ગણવા લાગીએ ત્યારે ધીમે ધીમે બીજાંઓ પણ આપણને પારકાં ગણવા લાગે. આમ જેવી ભાવના રાખીએ એવી સામા માણસમાંથી મળે. જેવું બોલીએ તેવો પડઘો પડે. આપણે જો કોઇને મદદરૂપ ન થઇએ તો ટાણે આપણને બીજાંઓની મદદ ન મળે, એવું યે થાય. સ્નેહ તો ન જ મળે. સ્વાર્થ વિચારીએ તો યે બીજાંને મદદ કરવી જોઇએ. જેવું બી વાવીએ તેવું લણીએ. આકડો ઉછેરીને કેરી ન પમાય. અમે તો નાનપણમાં ચારે બાજુ એવું જોતાં કે માણસ પોતે પેટે પાટા બાંધી બીજાંને પોષે. માણસે સાદાઈથી, સંયમથી ને સહુ સાથેના ભાઈચારાથી રહેવું જોઇએ. અમારા જમાનામાં પૈસાદાર ઘરની વહુદીકરીઓ દળણાં દળે, પાણી સીંચે, કપડાં ધૂએ, બધું

કામ ખેંચે. કામ કરવામાં કોઈ નાનપ ન હતી. મેં મારા નાનપણમાં ત્રણ દુકાળ જોયા છે. એમાં માણસ પોતે મરીને બીજાંને ખાવા દેતાં. પોતે ભૂખી આવે એ બીજાંને પરાણે ખવરાવી દઈ પોતે સંતોષથી મરે. નવો જમાનો આવ્યો ને એમાં છપ્પનિયો કાળ જોયો ત્યારે જોયું કે માણસ પોતાનાં જણ્યાંને રેઢાં મૂકી ચાલ્યા જાય. હજી આગળ ઉપર માણસ શું કરશે, કાંઈ ખબર પડતી નથી.'

એ પછી મારા પિતાએ મને પૂછ્યું : 'ગિરધરલાલકાકાને તેં જોયા છે. એને વિષે કાંઈ જાણે છે ?'

મેં કહ્યું : 'જાણું છું. એની પાસે લાખ રૂપિયા છે. ઘરમાં પોતે ને એકની એક વિધવા દીકરી સિવાય કોઈ નથી. પણ એ ઉઘાડે પગે ગામમાં નીકળે છે અને કપડાં પણ સાવ સાદાં પહેરે છે. કોઈ એમ ન માને કે એની પાસે લાખ રૂપિયા છે. મને ખબર છે કે ઘણા છોકરાને એ સ્કૉલરશિપ આપે છે. એટલે મને નવાઈ લાગેલી. મેં તેમને પૂછેલું કે કાકા, તમે પગરખાં યે કેમ પહેરતા નથી ? તડકો હોય તો ય ઉઘાડે પગે નીકળો છો ? ત્યારે એમણે જવાબ દીધો કે પગરખાંની જરૂર હોય ત્યારે પહેરું જ છું. પણ ગામમાં શેરીઓ વાળેલી હોય અને મકાનોની બાંધણી જ એવી કે ખરે બપોરે પણ શેરીમાં એક બાજુ છાંયો તો હોય જ, ઉવટ છાપરાંનાં નેવાંની છાયા હોય. તું જોજે. રસ્તામાં એક કોર છાયામાં હાલું છું, વચમાં હાલવાનો શોખ નથી. પછી અમથાંઅમથાં પગરખાં શું પહેરવાં ? પગરખાંમાં યે ઉવટ શું છે ? આપણા જેવા જીવતા જીવ ઢોરની ચામડી જ છે. મારે ગળે એ વાત ઊતરી ગઈ. જોડા પહેરું છું ત્યારે એની એ વાત યાદ આવે છે.'

બાપુજીએ કહ્યું : 'એ જમવામાં સવારે દાળ-રોટલી ખાય છે. આટલું શાક મળે છે, પણ ભાગ્યે જ કરે. શાક કરે તો દાળ ન કરે. રાતે ખીચડી સાથે શાક હોય. છે ધનવાન, પણ પકવાન ખાધાં છે, એવું તો નહિ જ.'

મોટીબાએ મારા પિતાને પૂછ્યું : 'વજા, તને કસ્તૂર ડોશી યાદ આવે છે ?' આમ કહી તેમણે એની વાત કહી કે, 'અમારે કોટડામાં, વજો નાનો હતો ત્યારે કસ્તૂર નામે એક ડોશી હતાં. ઘરમાં એ ને એની વિધવા વહુ બે જ. દીકરી ત્રણ હતી, પણ સાસરે વળાવી હતી. પોતાનું પંડ હાલે એટલે સેવા માટે ગાય રાખી'તી. જાતે દૂવે ને પાડોશમાં જ્યાં નાનાં છોકરાં હોય ત્યાં ટબૂડી-ટબૂડી દૂધ દઈ આવે. વેચાતું નહિ, હેતથી. પણ એ દૂધ મેળવી, છાશ હલાવી ઘી ન કરે. ચોમાસું ઊતર્યે સીમમાં ખડ વાઢવા જાય. ઘણી વાર એ ને એની વહુ હારે જાય ને બેઉ ભારા બાંધી પાછી આવે ત્યારે વહુ ઘેર આવે ને ડોશી જેને ઘેર ગાય હોય તેવા એક ઘેર ખડનો ભારો નાખી આવે ને કહે કે આ મારી મા સારુ દઈ જાઉં છું. એ કેતી કે અમે બે છૈં, પંડ હાલે છે. જારબાજરાના રોટલા ખાઇએ. વળી દૂઝાણું છે. સુખે પેટ ભરી રામનામ લઇએ છીએ, ને દૂધ છોકરાંઉને દઈ આવીએ છીએ. છોકરાં કેવાં રાજી થાય છે ! ક્યા ભવ સારુ ઘી કરી વેચું ને પાવલી પાવલી ભેળી કરું ?'

વળી, મોટીબાએ બીજી વાત કહી કે : 'હું પરણીને મોરબી આવી પછી એક વાર આપણી શેરીમાંથી એક ભીખારી નીકળ્યો. આજે આપણે ભીખારીને કંઈક દઇએ તો ફુલાઇએ કે મેં દીધું, ફલાણાને દીધું, આટલું દીધું, પણ તમે આ ભીખારીનો સ્વભાવ સમજો. મારા સસરાએ એને ઘરમાં બોલાવ્યો. થોડી આનાકાની પછી એ આવ્યો. એને એક ઢાળિયામાં બેસારી પાતળમાં ખાવા દીધું. સસરા બાજુમાં જમાડવા બેઠા. એ બેઠો. બે હાથ જોડી પાતળને પગે લાગ્યો ને તેમાંથી બે રોટલી ઉપાડી શેરીમાં ગયો ને કૂતરાંને બોલાવી, એને રોટલી ખાવા દઈ, કૂતરાં સામે બે હાથ જોડી પાછો આવ્યો ને ખાવા લાગ્યો. સસરા પાતળનું ધ્યાન રાખતા બેઠા હતા. કાગડાને ઉડાડતા'તા પણ એને ખાતો જોઈ કાગડો નીચે ઊતર્યો એટલે રોટલીના કટકા કરી હથેળીમાં લઈ એણે ધર્યા એટલે હથેળીમાંથી કાગડા લઈ ગયા. એ જોઈ રાજી થઈ એ જમવા લાગ્યો. એણે ત્રણ ચાર રોટલી કૂતરા-કાગડાને દઈ દીધી એટલે હું બીજી ચારપાંચ રોટલી તેની પાતળમાં મૂકવા ગઈ તો બે હાથ આડા ધરી એણે ના કહી. મારા સસરા બહુ રાજી થયા. એ ગયા પછી એમણે કહ્યું કે, કૂતરા-કાગડાને રોટલી દીધી તેથી આપણે વધુ દેવી પડે છે એવું આપણા મનમાં ન થાય માટે તેણે વધુ ન લીધું. ભાગ્યે જ એ કોઇને ઘેર ખાવા બેસે છે. જે મળે તે લઈ નદીકાંઠે જઇને ખાવા બેસે ને કૂતરાં-કાગડાંને દઇને ખાય. એ એની રોજની ટેવ છે. કોઈ વાર ખાવા ઓછું મળ્યું હોય ને કૂતરાં-કાગડાંને દેતાં ન વધે તો પીપરલીંબડાનાં પાન ખાઈ લે. ખાવા સિવાય કપડું કે ફૂટી બદામ કોઈની પાસેથી, પરાણે દેવા જાય તો ય ન લે. ગામમાં આવે ત્યારે ફાટેલો ગાભો કેડે વીંટ્યો હોય. બાકી લંગોટીભર મસાણ આગળના એક ઝાડ તળે પડ્યો રહે. આજ આપણું રાંધ્યું ઊગી નીકળ્યું.'

'તમને ખબર છે કોણ હતો એ ભીખારી ?' મેં પૂછ્યું. મોટીબાએ કે, 'ના. મારા સસરા કે'તા કે એ મોરબીમાં એક જ વરસ રહ્યો. એને ફરી જમવા બોલાવેલો પણ ન આવ્યો. એ ક્યાંનો હતો એય એ પોતે જ જાણે. હિંદી આવડતું ને થોડીથોડી આપણી બોલી બોલતો. પણ વાતચીત ઓછી. જવાબ જ ન દે. કોઈ પૂછે કે તારું નામ શું ? તો ન બોલે. બહુ પૂછો તો જવાબ દે કે 'મિટ્ટી' એટલે કે માટી. ફક્ત એ શંકરલાલ શાસ્ત્રી સવારે વેદાંતનું શ્રવણ કરાવે ત્યારે સાંભળવા આવે, ઉંબરે બેસી સાંભળીને ચાલ્યો જાય. કોકવાર સાંજે કુબેરનાથનાં દર્શને આવે એ ટાણે છોકરાં એની દાઢી ને વેશ જોઈ એને વીંટળાઈ વળતાં. ત્યારે વાંકો વળી પોતાની મોટી દાઢી હલાવીને છોકરાંને હસાવે અને કોયલ, મોર, પારેવાં એવાં પંખીના અવાજ કરી છોકરાંને ખુશ કરે. હા, એક વાર મારા સસરા વહેલી સવારે આભડવા ગયેલા. પ્હો ફાટતાં અજવાળું થવા માંડ્યું ત્યારે નદીમાં ગળાડૂબ કોઈ માણસનું માથું દેખાણું. પોષ મહિનાની ટાઢ હતી. બધાંને નવાઈ લાગી કે આવી ટાઢમાં કલાકથી વધારે વખતથી પાણીમાં આમ કોણ ઊભું છે. પણ એનું મોઢું પૂર્વ તરફ હતું એટલે એકલું માથું દેખાય. બીજી અરધી કલાક પછી એ બહાર નીકળ્યો ત્યારે જોયું તો એ ભીખારી હતો. આથી વધુ મને ખબર નથી.

'પણ ભાઈ, હું કે'તી'તી એ કે દેવાની ભાવના રાખવી, હોંસ રાખવી. જે દે એને ભગવાન આપે છે એ ભરોસો રાખવો. અમે નદીએ પાણી ભરીએ ત્યારે વીરડી ઉલેચી ભરતાં જઇએ અને આ બાજુ વીરડી પાછી ભરાતી જાય. ખેડૂ કોસ હાંકે ને પાણી કાઢે, કૂવો ભરેલો એટલો ને એટલો. દીધું ખૂટતું નથી, વેડફ્યું ખૂટે છે. જે હોંસથી આપે, પોતે પોતાનું ધન કે ધાન આપે છે એવા અભિમાનથી નહિ, પણ પ્રભુએ આપણા હાથમાં આપેલી એમની જ વસ્તુ, જેને જરૂર છે અને જેને ભગવાન મોકલે છે તેને દેવામાં ભગવાન આપણા પર કૃપા કરી નિમિત્ત બનાવે છે, એવી આભારની ભાવનાથી દેવાનું જોઇએ. એવી ભાવના પહેલાં શરૂમાં ન હોય, પણ દેતી વખતે કાળજીથી એ ભાવના કરવાની ટેવ હોય તો રહેતે રહેતે એવો સ્વભાવ થઈ જાય. પછી દેવામાં આનંદ આવ્યા વગર ન રહે. આવી લાગણી ભાવના જેને હોય એને દીધા વગર પ્રભુ રહેતો નથી ને એવું દીધું ખૂટતું નથી, લેનારને યે એ ઊગી નીકળે છે.' □

 · લેખક: પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

સીડની તરફ

રાત્રે સૂવામાં ખાસ્સું મોડું થએલું, એટલે સવારે બધાં જ બહુ મોડાં ઊઠયાં અને આમેય રજાનો દિવસ હતો. મારે બાર વાગ્યાની ફ્લાઈટમા સીડની જવાનું હતું. સમય તો હતો, પરંતુ સૌને તૈયાર થતાંથતાં લગભગ અગિયાર વાગી ગયા. યોગેશની ઈચ્છા હતી એટલે ફિજીમાં તેમના પિતા કાનજીભાઈ સાથે ફોન ઉપર મેં રૂબરૂ વાત કરી લીધી. કાનજીભાઈએ ફિજી આવવા માટે મને ખૂબ આગ્રહ કર્યો. મારાં વ્યાખ્યાનો રાખવા માટે પણ ઉત્સુકતા દર્શાવી.

સમય તો પાણીના રેલાની જેમ વહ્યે જતો હતો. હજી એરપોર્ટ સુધીનો રસ્તો કાપવાનો હતો. બાર વાગ્યાની ફ્લાઈટ માટે એરલાઈન્સને પૂછતાં તેણે કહેલું કે પોણાબાર અથવા મોડામાં મોડા અગિયાર ને પચાસ મિનિટે પહોંચી જઈએ તો ચાલશે. બારમાં દસે પહોંચાય એ રીતે અમે નીકળ્યાં. પરંતુ રજાનો દિવસ હોવા છતાં ટ્રાફિક કાંઈક વધારે હતો. લગભગ દરેક સિગ્નલને સલામ કરવા અમારે થોભવું પડતું હતું. ફ્લાઈટ પકડવાની ઉતાવળમાં યોગેશે ગાડીની ઝડપ ઠીકઠીક વધારી હતી. અર્ધો ઉપરનો રસ્તો કપાયા પછી ટ્રાફિક કંઈક ઘટયો, છતાં અમને મોડું તો થયું જ. એરપોર્ટ પર પહોંચ્યા ત્યારે ત્યાંના ઘડિયાળમાં બાર વાગવામાં ત્રણ જ મિનિટ બાકી હતી. ગાડી ઊભી રાખી યોગેશ મારી બૅગ અને ટિકિટ લઈ એકદમ કાઉન્ટર ઉપર દોડી ગયા, પાછળ હું પણ. કાઉન્ટર પરની યુવતીએ કહ્યું : 'સૉરી, યુ આર લેઈટ.' અમે થઈ શકે તો કંઈ કરવા વિનંતિ કરી. તે અંદર દોડી. તુરત પાછી આવી અને કહ્યું: 'સૉરી, ધ ગેઈટ ઈઝ કલૉઝડ'. હવે બીજી ફ્લાઈટ રાત્રે અગિયાર વાગ્યે હતી. પેલી બાઈએ કૉમ્પ્યુટર ઉપર તપાસ કરી લીધી કે રાતની ફ્લાઈટમાં જગ્યા છે કે નહિ. બે જગ્યા હતી. કહે, 'રાતના જવું જ હોય તો અત્યારે જ બુક કરાવી દો. પછી જગ્યા મળે કે ન મળે.'

યોગેશને એક વિચાર આવ્યો. ઑસ્ટ્રેલિયામાં બીજી પણ એક 'ઍાનસેટ એરલાઈન્સ' છે. યોગેશે પૂછયું : 'ઍાનસેટની કોઈ ફ્લાઈટ વચ્ચે મળે તેમ છે?' જવાબ મળ્યો : 'ના, નહિ મળે. કારણ કે એની ફ્લાઈટ પણ અત્યારે બરાબર બાર વાગ્યાની જ છે અને પછી રાતની છે.'

ઍાનસેટનું કાઉન્ટર થોડું દૂર હતું. યોગેશ ત્યાં દોડયા. બાર તો વાગી ગયા હતા, આશા બિલકુલ હતી જ નહિ. કાઉન્ટર ઉપર પૂછયું તો કહ્યું : 'સૉરી' ફરી વિનંતી કરી, 'જો ગેઈટ બંધ ન થયો હોય તો તમે લઈ શકો તો સારું'.' ઑફિસરે અંદર તપાસ કરી. ગેઈટ બંધ થવાની તૈયારીમાં જ હતો, પરંતુ બંધ થયો નહોતો. ઑફિસરે કહ્યું : 'ફક્ત એક જ સીટ ખાલી છે. તુરત સામાન આપો, તો લઈ લઈએ.' સામાન અપાઈ ગયો. વિમાનને સૂચના અપાઈ ગઈ કે હજુ એક પ્રવાસી આવે છે. પણ ટિકિટનો વાંધો પડયો. ઑસ્ટ્રેલિયન એરલાઈન્સની ફ્લાઈટ બુક કરાવેલી એટલે એ એન્ડોર્સ ન કરે ત્યાં સુધી ઍાનસેટ કંપનીવાળા પ્રવાસીને લઈ ન શકે. અમે ઍાનસેટના એક માણસ સાથે ઑસ્ટ્રેલિયનના કાઉન્ટર ઉપર પાછા દોડયા. અમે યુવતીને કહ્યું : 'ઍાનસેટ માટે એન્ડોર્સ કરી આપો.' તેણે કહ્યું, 'પરંતુ અમે તમને સાંજની ફ્લાઈટ આપીએ છીએ.' ઍાનસેટના માણસે કહ્યું, 'પરંતુ ઍાનસેટની ફ્લાઈટની ટિકિટ છે એમ સમજીને અમે તો આમનો સામાન પ્લેનની અંદર ચડાવવા મોકલાવી દીધો છે.' યુવતી પરિસ્થિતિ સમજી ગઈ. તુરત સિક્કો મારી આપ્યો. વિમાનને મોડું થયું હતુ એટલે ચારપાંચ જણ મારી તપાસ માટે નીકળી પડયા હતા. તરત ઑસ્ટ્રેલિયાની એરલાઈન્સના કાઉન્ટર પર આવ્યા અને એરપોર્ટની ગલીકૂંચીમાં પાછો હું કયાંક અટવાઈ ન જઉં એટલા માટે મને દોરીને લઈ ગયા.

યોગેશ, રૂહીન્ડા, સદીક અને દેવિકા-કોઈની સાથે વાત કરવાનો કે આવજો કહેવાનો સમય પણ રહ્યો નહિ. હું દાખલ થયો કે તરત ગેઈટ બંધ થયો. વિમાન પાસે જ ઊભું હતું. તેમાં દાખલ થયો કે તરત તેનો દરવાજો બંધ થયો. મારી બેઠક સાવ છેલ્લી હતી. બધાંની નજર મારા ઉપર હતી. આટલી ગરમીમાં પણ મેં સૂટ પહેર્યો હોઈ કદાચ એટલા માટે પણ બધાં મારી સામે તાકીને જોતાં હતાં. કારણ એ બધાંમાં સૂટ પહેરનાર હું એક જ હતો. બીજા કેટલાક તો માત્ર બનિયન અને ટૂંકી ચડ્ડી પહેરીને બેઠા હતા.

મારી બેઠક ઉપર હું બેઠો, તાપ સખત લાગતો હતો. કોટ ઉતાર્યો કે તુરત એરહૉસ્ટેસે એ લઈને એક હૅન્ગરમાં ભરાવીને એને મૂકવાની જગ્યાએ મૂકી દીધો. તડકો અને દોડાદોડને લીધે મને તરસ પણ બહુ લાગી હતી. હૉસ્ટેસ પાસે પીવાનું પાણી માગ્યું. એણે આપેલા બરફ સાથેના ઠંડા પાણીથી ટાઢક વળી.

વિમાન રન-વે તરફ જવા લાગ્યું. એડિલેઈડ થઈને એ સીડની જવાનું હતું. બારીમાંથી બહાર નજર કરી તો ઑસ્ટ્રેલિયનએરલાઇન્સનું વિમાન હજી ત્યાં ને ત્યાં જ ઊભું હતું, મુસાફરો માટે એનું કાઉન્ટર બંધ થઈ ગયું હતું, પણ વિમાન સમયસર ઊપડયું નહોતું. ઍાનસેટ એરલાઈન્સનું કાઉન્ટર મોડું બંધ થયું, છતાં અમારું વિમાન સમયસર ઊપડયું. ઑસ્ટ્રેલિયન એરલાઈન્સને બદલે ઍાનસેટ એરલાઈન્સની ફ્લાઈટ મને મળી એથી એકંદરે લાભ થયો. પેલી ફ્લાઈટ પર્થથી સીધી છ કલાકે સીડની પહોંચતી હતી. ઍાનસેટની ફ્લાઈટ એડિલેઈડ અને મેલબર્ન રોકાઈને સીડની જતી હતી. અલબત્ત, એથી એકાદ કલાકનું મોડું થતું હતું, પરંતુ સીડનીમાં મારે કયાં કોઈ સમય સાચવવાનો હતો?

મારી બાજુની બે બેઠકો પર બે ઑસ્ટ્રેલિયન યુવાનો બેઠા હતા. બનેએ બનિયન અને ચડ્ડી પહેર્યાં હતાં. બંનેના હાથમાં રમતગમતનાં ચોપાનિયાં હતાં અને કદાચ વાતો પણ તેની જ કરતા હતા. ઑસ્ટ્રેલિયાની પ્રજાને મેદાની રમતોનો ઘણો શૉખ છે એ જાણીતું છે. પણ તેઓની વાતચીત તેમના ઝડપી ઉચ્ચારણ અને ઑસ્ટ્રેલિયન લઢણના કારણે મને સમજાતી નહોતી.

પર્થથી એડિલેઈડનો હવાઈ માર્ગ અઢી કલાકનો હતો. અમેરિકામાં જેમ ન્યૂયૉર્ક, શિકાગો અને સાન ફ્રાન્સિસ્કોના સમય વચ્ચે ફર્ક છે, અને તેમાં પણ શિયાળા અને ઉનાળાના સમય વચ્ચે પણ તફાવત હોય છે, તેવી રીતે ઑસ્ટ્રેલિયા પણ વિશાળ ખંડ હોઈ પર્થ, એડિલેઈડ અને સીડનીના સમય અલગઅલગ છે. વળી, એમાં પણ શિયાળા અને ઉનાળા પ્રમાણે ફેરફાર થાય છે. પર્થમાં જ્યારે હું વિમાનમાં ચડયો ત્યારે બાર વાગ્યા હતા એવખતે એડિલેઈડમાંબપોરના અઢીથયા હશે.

ઑસ્ટ્રેલિયાની ધરતીનો મોટોભાગ રણપ્રદેશ છે. માણસોની વસ્તી ઓછી છે. શહેરો દૂર દૂર નાનાં અને છૂટાંછવાયાં છે. વસ્તીના પ્રમાણમાં ખેતીની બહુ આવશ્યકતા નથી, અને ખેતરો પણ વિશાળ છે. અહીંના માનવવસવાટનો ઇતિહાસ બહુ જૂનો નથી. એટલે અમેરિકાની જેમ માઈલો સુધી સીધી લીટીએ થએલું પ્રાદેશિક વિભાજન વિમાનમાંથી સ્પષ્ટપણે જોઈ શકાય છે. ખેતરો પણ સીધી લીટીનાં, સમચોરસ કે લંબચોરસ વાડની જરૂર પણ ન પડે.

વિમાનમાં ચા-નાસ્તો આપવામાં આવ્યાં. કેસરી ગણવેષમાં સજ્જ એરહૉસ્ટેસો નમ્ર અને વિવેકી હતી. ઑસ્ટ્રેલિયા વિષે મારે થોડી મા-

હિતી જોઈતી હતી. એ માટે મેં વિનતી કરી તો તે ઑસ્ટ્રેલિયાનો એક મોટો નકશો, થોડુંક સાહિત્ય અને લખવા માટે પેડ પણ આપી ગઈ. અઢી કલાકે, પર્થના સમય પ્રમાણે અઢી વાગ્યે અમારું વિમાન એડિલેઇડ પહોંચ્યું ત્યારે ત્યાં સાંજના પાંચ વાગ્યા હતા.

એડિલેઈડ સમુદ્રકિનારે આવેલું નાનું બંદર છે. વિસ્તારના પ્રમાણમાં વસ્તી ઓછી એટલે બહુમાળી મકાનોના બદલે લગભગ બધાં મકાનો હારબંધ, છૂટાં, વિશાળ ચોગાન કે બગીચાવાળાં. એનાં લાલ છાપરાં ખાસ ધ્યાન ખેંચે છે. રસ્તાઓ પણ વિશાળ ને સ્વચ્છ દેખાય છે. અહીંના સ્વચ્છ સુંદર સમુદ્રકિનારાના પાણીનો ઘેરો લીલો રંગ કદાચ તેના ઊંડાણને કારણે હશે. એને કિનારે ભરતીનાં મોજાં પણ બહુ ઊંચ અને મેટાં આવે છે.

એડિલેઈડમાં વિમાનના કર્મચારીઓ બદલાયા. મેલબર્ન થઇને ત્યાંથી લગભગ દોઢ કલાકે અમે સીડની પહોંચવા આવ્યા. આ શહેર વિમાનમાંથી જોતાં કંઈ ઓર જ દેખાય છે. સમુદ્રકિનારે ટેકરીઓ ઉપર વસેલા આ શહેરની આસપાસ સમુદ્રનાં પાણી ઘણી જુદીજુદી જગ્યાએ વળાંક લઈ લહેરાય છે. પહેલી જ નજરે પર્થ, એડિલેઈડ અને મેલબર્ન કરતાં સીડની વધુ સમૃદ્ધ દેખાય છે. અહીં પણ લાલ છાપરાંવાળાં હારબંધ મકાનો જોવા મળે છે. પણ સીડનીની બીજી વિશેષતા એ છે કે અહીં ઘણાં ઘરોના વાડામાં નાહવા-તરવા માટેના સ્વતંત્ર હોજ હોય છે. વિમાનમાંથી હજારોની સંખ્યામાં વિવિધ આકૃતિનાં જે નીલ રંગી ટપકાં દેખાય છે તે બધાં સ્વિમિંગ-પુલ છે, એમ જાણીએ ત્યારે સીડનીના લોકોની સમૃદ્ધિ અને નહાવા તરવાના તેમના શોખ માટે સહેજે આશ્ચર્ય અને કંઈક ઈર્ષા પણ થય.

સીડની પહોંચ્યો ત્યારે સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. અનેક વળાંકોમાં શહેરને વીંટળાઈ વળેલો દરિયાકાંઠો, ત્યાંનો જગવિખ્યાત હાર્બર બ્રિજ, તદ્દન નવતર એવું ઓપેરા હાઉસ, બહુમાળી મકાનો વગેરે એ આથમતા દિવસના અજવાળામાં રમણીય લાગતાં હતાં.

સીડનીના અંતરદેશીય એરપોર્ટ પર ઊતર્યો, કારણ મારો કસ્ટમનો વિધિ પર્થમાં થઈ ગયો હતો. એરપોર્ટ પરથી બસમાં બેસી સિટી ટર્મિનલ અને ત્યાંથી ટૅક્સી કરીને શૅરેટન હોટેલ પર પહોંચી ગયો. આ આખી હોટેલ પી.ઈ.એન.—પેન કૉંગ્રેસના પ્રતિનિધિઓ માટે અનામત રખાઈ હતી. કાઉન્ટર ઉપર જઈ ફૉર્મ ભર્યું. બાજુમાં એક મહિલા ઊભાં હતાં. મને જોતાં જ પૂછ્યું, 'ભારતથી આવો છો?' મેં કહ્યું, 'હા, મારાં ચહેરા પરથી તમે મને બરાબર ઓળખી શક્યાં. તમારા ચહેરા પરથી લાગે છે કે તમે મલેશિયા, થાઇલૅન્ડ કે ફિલિપાઈન્સનાં હશો.'

'હું ફિલિપાઈન્સથી આવું છું. ભારતથી શ્રીમતી વૈદ્ય નથી આવ્યાં?'

'કોણ શ્રીમતી વૈદ્ય! માફ કરજો. તમે શ્રીમતી વૈદ્યનો કંઈક પરિચય આપો તો ખબર પડે.'

'તમારા ભારતના પી. ઈ. એન.નાં તેઓ બહુ જાણીતાં તેજસ્વી મહિલા છે. કોરિયામાં પેન કૉંગ્રેસમાં અમે તેમને મળ્યાં હતાં.'

'ઓહ! તમે મૅડમ વાડિયાની વાત કરો છો? કોરિયામાં અમારા શ્રી ઉમાશંકર જોષી સાથે જે ગયાં હતાં તે મૅડમ વાડિયા?'

'હા. એ જ, શ્રીમતી વૈદ્ય.'

'અમે એનો ઉચ્ચાર વાડિયા કરીએ છીએ. વૈદ્ય નહિ. મૅડમ સોફિયા વાડિયા ભારતમાં પી ઈ. એન.નાં સ્થાપક છે. બહુ તેજસ્વી મહિલા છે. હવે વૃદ્ધ થયાં છે છતાં પણ ખૂબ કામ કરે છે.'

ફિલિપાઈન્સના પ્રતિનિધિ શ્રીમતી નીના એસ્ટ્રાડાનો આ રીતે પરિચય થયો. દરમિયાન બીજા બેએક લેખકો પણ ત્યાં આવી પહોંચ્યા. તેઓ જર્મનીના હતા. એક હતા કે·હૉફ અને બીજા હતા ઝુલુવાલિયા.

શૅરેટન હોટેલમાં દસમે માળે મને સુંદર સજાવટવાળો એક રૂમ આપવામાં આવ્યો હતો. એની રસ્તા પરની એક આખી દીવાલ કાચની હતી. રૂમમાં બેઠાંબેઠાં યે સીડનીનું સુંદર દૃશ્ય જોઈ શકાતું હતું. વર્તુલાકાર કિનારો દૂર મહાસાગર સાથે મળી જતો હતો. વચ્ચે નાનાનાના ટાપુઓ દેખાતા હતા. શાંત જળમાં સઢવાળી સંખ્યાબંધ હોડીઓ પડી હતી. થોડે દૂર વીસેક માળની ગઝેબો નામની હોટેલનું ખાસ બનાવેલું કલાત્મક શિખર દેખાતું હતું. સામે શેરેટન હોટેલ અને ટ્રાવેલ લૉજના સુંદર મકાનો દેખાતાં હતાં. કાચની દીવાલ પાસે અડોઅડ ઊભા રહીએ તો નીચે રસ્તા પરની અવરજવર પણ દેખાતી હતી. એટલું જ નહિ હોટેલના દરવાજામાં કોણ આવે જાય છે એ પણ સ્પષ્ટ જોઈ શકાતું હતું.

રૂમમાં સામાન મૂકી પ્રથમ તો સમશેર કાનજીને ફોન કરીને મારા આગમનના સમાચાર આપ્યા, બીજે દિવસે સવારે એમની સાથે સીડનીમાં ફરવાનો કાર્યક્રમ નક્કી કર્યો. ત્યાર પછી હાથ મોં ધોઈ હું નીચે ઊતર્યો. હોટેલના લૉન્જમાં ચક્કર લગાવ્યું. દુનિયાની દરેક મોટીમોટી હોટેલોમાં હોય છે તેમ અહીં પણ એક ખૂણામાં જાતજાતનાં ચોપાનિયાંની ઢગલીઓ હતી. ટ્રાવેલ કંપનીઓ, દુકાનદારો, નાટક–સિનેમા અને અન્ય મનોરંજન કાર્યક્રમવાળાઓ પોતાના પ્રચારાર્થે હોટેલોને આ ચોપાનિયાં મફત પૂરાં પાડે છે. એ વાંચવા માટે અને ઈચ્છા હોય તો વગર પૂછ્યે સાથે લઈ જવા માટે રાખવામાં આવે છે. એમાંથી ન્યૂ સીડની અને સાઉથ વેઈલ્સ વિષે કેટલુંક સાહિત્ય લઈ તેના ઉપર મેં નજર ફેરવવા માંડી.

(ચાલુ)

અનુસંધાન] પચ્ચીસ વર્ષ પહેલાં [પૃષ્ઠ ૧૭૧થી

નિશ્ચયાત્મક મત બાંધવાનું મારી શક્તિ બહારનું છે. આ હીંચની કળાને તેના શુદ્ધ સ્વરૂપમાં લાવી સંગીતના તાલ પક્ષમાં કોઇ નિપુણ વ્યક્તિ તેનો યથાવત્ બોધ કરાવે એ ઇચ્છાથી મેં કેટલોક પ્રયત્ન કર્યો, પણ હજી સંતોષ થતો નથી.

ગરબા-ગરબી, રાસ-રાસડો વગેરે સંજ્ઞાઓનાં મૂળ, રૂઢ અર્થો અને સમજૂતી, તેનો ઇતિહાસ-લતારાસક, દંડરાસક, તાલરાસક, આદિ ભેદો ઉપરૂપક 'હલ્લીસક' સાથેનો સંબંધ, જૅલેડ આદિ પાશ્ચાત્ય લોકનૃત્યો સાથેનું સામ્ય, મહારાષ્ટ્રીય ટીપરી નૃત્ય, તાંજોરની કુંભા પ્રથા, મણિપુરી રાસલીલા અને ભારત નજદીકના બીજા દેશોમાં પ્રચલિત રાસ સાથે સામ્ય ધરાવતાં સંગીત વગેરેની ચર્ચા છૂટકછૂટક થઈ છે; સાહિત્ય પણ ઠીકઠીક એકઠું થયું છે. હવે એક જ ઠેકાણે સળંગ ચર્ચા, સવિસ્તર અને અધિકૃત નિબંધ રૂપે બહાર પડે એ જરૂરનું છે. □



મોગરો

(પુષ્પમાળા-૧૫)

मल्लिका शीत भीरु श्च मदयन्ती प्रमोदिनी।
मदनीया गवाक्षी च भूपदी अष्टपदी तथा॥
(धन्वन्तरि–निघंटु)

સંસ્કૃત નામો : મલ્લિકા, નવમલ્લિકા, નવમાલિકા, મુદ્દગરઃ, પ્રમોદિની, વનચંદ્રિકા, ગ્રેષ્મી, વાર્ષિકી, મુક્તબંધના, શીપદા, ષટ્પદાનંદા, મદનીયા, મધ્યન્તી, આસ્ફોટા, ભૂપદી, વૃત્તમલ્લિકા, નારીષ્ટા.

ગુજરાતી : મોગરો, ડોલર, બટમોગરો, દૂધમોગરો.

મરાઠી : કસ્તૂરા મોગરા, બટ મોગરા.

ઉર્દૂ : રાય બેલા, સોસન.   અરબી : યસ્મીન.

ફારસી : ગુલે-સુફેદ, ઝંબક.

અંગ્રેજી : Arabian Jasmine, Lily Jasmine.

વૈજ્ઞાનિક લૅટિન નામ : Jasminum-Sambac.

લેખક - પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર

ચમેલી પરિવારનો અતિ વિખ્યાત અને લોકપ્રિય મોગરો આપણા દેશમાં સર્વત્ર થાય છે. સામાન્ય રીતે સમસ્ત ઉષ્ણ અને સમશીતોષ્ણ પ્રદેશોમાં એ થાય છે: ભારત એનું મૂલસ્થાન મનાય છે, વનસ્પતિ-શાસ્ત્રી ફર્મિંજરે ચમેલી પરિવારની ઉપજાતિઓમાં બાવીસથી વધુ પ્રકારો ગણાવ્યા છે. સ્પેનિશ સાગરખેડુઓ ઈ. ૧૫૬૦માં આ જાતિના છોડને યુરોપમાં લઈ ગયા હતા.

મોગરાનો છોડ ખૂબ ઘટાદાર અને દર્શનીય હોય છે. એનાં નાની હથેળી જેવડાં ઘેરાં લીલાં, લીસાં અને અણીયાળાં લંબગોળ પાન નાની નાની શાખાઓમાં સામ-સામાં જરાક ઝૂકેલાં ઊગે છે.

ચૈત્ર મહિનો આવતાં જ ઉદ્યાનો, ગૃહ–આંગણો અને વન-ઉપવનો મોગરાની મોહક માદક સુવાસથી મહેકી ઊઠે છે. તેનાં ફૂલ ચોમાસા સુધી આછાંઆછાં ખીલતાં રહે છે: તે પરથી સંસ્કૃતમાં એને બે લાક્ષણિક નામો અપાયાં છે—'ગ્રૈષ્મી' અને 'વાર્ષિકી'. મોગરાની એક જાત ચોમાસું બેસતાં જંગલો. ખેતરો અને વાટિકાઓની વાડમાં ખીલી ઊઠે છે, તેથી ગુજરાતી અને મરાઠીમાં તેને 'રાન મોગરા' અને 'વાડ-મોગરા' જેવાં સાર્થક નામો અપાયાં છે. સામાન્ય રીતે રાનમોગરાનાં પુષ્પોમાં પાંખડીઓની સંખ્યા ઓછી (પાંચ-છ) અને સુગંધ પણ ઓછી હોય છે. એક સુગંધીદાર વનમોગરો વેલી જેવો થાય છે. જેની કળી એક ઈંચ લાંબી હોય છે. ઉત્તર ભારતમાં તેને 'મદન બાણ' કહે છે. મોગરાની સુવાસ માદક હોવાથી એને 'મદનીયા' અને 'મદયન્તી' જેવાં સાર્થક અભિધાનો અપાયાં છે. મોગરાના ફારસી નામ 'ઝંબક' પરથી તેનું વૈજ્ઞાનિક નામ Sambac અને અરબી નામ યસ્મિન્ ઉપરથી અંગ્રેજી Jasmine નામ લેવાયું છે. સંસ્કૃત નામ 'મુદ્દગર ઉપરથી મોગરો નામ પડયું છે.

મોગરાની કળીઓ અતિ સુંદર અને ચમકદાર હોય છે. તેને સંસ્કૃતમાં 'અતિમુક્તક' કહે છે. અતિક્રાન્તો મુક્તાન્ ઇતિ અતિમુક્તઃ (આચાર્ય ક્ષીરસ્વામી.) અર્થાત્-જેની ચમક મોતી કરતાં પણ ચડિયાતી છે. પુષ્પમાં એકાકી પાંખડીઓની દૃષ્ટિએ (સિંગલ) અને બહુપત્રી (ડબલ) એવા અનેક ઉપભેદો વિકાસ પામ્યા છે. સિંગલ પાંખડીવાળા મોગરાને ઉત્તર પ્રદેશમાં 'હજારી બેલા' કહે છે.

મોગરાનાં પુષ્પો નાનાં નાનાં ઝૂમખાંઓમાં આવે છે. પુષ્પો નાના-મોટા વિવિધ પ્રકારનાં હોય છે. ચારથી પાંચ-છ થરમાં પુષ્કળ પાંખડીવાળા મોટા મોગરાને 'બટમોગરા' (સં. 'વૃત્તમલ્લિકા') કહે છે. ક્યાંક તો તેનાં ફૂલ શ્વેત શતપત્રી ગુલાબ જેવડાં જોવા મળે છે. પોતાના મોહક પરિમલ અને સૌંદર્ય માટે એ ખૂબ લોકપ્રિય બની ગયો છે. વેણી, પુષ્પહાર, ગજરાઓ અને ફૂલદાનોમાં સજાવટ કરવા માટે તો બટ-મોગરાનો બહોળો ઉપયોગ થાય છે. આપણી બહેનો અને બાલિકાઓ મોગરા વિષે નાનપણથી આ લીટીઓ ગાતી આવી છે:

'મીઠી સુગંધ બટમોગરાની રૂડી રસીલી સહુએ વખાણી.'

સાહિત્યમાં કુંદકળી અને મોગરાની કળીઓ સાથે રમણીઓના દાંતની ઉપમા ખૂબ અપાઈ છે: 'પિંગલલઘુકોશ'માં આવે છે–

માધવી કુંદલતા લલિત ડોલર તે સુખ શાંતિ,
ડોલર કળી ઉમાં જરા તારા દાંતની કાંતિ.

સાંજ પડતાં જ મોગરાની કળીઓ ફૂટવા લાગે છે. કેટલીક સમય-સૂચક બહેનો એમાંથી પ્રૌઢ કળીઓને એકઠી કરી તે ભીના રૂમાલમાં લપેટીને રાખી મૂકે છે. સવારે એમાંથી સુંદર સુવાસભર્યાં ફૂલો ખીલી ઊઠે છે.

કવિગુરુ કાલિદાસ રઘુવંશમાં આવા મોગરાને 'સાયંતન-મલ્લિકા'ના રૂપમાં વર્ણવે છે.

वनेषु सायंतन–मल्लिकानां विजृंभणोद् गंधिषु कुड्मलेषु।
प्रत्येक निक्षिप्त–पदः सशब्दं संख्यामिवेषां भ्रमरश्चकार।

વનોમાં સાયંકાલીન મલ્લિકાઓ ખીલી ઊઠી છે. તેમાંથી મધુર સુવાસ પ્રસરી રહી છે. પુષ્પો ઉપર ભમરાઓ ગુંજન સાથે બેસી રહ્યા છે, જાણે કે ભમરાઓ પ્રત્યેક પુષ્પની ગણના કરી રહ્યા હોય:

स्नानार्द्र मुक्तेषु अनुधूपवासं विन्यस्त सायंतन–मल्लिकेषु॥

સ્નાન કર્યા પછી રમણીઓના કેશો ભીના હોવાથી છુટ્ટા મુકાએલા હતા. તેઓ વાળને ધૂપવાસથી સુગંધિત કરીને કેશપાશમાં સાયંકાલી મલ્લિકા પુષ્પોને સજાવતી હતી

કાલિદાસને નવમાલિકા (નવમલ્લિકા-મોગરો) ખૂબ જ પ્રિય છે:

पुष्पं च फुल्लं नव–मल्लिकायाः
प्रयाति कांतिं प्रमदा–जनानाम्॥ (ऋतुसंहार)

લલનાઓના કેશપાશમાં નવમલ્લિકાનું પ્રફુલ્લિત પુષ્પ શોભી રહ્યું છે. રઘુવંશકાવ્યમાં એ કવિ નવમલ્લિકાને 'તરુ ચારુ વિલાસિની'નું બિરુદ આપે છે. પછી કવિ શાકુન્તલ નાટકમાં નવમલ્લિકાને આમ્રવૃક્ષની સ્વયંવર વધૂ તરીકે ઓળખાવીને 'તરુ ચારુ વિલાસિની' વિશેષણને

પ્લાસ્ટિક સર્જરી

શરીરની પેશીઓને અમુક ઘાટ આપવાની, શરીરનાં ઈજા પામેલાં કે કપાએલાં અવયવોને ફરી ગોઠવવાની અને વ્યક્તિનો દેખાવ સુધારવા માટે શરીર-સૌંદર્ય બક્ષતી (કૉસ્મેટિક) પુનર્રચનાની પ્લાસ્ટિક શસ્ત્રક્રિયાનો આરંભ આપણા દેશમાં જો કે આયુર્વેદના શસ્ત્રક્રિયાના આદ્ય પ્રણેતા મહર્ષિ સુશ્રુતે (ઈ. સ. પૂર્વે ૭૫૦માં) નાક અને કાનની બૂટની પુનર્રચનાથી કર્યો હતો, પણ તેની ખરી ઉપયોગિતા તો આ સદીનાં બે વિશ્વયુદ્ધો દરમિયાન જણાઈ.

આધુનિક પ્લાસ્ટિક સર્જરી કાર્યરીતિની દૃષ્ટિએ સૌંદર્યની સુરુચિ સાથે પૂર્ણકળાએ પહોંચી છે. ન દેખાય એવી જગ્યાએ કાપ મૂકવા અને તેની નિશાની યે ન દેખાય એવી રીતે તેને સાંધવા અને એ રીતે વાઢ-કાપ કરીને બેઢંગ અવયવના ઘાટ સુધારવા વગેરે આ શસ્ત્રક્રિયાનાં લક્ષ્ય છે. વળી, જન્મથી જ ફાટેલા હોઠ ને તાળવું, ચામાચીડિયાના જેવા આગળ પડતા, નાના ને વિરૂપ કાન, શિશ્નના નીચા ભાગે ઊપડતું મૂત્ર-નળીનું મુખ (હાઇપો-સ્પેડિયાસ), યોનીનો જન્મગત અભાવ, બે કે ત્રણ આંગળીઓનું જોડાણ કે વધારાનો અંગૂઠો વગેરે તો ખરાં, પણ મુખ્યત્વે ચહેરો, હાથ, ગુહ્યાંગ અને પગની ઈજાઓમાં સારવાર અને સુધારા માટે પ્લાસ્ટિક શસ્ત્રક્રિયાનું મોટું મહત્ત્વ છે. અકસ્માતમાં શરીર પર પડેલા મોટા ને ઊંડા ઘાની બે ધારો મેળવીને સાંધી ન શકાય તેમ હોય ત્યારે ત્યાં શરીરના બીજા ભાગની ફક્ત ચામડી કે લોહીની નળીઓ સહિતની ચામડી ગોઠવાય છે. સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા જોતાંજોતાં લોહીની નળીઓ અને નાડીઓનાં જોડાણ થાય છે. આવા ઘા જલ્દી રૂઝાવા જોઇએ જેથી માનસિક ને શારીરિક દુઃખ મટે, Rehabilitation-પુનઃવ્યવસ્થાપન ઝડપી બને અને વ્યક્તિ જલ્દી હરતીફરતી થાય.

ચહેરા ઉપર જલદ રસાયણ છંટાવાથી થતા દાઝવાના બનાવમાં ઘા ઊંડા અને રૂઝાય ત્યારે જાડી રૂઝ સાથે કદરૂપાપણું રહે છે. આના માટે તથા હાથીપગુ અને કુષ્ઠ રોગની વિકૃતિઓમાં પ્લાસ્ટિક શસ્ત્રક્રિયા અનિવાર્ય છે. ચામડીના કૅન્સરની શસ્ત્રક્રિયામાં પણ મોટા ઘા શરીર-સૌંદર્ય અને કાર્યરીતિ માટે અસ્વીકાર્ય હોઈ ગંડ (ટ્યુમર) કાઢતી વખતે જ સરજન પુનર્રચનાની પ્લાસ્ટિક શસ્ત્રક્રિયા કરે છે.

ચહેરા ઉપર મોટો તલ કે લાખુ, અંદર કે આગળ પડતી દાઢી, મોટું મસ નાક, ચહેરાની કરચલીઓ અને બહુ મોટાં સ્તનની પ્લાસ્ટિક શસ્ત્રક્રિયાથી વ્યક્તિના દેખાવ અને વ્યક્તિત્વ સુધરે છે. બેઠેલા નાક માટે અગાઉ હાડકાં કે કોમલાસ્થિ વપરાતાં હતાં, પણ હવે તો આના માટે, અને નાનાં સ્તનને પુષ્ટ બનાવવા માટે સિલિકોન રબરનો બનેલો સિઆલિસ્ટિક નામનો, લાંબા ગાળે પણ બિક્રિયા ન ઉપજાવે એવો પદાર્થ, જોઇએ તેવા ઘાટમાં ઘડીને શરીરના વર્ણ અને પોત સાથે મેળ મળે એવો બનાવીને ચામડી નીચે ગોઠવાય છે.

સ્પષ્ટ સમજ સાથે ખૂબ કાળજીવાળી અને ચોકસ કલાકૌશલભરી પ્લાસ્ટિક અને પુનર્રચનાની શસ્ત્રક્રિયા સાથે ભાવપૂર્વકની સુશ્રુષા સૌંદર્યવંતા ચહેરા, સુડોળ ને મોહક અંગાંગો તથા કાર્યરત અંગો પ્રાપ્ત થાય છે.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

વધુ સાર્થક બનાવે છે : તપોવન વિહારિણી શકુંતલાએ એ નવમલ્લિકાને 'વનજ્યોત્સ્ના કહી છે : इयं स्वयंवर-वधूः सहकारस्य त्वया कृत–नामधेया वनज्योत्स्ना इति नवमालिका।

અહીં ચંદ્રપ્રકાશ જેવા ઉજ્જ્વલ મોગરાના પુષ્પોની સુષમા જોઈને જ શકુંતલાએ નવમલ્લિકાને વનજ્યોત્સ્નાનું સૂચક નામ આપ્યું છે.—Moon-Light of the Forest.

દસમી શતાબ્દીના, કવિવર રાજશેખર ગ્રીષ્મકાલીન પ્રકાર(ગ્રૈષ્મી)ને ઉનાળામાં ખીલતું સૂચવે છે-

विकाशकारी नवमल्लिकानां दलत्–शिरीष–प्रसवाभिरामः।
पुष्पप्रदः कांचन–केतकीनां ग्रीष्मोऽय मुल्लासित–घातकीकः॥

આયુર્વેદાચાર્ય જાદવજી ત્રિકમજી મહારાજ મોગરાના ત્રણ પ્રકારનું વર્ણન આ પ્રમાણે કરે છે-

'જે જાતમાં વર્ષાઋતુમાં ફૂલ આવે છે તે 'વાર્ષિકી'; જેને ગ્રીષ્મ-કાળમાં પુષ્પ આવે છે તે 'ગ્રૈષ્મી' અને જેને નાનાંનાનાં મોતી જેવાં પુષ્પો આવે છે તે 'અતિમુક્તા.' (દ્રવ્યગુણવિજ્ઞાન—પૃ. ૨૫૬).

મલ્લિકા (મોગરા)ને શીતઋતુ ગમતી નથી. તેનું એક લાક્ષણિક નામ છે-'શીતભીરુ'. સંસ્કૃતકાવ્ય 'કિરાતાર્જુનીય'ના પ્રણેતા ભારવિ કવિ આ વાતને રમણીય રીતે પ્રસ્તુત કરે છે :

इतिविरचित–मल्लिका–विकासः स्मयत इव स्म मधुं निदाघकालः

મલ્લિકાના વિકાસવાળી ગ્રીષ્મઋતુ જાણે કે મધુઋતુ(વસન્ત)નો ઉપહાસ કરી રહી હતી.

મોગરાની માળા શરીરને ઠંડક અને આહ્લાદ આપે છે :

मालाः कंठे पाटला–मल्लिकानां
सद्यो ग्रीष्मं हन्त हेमनीयन्ति। —काव्यमीमांसा (राजशेखर)

પાટલ અને મલ્લિકાઓની માળાઓ પહેરવાથી ગ્રીષ્મ ઋતુ પણ હેમન્ત ઋતુ જેવી ઠંડી લાગે છે.

ખાતર, પાણી અને શાખાઓની વખતસર છંટાઈ કરવાથી મોગ-રાના નિકુંજો બહુ રમણીય લાગે છે. વર્ષાઋતુમાં દાબ–કલમથી એનો વિસ્તાર કરી શકાય છે. ફૂટી આવેલી જડોથી નવા રોપા તૈયાર કરી શકાય. ઘણી વાર મોગરાનાં પુષ્પો ખરી જતાં વૃન્ત ઉપર કાળાં મરી જેવાં ગોળગોળ બીજ આવે છે. મોગરાજાતિનાં પુષ્પોમાંથી અત્તર પણ બને છે.

ઔષધીય ઉપયોગ : (૧) મોગરાનાં સૂકાં પાનની લૂગદી દુષ્ટ વ્રણ ઉપર બાંધવાથી વ્રણ રુઝાઈ જાય છે. (૨) મોગરાનાં પુષ્પો શીતલ, સુખપ્રદ, કામવર્ધક અને પિત્તશામક છે. (૩) મોગરાનાં પાન ઉન્માદ, મુખ-રોગ તથા દૃષ્ટિશૈથિલ્ય માટે ઉપકારક છે. (૪) ચેપી રોગ અને કુષ્ઠ રોગ માટે પણ એ હિતકારી છે. (૫) કફ અને વાત દોષ માટે પણ મોગરો લાભકારી છે. (૬) ઉદરવિકારમાં એનાં પાંદડાંનું ચૂર્ણ ગરમ પાણી સાથે લેવામાં આવે છે □

શૅરીડનનું પ્રખ્યાત પ્રહસન 'ધ સ્કૂલ ઑફ સ્કૅન્ડલ' ભજવાયું ત્યારે તેના સમકાલીન નાટ્યકાર રીચર્ડ કમ્બરલૅન્ડનાં બાળકોએ તે જોવાની જીદ પકડી. કમ્બરલૅન્ડ છેવટે તેમને નાટક જોવા લઈ ગયા. બાળકો એકેએક સંવાદ પર વારી જાય અને વિનોદની મઝા માણે. પોતાનાં બાળકો બીજાના નાટકને આમ વખાણે તે કમ્બરલૅન્ડથી સહન થયું નહિ. ન સહેવાતાં તેમણે બાળકોને ધમકાવ્યાં : 'શું હસો છો નદાનો ! હસવા જેવું આમાં છે શું કે તમે ખિ...ખિ ખિ...ખિ કરો છો ?' બાળકો ચૂપ થઈ ગયાં.

થોડા દિવસ પછી શૅરીડનને આ વાતની ખબર પડી. વાતને એ તરત સમજી ગયો. કમ્બરલૅન્ડના આ વર્તન ઉપર પ્રતિભાવ આપતાં તેણે કહ્યું: 'બિચારાં છોકરાંને કમ્બરલૅન્ડે નાહકનાં ધમકાવ્યાં. પ્રહસન જોઇને હસે એમાં શું થયું ? જુઓને હું તો પેલે દિવસે કમ્બરલૅન્ડનું એક 'ટ્રેજડી' જોવા ગએલો ત્યારે પણ નાટક જોઇને પેટ પકડીને હસ્યા સિવાય રહી જ નહોતો શક્યો.'

—પંકજભાઈ સોની

૧૬૧ ('કુમાર' અંક ૧૭૭)

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

• પ્રકરણ ૩ (ચાલુ) · અર્વાચીનોમાં આદ્ય દલપતરામ •

લેખક : પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

દલપતરામનું ગદ્ય સાહિત્ય


દલપતરામ આજે પણ સ્મરણીય છે અર્વાચીન ગુજરાતી ભાષાના એક આદ્ય કવિ તરીકે. તેમણે ગદ્ય સાહિત્ય પણ ઠીકઠીક રચ્યું છે. એમના ગદ્ય સાહિત્યમાં મુખ્યત્વે નિબંધ અને નાટકનો સમાવેશ થાય છે. 'તાર્કિક બોધ'માં બોધક પ્રસંગો છે. દલપતરામ પદ્યપ્રવાહમાં માછલાની જેમ સરકે છે, પણ ગદ્યમાં એ ગુંચવાય છે. પદ્યમાં તે જાહેર પ્રવચનો પણ આપી શકે છે. ગદ્યમાં એમની ગતિ દેખાતી નથી. તેમ છતાં ગુજરાત વર્નાક્યુલર સોસાએટી યોજિત નિબંધ-સ્પર્ધાઓ નિમિત્તે અને 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી તરીકે તેમને ગદ્યમાં નિબંધો, લેખો લખવાનું પ્રાપ્ત થયું એના ફળરૂપે એમનાં કેટલાંક ગદ્યપુસ્તકો આપણને પ્રાપ્ત છે. એમનો 'ભૂતનિબંધ' (ઈ. ૧૮૪૯) અર્વાચીન ગુજરાતીમાં કદાચ પહેલો નિબંધ છે. દલપતરામે આ નિબંધમાં ભૂત વિષે વિવેચન' કરવાને બદલે લોકોમાં ભૂતપ્રેત વિષે કેવી માન્યતાઓ પ્રચલિત છે તેના દૃષ્ટાંતરૂપ પ્રસંગો ટાંકથા છે. એ પ્રસંગો, ભૂતપ્રેતની ભ્રમણા રાખનારા અજ્ઞાન લોકો ધૂત ભૂવા અને મંતરજંતરવાળા ઈલમીઓને હાથે કેવા ઠગાય છે તેનું નિદર્શન કરે છે. દલપતરામ પુસ્તકના સારાંશ રૂપે છેલ્લે બોધ કરે છે, '...કોઈ રીતનો ભ્રમ તથા મંત્ર, જત્રની વાતો સર્વેનો તપાસ સારી રીતે કરવો. ગપ્પાની વાતોમાં વિશ્વાસ રાખવો નહીં અને ભૂત તથા મૂઠ, ચોટ આદિકની બીક છોડી દઈને, પરમેશ્વરની બીક મનમા રાખીને, જૂઠું બોલવા આદિક પાપ કરવું નહીં; અને સદ્‌ગુરુની સેવા કરવી. કપટી તથા દુષ્ટ આચરણવાળાની સોબત કરવી નહીં; તથા કોઈ ઢોંગી માણસ પાસે ઠગાવું નહીં.' ('ભૂતનિબંધ' આવૃત્તિ પાંચમી, ઈ. ૧૮૭૦. પૃ. ૧૨૩.)

આ 'ભૂતનિબંધ' પર વારી જઈને ફાર્બસે તેનો અંગ્રેજીમાં અનુવાદ કરીને વિલાયતમાં પ્રગટ કર્યો હતો અને ઉર્દૂમાં પણ તેનો અનુવાદ થયો હતો એમ દલપતરામે પ્રસ્તાવનામાં નોંધ્યુ છે. કવિ નાનાલાલે 'ભૂતનિબંધ'ની રચના સાલ ૧૮૪૯ નોંધી છે. ('કવીશ્વર દલપતરામ' ભાગ ૨, પૂર્વાર્ધ પૃ. ૯૧). શ્રી હસિત બૂચે 'દલપતરામ : એક અધ્યયન'માં તેમ જ શ્રી યશવંત શુક્લે 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' પુ. ૩માં તેની સાલ ઈ. ૧૮૫૦ આપી છે. નાનાલાલનું એ પુસ્તક વિષેનું વર્ણન જોતાં ઈ. ૧૮૪૯ની સાલ સાચી જણાય છે. તેમણે નોંધ્યું છે : અર્વાચીન ગુજરાતીનો પ્રથમ સ્વતંત્ર ગદ્યગ્રન્થ તે ઈસ્વી. ૧૮૪૯માં લખાયેલો દલપતરામનો "ભૂતનિબન્ધ".' અને પછી ઉમેરે છે કે, 'ફારબસને ભૂતનિબન્ધ એટલો ગમ્યો કે વળતે જ વર્ષે, ૧૮૫૦માં ભૂતનિબન્ધનું ઇંગ્રેજી ભાષાન્તર પોતે કરી પ્રગટ કીધું.' ('કવીશ્વર દલપત' ભાગ-૨, પૂર્વાર્ધ. પૃ. ૯૧) 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ' ભાગ-૧માં તેની રચના સાલ ઈ. ૧૮૫૯ આપી છે તે પણ સરતચૂક લાગે છે.

દલપતરામનો 'જ્ઞાતિનિબંધ' જ્ઞાતિવ્યવસ્થાના લાભ અને ગેરલાભ વર્ણવે છે. શ્રી યશવંત શુક્લે એ નિબંધ વિષે યોગ્ય જ કહ્યું છે: 'અર્વાચીન ગુજરાતીનો આ પહેલો સમાજશાસ્ત્રીય ગદ્યગ્રંથ છે, કેમ કે જ્ઞાતિસંસ્થાના ઇતિહાસથી આરંભી એની વર્તમાન સ્થિતિનું, એનાં તડાંનું એને એની વિસંગતિઓનું એમણે એમાં માર્મિક નિરૂપણ કરેલું છે.' ('ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' આવૃત્તિ ઈ. ૧૯૭૮. પૃ. ૩૨.)

દલપતરામ જ્ઞાતિ વ્યવસ્થા પરત્વે ખંડનાત્મક વલણ ધરાવતા નથી, તેમ જ એના પ્રબળ હિમાયતી પણ નથી. એમની 'ધીરે ધીરે સુધારાનો સાર'ની વૃત્તિ આ પુસ્તકમાં વરતાય છે. તેમણે વેદ તેમ જ સ્મૃતિ પુરાણોમાંથી પોતાના વક્તવ્યના સમર્થન માટે દષ્ટાંતો ટાંકીને પુસ્તકને વિચાર સમૃદ્ધ કર્યું છે. પુસ્તકનો સારાંશ અથવા તો બોધ પુસ્તકને અંતે તેમણે આપ્યો છે : '... ક્ષત્રી, વૈશ્યના ઘરનું પાણી પીવાથી, તથા જમવાથી પાપ લાગતું હશે, તો તે ઘણું નાનું પાપ હશે, પણ સુરાપાન, કુટસાક્ષી, સોનાની ચોરી, ખૂન એ તો મહાપાપ છે. માટે જેવા ખાવાપીવાના બંદોબસ્ત છે, તેવા મહાપાપ કરનાર, લાંચ લેનાર વગેરેને સારૂ થાય તો ઘણું સારૂ. કેમ કે ધર્મશાસ્ત્રને મતે પણ પતિત તો એ જ કહેવાય છે; વાસ્તે એવાને નાત બહાર મૂકવા જોઈએ.' (જ્ઞાતિનિબંધ, આવૃત્તિ ચોથી, ઈ. ૧૮૮૭. પૃ. ૧૪૯.)

'બાળવિવાહ નિબંધ'માં દલપતરામ સાચા પ્રબળ સમાજ-સુધારક તરીકે પ્રતીત થાય છે. ધર્મશાસ્ત્રોનાં વચનો ટાંકીને તેમણે બાળવિવાહનો નિષેધ ઉચ્ચાર્યો છે. પુસ્તકના આરંભમાં જ લેખક એક


પોજોના રાવજીનો ઇતિહાસ
મહીકાંઠા એજન્સીના દફતરમાંથી મળેલો
ઉપરથી નકલ કરનાર દલપતરામ ડાહ્યાભાઈ.
ઈસ્વી૧૮૭૫
સંવત૧૨૦૧ની સાલમાં જુનાગઢમાંથી રાવ સેતરામજીના બેટા
સીયાજી નામે પોતાના સ્થાનથી દ્વારકાંની જાત્રા કરવા
નીકળતાં તેનો મુકામ પાટણ થયો. એ પાટણ અણહીલપુર
પાટણ કહેવાતું. એ પાટણ સંવત૮૦૨ના મહા સુદિ ૭ શનિ
વારને દિવસે પાદશાહના વખતમાં વનરાજ ચાવડે
વસાવ્યું. એ પાટણ સંવત૧૧૧૧ની સાલમાં ઉજડ થઈ
ત્યાંથી એક ગાઉ ઉપર આજ પીરાન પાટણ છે તે વસ્યું.
એ પાટણે સીયાજીનો મુકામ થાતાં, તે વખત ચાવડાનો
અમલ નીકળીને સોલંકીનું રાજ, તેથી ગાદી ઉપર મુળરાજ
સોલંકી હતો. તે સમે એ મુળરાજ ઉપર તેનો ફુઆઈ સગો
ભાઈ રાખાયત જુનાનો રાવ લાખાનો ભાણેજ જુનથી
ચઢ્યો રાજના લભાવાસ્તે કરતો હતો. તેણે તે દિવસ પાટણ
ફરતે ફરી ગામની ગાયો વાળી. તેની પછવાડે વારે ગયો
ની વારવાસ્તે પાટણના રાજા મુળરાજ ચડ્યા. અને
રાવ સીયાજી પણ ચડ્યા. તે જાતાં જાતાં કચ્છદેશમાં ફેરે
કોટ ગયા. ત્યાં રાવ લાખાને ફોજ પડેલી. અને તે જગાએ
મેહોતા તથા રાવ લાખાની ફોજનો મેળાપ થતાં લડાઈ
થઈ. એ રાવ લાખાને શીયાજીએ માર્યો. તે સાબાશી
ની રીઝ ઉપર મુળરાજે પોતાની દીકરી રાવ શીયાજીને આપીને,

દલપતરામનું ગદ્ય એમના હસ્તાક્ષરોમાં

સચોટ રૂપક દ્વારા પોતાનો હેતુ પ્રકટ કરે છે. બાળવિવાહનાં વૃક્ષ વાવનારને ઉદ્દેશીને તે લખે છે : '...ઓ મારા દેશી સમજુ માણસો, તમારે એવાં ઝાડ વાવવાં નહીં, કેમ જે એવાં ઝાડ તળે જઈ ચડનારાં ઘણાં માણસો રોતાં કકળતાં, ને એ ઝાડ વાવનારને ગાળો દેતાં મેં જોયાં છે. આટલું જ મારા કહેવાથી તો તમે વાવ્યા વિના નહીં રહો, પણ તમે જે એ ઝાડના મૂળમાં ખાતર નાખો છો; તે વિષે શાસ્ત્ર વગેરેના મજબૂત દાખલારૂપી મારા પાવડાથી એ ખાતર હું ખેદીને વેગળે ફેંકી દઈશ, ને એ ઝાડનાં જે ઝેરી ફળ કાંટાળાં છે. તે ટોપલા ભરીને હું તમારી નજર આગળ જાહેર કરીશ કે જેને જોતાં જ તમારા મનમાં કંટાળો આવશે. એટલે તમારૂં મન એ ઝાડ વાવ્યાથી પાછું હઠશે. ને એવાં દુષ્ટ ઝાડથી તમો તથા તમારી પ્રજાને દુઃખ થવાનું તે દૂર થશે' (બાળવિવાહ નિબંધ, ત્રીજી આવૃત્તિ, ઈ. ૧૮૬૭ પૃ. ૩).

દલપતરામના અપક્વ, કઢંગા અને અર્થનો અનર્થ કરી નાખે તેવા શબ્દપ્રયોગોથી મુક્ત ગદ્યનો પણ આ પરિચ્છેદમાં ખ્યાલ મળી રહે છે. દલપતરામના ગદ્યમાં–તેમના નિબંધોમાં સાહિત્યની ફોરમ નથી. એમને પોતાનું વક્તવ્ય સામી વ્યક્તિના ચિત્તમાં પહોંચાડી શકે તેવું ગદ્ય હોય તો પૂરતું છે. દલપતરામના ગદ્યમાં કોઈ છટા, કોઈ ચારુ કલ્પના, આકર્ષક શબ્દપ્રયોગો–એવું કશું મળે તેમ નથી. એમણે આ નિબંધો દ્વારા સંસાર સુધારાનું પ્રયોજન તાક્યુ છે અને સામાન્ય પ્રજા સમજી શકે તેવું વાતચીતનું ગદ્ય તેમણે કામે લગાડયું છે, દલપતરામના જ સમકાલીન નર્મદે નિબંધમાં કેવી સમર્થ શક્તિ દાખવી છે ! ગુજરાતી ભાષ નું ખમીર તેણે નિબંધોમાં પ્રગટાવ્યું છે દલપતરામે ગદ્યનિબંધ લખવાની પહેલ કરી, પણ નિબંધનું ઉત્તમ ખેડાણ તો નર્મદે જ કર્યું તેમ છતાં નર્મદના નિબંધોમાં જેનો સર્વથા અભાવ છે તેવી એક લાક્ષણિકતા દલપતરામના નિબંધોમાં છે અને તે તેમનો વિનોદ. દલપતરામના નિબંધો ઓગણીસમા સૈકાના અંતભાગ સુધીમાં તો સારી રીતે પંકાઈ ચૂક્યા હતા અને તેની અનેક આવૃત્તિઓ થઈ હતી. તેમાં પ્રજાની ઊઘડતી જતી વાચન ભૂખ એ તો એક કારણ હશે જ, પણ દલપતરામની વિનોદની છાંટવાળી લેખનશૈલીએ પણ જરૂર મહત્ત્વનો ભાગ ભજવ્યો હશે. 'દૈવજ્ઞદર્પણ'માં એમનો વિલક્ષણ વિનોદ કોઈ પણ વાચકને આકર્ષી શકે તેવો છે. એનું ઉદાહરણ અહીં રજૂ કરીએ :

'એક નવો વિદ્યાર્થી નામીચા જોશી પાસે સાત વર્ષ સુધી જોતિષશાસ્ત્ર ભણ્યા પછી પોતાને ઘેર આવ્યો, અને સર્વલોક કહેવા લાગ્યા કે પ્રખ્યાત જોશી પાસે ભણી આવ્યો માટે તે હોશિયાર છે. એવામાં મારું કાંઈ ખોવાયું હતું તેથી હું નાળીએર લઈ ને તે નવા જોશીને પ્રશ્ન પૂછવા ગયો અને તેના આગળ નાળીએર મૂકીને મેં કહ્યું કે, મહારાજ, અમારું કાંઈ ખોવાયુ છે માટે પ્રશ્ન બાંધો. જોશીએ તરત ઊઠીને પોતાની છાયાનાં પગલાં ભરીને પ્રશ્ન બાંધ્યું, ત્યાં કુંભ લગ્ન બેઠું. ત્યારે જોશીએ કહ્યું કે પ્રશ્નના ગ્રંથમાં લખ્યું છે કે कुंभे तु मूषकंश्चार: કુંભ લગ્ન બેસે તો જાણવું કે ખોવાએલી જણસ ઉંદર લઈ ગયા છે. ત્યારે મેં કહ્યું કે મહારાજ, મારો બળદ ખોવાયો છે...'

દલપતરામનું 'તાર્કિક બોધ' વાર્તાત્મક છે. પુસ્તકની પ્રસ્તાવનાના છલ્લા વાક્યમાં તેમણે પોતે જ પુસ્તકની વિશેષતા વર્ણવી દીધી છે કે 'આ ચોપડીમાં રમૂજ સાથે બોધ છે, તે અસરકારક છે.' ઈ. ૧૮૭૦માં આ કૃતિ પ્રગટ થઈ હતી દલપતરામે આ પુસ્તકમાં વાર્તાઓ નિમિત્તે વ્યાપક નીતિનું નિરૂપણ કર્યું છે. વાર્તાઓમાં દલપતરામના વ્યક્તિત્વની લગભગ બધી વિશેષતાઓ, જે એમની કેટલીક કવિતામાં પ્રગટ થતી હતી તે,—મનોરંજકતા, બોધકતા ઈત્યાદિ—અહીં નજરે ચડે છે. 'વિશ્વાનુભવસ્વપ્નું' જેવામાં વિશ્વના સરજનહારની સૃષ્ટિનું કલ્પનારસિક ચિત્ર છે. 'શાસ્ત્રીઓની સભા'માં વિનોદ ધ્યાન ખેંચે છે. પ્રજાને હળવાશથી સમજાવીને સુધારા ને સદાચારને માર્ગે વાળવાનું તેમનું પ્રયોજન વાર્તાઓમાંથી તરત સ્પષ્ટ થાય છે : બે પાત્રો દ્વારા સંવાદની રીતે પણ તેમણે પોતાનું વક્તવ્ય કેટલીક વાર રજૂ કર્યું છે. એક વાર્તામાંથી પાત્ર બીજી વાર્તા શરૂ કરે છે અને એમ વાર્તાઓ સંધાતી જાય છે. શ્રી યશવંત શુક્લના શબ્દોમાં : 'રચનાપ્રકાર જોઈએ તો આમાં શૈલી પંચતંત્રની છે, એટલે કે વાર્તા કહેવાનું નિમિત્ત અને વાર્તામાં વાર્તા એ રીતે આમાં વાર્તાઓ ગૂંથાએલી છે જેનો ઉદ્દેશ તર્કશક્તિ વધારવા માટે વિદ્યાભ્યાસ કરવા ઉપર ડોક પાડવાનો છે.' (ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ઈ. ૧૯૭૮, પૃ ૩૮)

દલપતરામની સંવાદાત્મક કૃતિ તરીકે 'સ્ત્રીસંભાષણ' (ઈ. ૧૮૫૬) છે. ફાર્બસને સ્ત્રીઓ વચ્ચે થતી વાતચીતની ભાષા અને તેમની વ્યવહારરીતિનું ઉદાહરણ આપવા દલપતરામે આ પુસ્તિકા રચી હતી.

'લક્ષ્મીનાટક' (ઈ. ૧૮૫૧) એ જેવું છે તેવું ગુજરાતી ભાષાનું પહેલું નાટક છે. ફાર્બસની પ્રેરણાથી દલપતરામે તે રચેલું તેનાં મૂળ ગ્રીક નાટ્યકાર એરિસ્ટોફેનિસના 'પ્લુટસ' નાટકમાં છે : 'લક્ષ્મી નાટક' સંવાદથી ખાસ આગળ વધતું નથી અને સંકલનાની તથા તેમાં પાત્રચિત્રણની, ભાષાની ખૂબ કચાશ વરતાય છે. પ્રસ્તાવનામાં તેમણે પ્રયોજન વર્ણવતાં નોંધ્યું છે, 'આ નાટક વાંચીને સજ્જન લોકો સારાંશ એટલો લેશે કે અન્યાયથી, અધર્મથી તથા ચાડિયાપણાથી ધન પેદા કરવું નહીં.' નાટકમાં શ્રીમંતો, વકીલો, ડૉકટરો વગેરે પર થોડાક કટાક્ષ છે, ભીમડાના વાર્તાલાપમાં થોડોક વિનોદ છે. પણ એકંદરે સમગ્ર કૃતિની કોઈ સુશ્લિષ્ટ છાપ ઊપસતી નથી. કવિ નાનાલાલે તેને 'લક્ષ્મીપૂજકોનું પ્રહસન' કહ્યું છે.

દલપતરામ પ્રહસનકાર તરીકે તો 'મિથ્યાભિમાન'નાટક(ઈ. ૧૮૬૯)માં ઝળકી ઊઠે છે. એમની સર્જકતા, એમનો ઉત્તમ વિનોદ, એમનું પાત્રચિત્રણ, શિષ્ટ ગદ્ય એ સર્વનો સુયોગ એ નાટકમાં થાય છે. જીવરામ ભટ્ટનું પાત્ર સર્જવામાં દલપતરામે સમર્થ કૌશલ દાખવ્યું છે. આપણા હાસ્યસાહિત્યમાં જીવરામ ભટ્ટ અણમોલ 'રત્ન' છે. ભદ્રંભદ્ર એમના જ જાણે વંશજ છે. જીવરામ ભટ્ટનો પૂરો વારસો લઈ ને ત્રણેક દસકા પછી ભદ્રંભદ્ર અવતરે છે. દલપતરામે આ નાટકમાં સંસ્કૃત નાટ્યરીતિ અને ભવાઈ એ બેનો સમન્વય સાધ્યો છે. રંગલો એ ભવાઈમાંથી લેખકે ઊંચકેલું પાત્ર છે; જીવરામ ભટ્ટના સસરા રઘનાથ સાથેનો રંગલાનો સંવાદ જોવાથી લોકનાટ્યની આ નાટક પરની પ્રભાવક અસર સમજાશે—

રઘનાથ : (ઊભો થઈને હાથ લાંબા કરીને) આવો નાટક-નટજી.

રંગલો : (લાંબે હાથે મળીને) આવો લાડુ ભટ્ટજી.

રઘનાથ : કેમ છો લાયક લડવા ?

રંગલો : ઠીક છે કાકાકઉવા.

રઘનાથ : ક્યાંથી આવ્યા તમે ?

રંગલો : તમે ત્યાંથી અમે (લાંબા ઓઠ કરીને).

રઘનાથ : છે સહુ સાજુંતાજું ?

રંગલો : પંડ સાજે સહુ સાજું.

રઘનાથ : કહોને વાત વિસ્તારી.

રંગલો : બાંધી મૂઠી સારી (મૂઠી બતાવે છે).

રઘનાથ : કેટલાં છૈયાં-છોરું ?

રંગલો : પાછળ કોરું મોરું (પોતાની હથેળીમાં હથેળી ફેરવે છે.)

રઘનાથ : કાંઈ સંદેશો સારો ?

રંગલો : આવે જમાઈ તમારો.

રઘનાથ : કેમ આવે છે ચાલી ?

રંગલો : પાડાનું પૂંછ ઝાલી.

નાન્દી, સૂત્રધાર અને નાટકની વચમાં આવતા શ્લોકો સંસ્કૃત નાટ્યરીતિનું નિદર્શન કરે છે.

(અનુસંધાન પૃ. ૧૫૫)

કલાવાર્તા

કલાકાર નટુભાઈ પરીખ



લેખક
ખોડીદાસ પરમાર

કલાની સાધના કરવાથી કલાલક્ષ્મીના ધામના દર્શન તો થાય જ, પણ લોહીના સંસ્કારો ય માનવીને કલાભિમુખ થવા પ્રેરે ખરા. આ રીતે પિતૃક કલાસંસ્કારની મૂલગત ભાવના ભાઈ નટુભાઈ પરીખ અને એમના બીજા બે ભાઈ જયંતભાઈ તથા મનુભાઈમાં પાંગરી છે.

નટુભાઈના પિતાજી જેઠાલાલભાઇને કલામય સુશોભનો અને મરોડદાર હસ્તાક્ષરે લખવાનો બહુ શૉખ હતો. ત્રણે પુત્રોમાં પણ એ શૉખ ધ્વનિત થઇને પરંપરાએ ઊતરી આવ્યો છે. જો કે પિતાની ઇચ્છા તો મોભી દીકરાનો તરવરાટ જોઇને એને વકીલ બનાવવાની હતી, પણ ગુજરાતી ભાષા સાહિત્યના અભ્યાસ સાથે નટુભાઈ બી.એ. થયા અને વકાલતને બાજુએ રાખીને એમણે ડી.ટી.સી.ની ઉપાધિ લઇને કલાશિક્ષણમાં ઝુકાવ્યું

ચરોતરી ભોમકાના ખેડા જિલ્લાના બાંધણી ગામમાં ઈ. ૧૯૩૧ની ૧૪મી જાન્યુઆરીએ નટુભાઇનો જન્મ. પિતાએ અમદાવાદની કૉલેજમાં ભણવા મોકલ્યા ત્યારે સ્નેહાળ મિત્ર શ્રી નરોત્તમ વાળંદની હૂંફ-સંગતે આખાકીય ભણતરમાં પાર ઊતરીને બી.એ. તો થયા, પણ ચિત્રકળાના સ્વપ્નીલ પ્રદેશમાં ઉડ્ડયનો કરતું એમનું મન કલાની સૃષ્ટિમાં વધુ શાતા પામતું. સ્વાભાવિક રીતે વકાલતની દિશા છોડી એમણે શેઠ ચી. ન. કલાશાળામાં શ્રી રસિકલાલ પરીખના આચાર્યપદ તળે કલાની દિશા લીધી ને ડિપ્લોમા મેળવ્યો. પીજમાં કલાશિક્ષકની નોકરી લીધી ને ત્યાંનાં તળપદ ભીંતચિત્રોની નકલો વગેરે દ્વારા પોતાના ચિત્રકામનો રિયાઝ ચાલુ રાખ્યો. પોતાના નાના ભાઈ જયંતકુમારને પણ એમણે વડોદરા યુનિ.ની 'ફૅકલ્ટી ઑફ ફાઈન આર્ટ્સ'માં કલાશિક્ષણ માટે મોકલ્યા. આ માટે કલાશાળાની એમની પસંદગી પાછળ સાંપ્રત કળા પ્રત્યેનો એમનો અભિગમ વ્યક્ત થાય છે. જયંતભાઈના કલા-અભ્યાસમાં મુક્ત સ્વરૂપનો અભિગમ, અવનવા હૃદયંગમ પ્રયોગોની વિવિધ લઢણોમાં મૂર્ત અમૂર્ત આકારોમાં થતું ચિત્રસર્જન, તેની તેજસ્વીતા, રંગરચના, પોત, અવકાશની સૂઝ વગેરેની અવનવીનતાથી પ્રભાવિત થઈ એમણે પોતે પણ ૧૯૬૦માં પીજની નોકરી છોડી દઈ વડોદરાની વાટ પકડી ને ત્યાં 'નૉન કૉલેજ સ્ટુડન્ટ' તરીકે કલાનો વધુ અભ્યાસ આદર્યો. સાથોસાથ શ્રી કાંતિભાઈ કાપડિયાના સૂચનથી કલાશિક્ષણમાંથી અરીનો અભ્યાસક્રમ પણ શરૂ કર્યો. નોકરી છોડીને ફરી ભણવા માંડતાં પૈસાની ભીંસ વધે એ સ્વાભાવિક હતું. પણ સદ્‌ભાગ્યે વડોદરાની સયાજીરાવ ગર્લ્સ સ્કૂલમાં ખંડસમયની નોકરીનો સહારો મળી ગયો.

કલાની તીવ્ર રટણાથી વડોદરાની કલાશાળામાં ઘણું જોયું જાણ્યું, માણ્યું ને વાંચ્યું. અજંતા ઇલોરા જેવા કલાધામોના પ્રવાસોથી કલા પ્રત્યેની દિલચસ્પી વધુ રંગીન બની. રસળતી સંવેદનાને કશુંક જોયા-જાણ્યાનું મૂર્ત દર્શન મળતાં ચિત્રમાંડણીની સૂઝ આપોઆપ ગૂંથાતી ગઈ. શ્રી એન. એસ. બેન્દ્રેની ભાવભરી નજરની રાહે કલાનું સૌન્દર્ય, રચનાતંત્ર, પરિમાણમાં







નટુભાઈનાં ત્રણ ચિત્રો - ડાબી બાજુ : 'પ્રતીક્ષા' ઉપર : સાબરમતીને કાંઠે અમદાવાદ અને (નીચે) છોટાઉદેપુરના ડુંગરો.



આમ તો બધા ચિત્રવિષયોમાં નટુભાઇને રસ છે ને તેમાં અનેક રીતિઓ તેમણે અજમાવી છે. પણ માનવ-છબી અને દૃશ્ય ચિત્રો તરફ તેમનો ઝોક વધુ છે. એનું એક ઉદાહરણ 'ગાંધીજી'. ◁

આકાર, કદ, રંગ, તેજસ્વીતા સાથે સમગ્ર સ્વરૂપની દર્શનભાવનાનું જ્ઞાન મળ્યું. તે ઉપરાંત, કૃતિ સમસંવેદનની ભાવના શી રીતે જગાવે તેની ક્રિયાપ્રક્રિયાની મૂળ સંવિધિનું જ્ઞાન અહીં લાધ્યું.

અહીં જ એમણે શ્રી વી. આર. આંબિરકરની રાહબરીમાં કળ તત્ત્વના મૂળભૂત સિદ્ધાંતો, રચના પ્રક્રિયાના આકાર, પ્રકાર અને કલાનું બાહ્ય આંતરિક વર્ણ્યસ્પર્શ્ય સૌંદર્યસ્વરૂપ વગેરે વિવેચનાત્મક પરિપાટીના મરોડની શીખ લીધી. સાથોસાથ ભાઈ જયંત પરીખની ચિત્રલઢણ નિહાળી. તેનો સતત રિયાઝ, કમનીય પ્રયોગશીલતા જોઇને પણ તેઓ ભાવવિવશ બની જતા. આમ, વડોદરામાં 'ફેકલ્ટી ઑાવ ફાઈન આર્ટ્સ'માંથી ૧૯૬૨માં 'એ. એમ. વિથ આર્ટ્સ ક્રિટિસિઝમ'ની ઉપાધિ મેળવી.

અભ્યાસકાળ એ સાધનાની સુવર્ણમૂડી સંચિત કરવાનો બાળકાળ છે. તે જ રીતે વાસ્તવિક સંસારી જીવનમાં એ સંઘરેલી મૂડી સર્વજન ભોગ્ય અને આદાનપ્રદાનથી અનેકગણી ફેલાશે-વધશે એ ન્યાયના જાણકાર નટુભાઈ આ પછી અમદાવાદના શેઠ શ્રી ચી. ન. કલા મહાવિદ્યાલયમાં કલા વિવેચનના અધ્યાપક તરીકે જોડાઈ ગયા. આચાર્ય રસિકભાઈ અને અન્ય કલાકાર અધ્યાપકના કલાકક્ષમાં નટુભાઇને પણ સ્થાન મળી ગયું. ચિત્રકારને ચિત્રજગત લાધ્યું. આજે ૫૦ વર્ષની કોરેમોરે આંબી ગએલા નટુભાઈ કલાશાળામાં 'કલાવિવેચન' વિભાગના વડાનું સ્થાન દીપાવે છે.

પોતાની કલાસાધનામાં એમણે આકાર-પ્રકારના ઠીકઠીક પ્રેક્ષણીય પ્રયોગો કર્યા છે. છબીચિત્રો અને દૃશ્યચિત્રો એ બે પ્રકારનાં ચિત્રાંકનોમાં એમને વિશેષ રસ છે. છબીઓમાં પાત્રની લાક્ષણિકતા ને દૃશ્યચિત્રોમાં પ્રકૃતિનાં વિધવિધ રૂપને એમણે વિવિધ રીતે નવાજ્યાં છે. આ દૃશ્યચિત્રો કરવામાં એમની આગવી ખાસિયત છે પ્રથમ મૂળ સ્થાન પર જ દોરેલા ખસરા અને રંગનોંધો કરી લે છે અને પછી ઘરઆંગણે તેના તથા સ્મૃતિના આધારે એ દૃશ્યાત્મક સંવેદનાને અનુરૂપ રંગ માધ્યમ પ્રમાણે વિચારીને પછી તે ચિત્ર પૂરું કરે છે. આમ, તેઓ અંતરમનમાં રહેલી ભાવ સ્પર્શનાનું ભાવન-દર્શન અને ચિત્રાલેખન એ બંનેનો સમન્વય સાધીને ચિત્રસર્જન કરે છે. આ રીતે એમણે કરેલાં દૃશ્યચિત્રોમાં નરગોલનો દરિયો કે આબુ તારંગાના ડુંગરો, હિલોળતી વનશ્રી કે ગામડાની વાંકીચૂંકી શેરી, એ બધાની પાછળ કળાનું તળપદ રૂપ અને કલાકારની આસ્વાદ્ય સંવેદનાનું દર્શન થાય છે.

પોતે કલાકાર હોઈ કલાના ચાહક પણ છે અને અન્ય કલાકારોની કૃતિઓને હૃદયથી આવકારે–આસ્વાદે છે અમૃતા શેરગીલ, એમ. એફ. હુસેન અને બેન્દ્રેનાં ચિત્રસર્જનાના એ આશક છે. શ્રી સોમાલાલ શાહનાં ચિત્રોનું રંગમાધુર્ય એમને સ્પર્શી ગયું લાગે છે. શેગાલ, દેગા, હાંરી માતિસ જેવા પરદેશી કલાકારોની રંગરમણા, ચિત્રલઢણ અને સાદગીભર્યાં રૂપ-આકાર એમને ગમે છે.

ઈ. ૧૯૭૦માં મુંબઈની જહાંગીર આર્ટ ગૅલેરીમાં એમણે પહેલી વાર પોતાના ચિત્રોનું પ્રદર્શન યોજ્યું. તે પછી અમદાવાદ ને અન્ય સ્થળે ૧૯૭૨–૧૯૭૯માં ફરી પોતાની કૃતિઓ રજૂ કરી. ૧૯૬૩મા ગુજરાત રાજ્યના અને ૧૯૭૦માં મૈસૂરના દશેરા એક્ઝિબિશનમાં એમણે પારિતોષિકો પણ મેળવ્યાં. ગુજરાત રાજ્યના માજી ગવર્નર શ્રીમન્ નારાયણથી માંડી કેટલીક નામી કલારસિક વ્યક્તિઓ પાસે એમની કૃતિઓ સંઘરાઈ છે.

નટુભાઈ પાસે પીંછીની સાથોસાથ કલમ પણ છે. રંગ અને શબ્દની અભિવ્યક્તિ હોઈ ચિત્રકામની જેમ તેમણે 'કલાસંસ્કાર', 'કલા સર્જન' અને 'કલાવૃત્ત' જેવાં ચિત્રકલાનાં પરિચયલક્ષી ને વિવેચનાત્મક પુસ્તકો અન્યના સાથમાં લખ્યાં છે. ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના તેઓ સદસ્ય છે. ૧૯૭૯માં 'ઉચ્ચ કલાશિક્ષણ'ના સેમિનારમાં સૂત્રધારપદ પણ એમણે સંભાળેલું.

કલાકારનું સર્જન - ચિત્ર અને સાહિત્યમાં તેમનું વ્યક્તિત્વ સહજ રીતે ધ્વનિત થાય કે ગર્ભિત રૂપે પડઘાય તેમ મનાય છે. પણ નટુભાઈ તો જીવનાનંદ માટે કહે છે કે, 'છેલ્લાં બે વર્ષથી જીવન વિષે વાંચું છું. માનસિક શાંતિ તો જીવાતા જીવનને સમજવાથી જ મળે ખરે, બધી જ ગ્રંથિઓથી મુક્ત થવામાં મળે છે. મન પર ભાર ન હોય ત્યારે કામનું તે કાન સારું રહે છે.'

ટિકિટ-સંગ્રહ

લંડનનાં ઐતિહાસિક સ્થાપત્યો



લંડનનાં ઐતિહાસિક સ્થાપત્યોમાં ખાસ કરીને બ્રિટિશ રાજ-પરિવાર સાથે સંકળાએલાં સ્થાનોનું દેશના તેમ જ વિદેશના લોકોમાં એક આગવું આકર્ષણ રહ્યું છે. બ્રિટનની આ પાંચ નવી ટપાલ-ટિકિટોમાં લંડનની એવી વિખ્યાત ઇમારતોની રજૂઆત છે. બ્રિટનના વિખ્યાત સ્થપતિ ચિત્રકાર સર હ્યુ કૅસને કરેલાં જલરંગી ચિત્રોનો તેમાં ઉપયોગ કર્યો છે. મૂલ્યાનુક્રમ પ્રમાણે તેમાં—

બકિંગહામ પૅલેસ બે સદીથી યે વધુ સમયથી બ્રિટનના રાજા રાણીનું નિવાસ સ્થાન છે. મૂળ તો આ સ્થળે ડયુક ઑવ બકિંગહામનો આવાસ હતો. રાણી શાર્લોત માટે જ્યૉર્જ ત્રીજાએ એ આવાસ ખરીદેલો. જ્યૉર્જ ચોથાએ એ જૂના મહાલયનું રાજપ્રાસાદમાં રૂપાંતર કરવા જહૉન નૅશને કામ સોંપ્યું, પણ એ કાર્ય જ્યૉર્જ પાંચમાના સમયમાં સર ઍસ્ટન વેબરીના હસ્તે પૂરુ થએલું

આલ્બર્ટ મૅમોરીઅલ એ મહારાણી વિક્ટોરીઆના પતિ પ્રિન્સ કૉન્સર્ટનું સ્મારક છે ૧૮૬૧માં એમના અવસાન પછી ૧,૨૦,૦૦૦ પાઉન્ડ જેટલા જાહેર ફાળામાંથી આરંભાએલું આ સ્મારકનું બાંધકામ નવ વર્ષે પૂરું થએલું. સર જ્યાર્જ ગિલ્બર્ટ સ્કૉટે તેની રચના કરેલી. બ્રિટનના વિક્ટોરીઅન કાળનાં સ્થાપત્યોમાંનું એ એક મહાન સર્જન છે. ગ્રેનાઈટ અને આરસ જડિત ઓટલા ઉપર રચેલા શોભનખચિત આ સ્મારકની મધ્યમાં પ્રિન્સ આલ્બર્ટની પ્રતિમા છે.

રૉયલ ઓપેરા હાઉસ એ ઇંગ્લિશ ઓપેરાનું પીયર છે રૉયલ બૅલે અને રૉયલ ઓપેરા કંપની બંને પોતાના પ્રયોગો અહીં રજૂ કરે છે. ઈ. ૧૭૩૨માં એ બંધાયા. પછી અકસ્માત આગમાં નાશ પામતાં ફરી બંધાયું. ૧૯મી સદીમાં ફરી નાશ પામ્યુ અને ઈ. એમ. બૅરીએ એને આજના નવા સ્વરૂપે ફરી ઊભું કર્યું. શ્વેત, સોનેરી ને કેસરી રંગનાં સુશોભનોથી શોભતા આ થીએટરનું આગવું ગૌરવ છે. યુરોપ ભરના વિખ્યાત ભવ્ય ઓપેરા થીએટરોમાં તેની ગણના થાય છે.

હૅમ્પ્ટન કોર્ટ મૂળ તો કાર્ડિનલ વૂલ્ઝીનો આવાસ. પણ એની ભવ્યતા અને વૈભવ રાજપ્રાસાદની હોડ કરતા ને એથી હેન્રી આઠમાને પણ એ ખટકતો હતો. પરંતુ રાજદરબારમાં પુનઃ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા મુત્સદ્દી વૂલ્ઝીએ રાજાને એ ભેટ આપી દીધો. મહારાણી વિક્ટોરીઆએ તેના દરબારી ખંડો જાહેર પ્રજાને જોવા માટે ખુલ્લા મૂક્યા પછી સહેલાણીઓમાં એ એક મોટું આકર્ષણ બની રહ્યો છે, અને એટલું જ આકર્ષણ છે અહીંની ભુલભુલામણીનું.



કેન્સિંગ્ટન પૅલેસ હાલમાં રાજકુમારી માર્ગારેટનો આવાસ છે. ઈ. ૧૬૮૯માં અર્લ ઑવ નૉટિંગહામ પાસેથી વિલિયમ ત્રીજાએ આ આવાસ ખરીદ્યા પછી વિખ્યાત સ્થપતિ સર ક્રિસ્ટોફર રેને એને રાજમહેલને યોગ્ય રૂપ આપેલું. આ મહેલ રાજકુટુંબની અનેક વ્યક્તિઓનાં જન્મ ને મૃત્યુનો સાક્ષી છે. વિલિયમ ને મેરી, રાજારાણી બંનેનું અહીં અવસાન થએલું રાણી એનના પતિ પ્રિન્સ જ્યૉર્જ પણ અહીં મૃત્યુ પામેલા. ઈ. ૧૮૧૯માં મહારાણી વિક્ટોરીઆનો અહીં જન્મ થયો અને અહીં જ એને મહારાણી પદ મળ્યાની વધામણી મળેલી.

'લંડન ૧૯૮૦'ના આંતરરાષ્ટ્રીય ટિકિટ પ્રદર્શન વખતે જ, એટલે કે આ મે માસની ૭મી તારીખે આ ટિકિટો બહાર પડશે. પ્રદર્શન નિમિત્તે ઇંગ્લૅન્ડ આવેલા હજારો વિદેશી ટિકિટ સંગ્રાહકોમાં આ નવી ટિકિટો સારો રસ જગાડશે

(ટિકિટો મોકલનાર: રમણિકલાલ સોલંકી-લંડન)

સાહિત્યસંપર્ક

ઇતિહાસ-સંસ્કૃત વિષયક બે ગ્રંથો

આપણાં વિશ્વવિદ્યાલયોમાં વિવિધ વિષયના વિભાગોમાં શિક્ષણના કાર્યની સાથે સાથે થોડું સંશોધનનું પણ કામ થતું રહે છે. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આવાં સંશોધનના જે કેટલાક ગ્રંથો 'ગૂજરાત વિદ્યાપીઠ સંશોધન શ્રેણિ' અન્વયે પ્રકટ થયા છે તેમાં નીચેના બે ગ્રંથોનો ઉપયોગી ઉમેરો થાય છે :

વીસમી સદીનું ભારત : સર્વશ્રી રામલાલ પરીખ અને રસેશ જમીનદાર દ્વારા સંપાદિત આ ગ્રંથમાં કુલ ૧૧ અભ્યાસલેખો સંગૃહીત થયા છે. શ્રી રસેશ જમીનદારના 'અભિલેખવિદ્યાનો વિકાસ' નામક ત્રણ લેખોમાં અભિલેખવિદ્યાનો પરિચય તેમ જ સંસ્કૃત કોતરલેખો અને સિક્કાલેખોનો વિશદ અને વિગતવાર ઇતિહાસ આપવામાં આવ્યો છે. આના જ અનુસંધાનમાં ઝિયાઉદ્દીન દેસાઈનો લેખ અરબી ફારસી અભિલેખોનો અધિકૃત પરિચય કરાવે છે. પુરાવસ્તુવિદ્યાને લગતા રવિ ગજાનન હજરનીસના બે લેખોમાં પુરાવસ્તુવિદ્યાના વિકાસ અને પુરાવસ્તુકીય સંગ્રહાલયો વિષે વિવરણ અને માહિતી આપવામાં આવ્યાં છે. શ્રી રસેશ જમીનદારે એમના ચોથા લેખ 'દફતરભંડાર'માં રાજ્યોના કાગળ દસ્તાવેજોની ઉપયોગિતા શી હોય છે તેની માહિતી પૂરી પાડી છે. આ ઉપરાંત શ્રી જી. ડી. પટેલે 'જિલ્લા સર્વસંગ્રહો' નામક લેખમાં યથાશીર્ષક વિષયવસ્તુનું સુપેરે બયાન કરવામાં આવ્યું છે. શ્રી અરવિંદ ભટ્ટે એમના લેખ 'ભારતીય સમાજવ્યવસ્થા'માં સમાજવ્યવસ્થાના સ્વરૂપનો ખ્યાલ આપી તેનો ઊંડો અભ્યાસ રજૂ કર્યો છે. શ્રી વિમળા કારાન્નેએ એમના લેખ 'શૈક્ષણિક સંશોધનનો વિકાસ'માં શૈક્ષણિક સંશોધનનાં કાર્ય અને ફલશ્રુતિની રેખા દોરી આપી છે. શ્રી કિરીટ ભાવસારે 'મહત્ત્વના બનાવોનો અનુક્રમ' તૈયાર કરી આપ્યો છે, તે પણ વીસમી સદીના ભારતના ઇતિહાસને સમજવામાં ખૂબ ઉપયોગી થાય તેમ છે. આ બધા જ લેખો તેના અધિકારીઓની કલમે તૈયાર થયા હોઈ અધિકૃત માહિતી તો પૂરી પાડે જ છે, પણ સાથે સાથે પોતાના વિષયના ઊંડા અભ્યાસની યે પ્રતીતિ કરાવી જાય છે. આ ગ્રંથમાં, આમ, ખાસ કરીને વીસમી સદીના ભારતને સમજવા માટે તેના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં રહીને ઐતિહાસિક સાધનોની મીમાંસા કરવામાં આવી છે. ઇતિહાસમાં રસ ધરાવનાર વાચકોને આ લેખસંગ્રહ ખૂબ જ ઉપયોગી વાચનસામગ્રી પૂરી પાડી રહે તેવો છે. (પ્રકાશક: ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૧૪, કાચું પૂઠું, પૃ. ૧૭૪, રૂ ૨૫)

અખંડ ભારતમાં સંસ્કૃતિનો ઉષઃકાળ : જાણીતા લેખક અને અભ્યાસી શ્રી હસમુખ ધીરજલાલ સાંકળિયાનું આ પુસ્તક ભારતની સાંસ્કૃતિક અખંડિતતા તરફ નિર્દેશ કરી તે વિશેના ચોક્કસ પુરાવાઓ રજૂ કરતું હોઈ એ દૃષ્ટિએ ભારતની સંસ્કૃતિના આરંભકાળની અભ્યાસપૂર્ણ માહિતી પૂરી પાડી રહે છે. આ રીતે વિષયની છણાવટ કરતું આ પુસ્તક ભારતની કોઈ પણ પ્રાદેશિક ભાષામાં કદાચ પહેલું જ છે; એટલે એ દૃષ્ટિએ પણ લેખક પ્રકાશક—ઉભય ધન્યવાદને પાત્ર છે. પુસ્તકનો વિષય શાસ્ત્રીય હોવા છતાંય લેખકે અહીં સામાન્ય વાચકને નજર સમક્ષ રાખી પોતાના મુદ્દાઓની સરળ ભાષામાં છણાવટ કરી છે. સામાન્ય જનતાને પણ આ પ્રકારના વિષયવાચન તરફ અભિમુખ કરવા માટે આવી સરળ ભાષા શૈલીએ લખાએલાં પુસ્તકો કેટલાં ઉપકારક નીવડી શકે તેનું પણ આ ગ્રંથ એક નિદર્શન બની રહે છે. સળંગ રીતે વિષયને નિરૂપતા આ પુસ્તકમાં ૪૦ જેટલાં પેટાશીર્ષકોથી પલટાતા મુદ્દાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે. 'અખંડ ભારત'ની વિભાવનાથી આરંભી 'સમારોપ' સુધીમાં લેખકે પોતાનું વક્તવ્ય કુશળતાથી રજૂ કર્યું છે. આ સુદીર્ઘ લેખમાં સંસ્કૃતિની વ્યાખ્યા, સાપેક્ષ અને નિરપેક્ષ કાળગણનાની પદ્ધતિઓ, અશ્મયુગો, વગેરેની વાત કર્યા પછી અફઘાનિસ્તાન, ગુમલા, સીસ્તાન, બલુચિસ્તાન, પ્રાક્હડપ્પીય

દિવંગત

અંબુભાઇ ક. વશી

પૂણેવાસી સંનિષ્ઠ સમાજસેવક, વિદ્યાવ્યાસંગી શિક્ષક અને સાહિત્યસેવી ગુજરાતી. મૂળ સૂરતના. ગુજરાતી વિષયમાં પ્રથમ આવવા સાથે ૧૯૨૩માં મૅટ્રિક થયા પછી પૂણેની ખેતીવાડી કૉલેજમાં ભણવા ગયા અને ત્યાંથી ૧૯૨૯માં ગ્રેજ્યુએટ થઈ 'ઈંપિરીઅલ કૅમિકલ ઇન્ડસ્ટ્રીઝ' નામની બ્રિટિશ કંપનીમાં પ્રચાર અધિકારી તરીકે જોડાયા. દરમિયાન શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રસ લેતા રહેલા અને ગાંધીજીની દાંડીકૂચ વખતે નોકરી છોડી દઈને સ્વરાજની લડતમાં જોડાઈ ગયા હતા.

કર્વે મહિલા વિદ્યાપીઠના સંચાલક લેડી પ્રેમલીલાબેન ઠાકરસીએ અંબુભાઈને એમના કન્યા વિદ્યાલયના આચાર્ય બનાવેલા. લેડી ઠાકરસીના સચિવ તરીકે પણ એમણે કામ કરેલું. ૧૯૩૬માં પૂણેમાં 'ગુજરાતી સાહિત્ય મંડળ' સ્થાપ્યું ત્યારથી એમનું ઘર વિદ્વાનો અને સંસ્કાર-પુરુષો માટે અતિથિગૃહ, તથા ૧૯૪૨ની આઝાદીની લડત વખતે ભૂમિગત રાષ્ટ્રસેવકો માટે આશ્રયસ્થાન બની રહેલું. સૂરતમાં કૉલેજમાં હતા ત્યારે 'ચંદ્રિકા' નામે એક હસ્તલિખિત ચલાવેલું. આગળ જતાં 'માલિકા' નામનો એમનો એક નવલિકા-સંગ્રહ તથા મરાઠી સાહિત્યકાર પ્રહ્લાદ કેશવ અત્રેના 'કહ્યા ચા સંસાર'નું ગુજરાતી ભાષાંતર પ્રકટ થએલાં. થોડા સમય પહેલાં એમનો અમૃત મહોત્સવ પણ ઉજવાએલો. ગઈ ૨૭મી માર્ચે પૂણેમાં એમનું અવસાન થયું.

એરિક ફ્રોમ

શાંતિવાદી દાર્શનિક અને સમાજશાસ્ત્રી યહૂદી મનિષી. ગઈ ૧૮ માર્ચે સ્વિટ્ઝર્લૅન્ડમાં એમનું અવસાન થયું. જર્મનીમાં એમનો જન્મ થએલો. યહૂદીઓ પ્રત્યેના નાઝી વલણના કારણે જર્મની છોડીને અમેરિકા અને મેક્સિકોમાં રહ્યા પછી છેલ્લાં ૧૧ વર્ષથી તેઓ સ્વિટ્ઝર્લૅન્ડમા રહેતા હતા. અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, ટેક્નોલોજી ઇત્યાદિ બધી દિશામાં માનવીય સ્વરૂપના નરવા સમાજની રચના અને તેના માટે પ્રેમ તથા માનવતાની ભાવનાથી રસાએલી ક્રાંતિના એ હિમાયતી હતા. કાર્લ માર્ક્સના દર્શનમાં એમને માણસની અંદરના નૈતિક તત્ત્વની ઉપેક્ષા લાગતી હતી. પણ એમની પ્રખર તેમ જ મર્મવેધી આલોચનાઓમાં ક્યાંયે મિથ્યા ઝનૂન નથી જણાતું.

'ગમે તેવી મૂલગામી ક્રાંતિનું સૂત્ર ભૂતકાળ સાથે જોડાએલું હોવું જોઇએ. માનવવિકાસનું સાતત્ય જળવાઈ રહેવું જોઇએ. માનવની ચેતનાએ આજ સુધીમાં પ્રાપ્ત કરેલી ફલશ્રુતિઓને ફેંકી દઇને આપણે પ્રગતિ કરી શકીએ નહિ... અને કેવળ યુવાન હોવું એટલું જ પૂરતું નથી.' એમની બધી કૃતિઓમાં એક સ્વચ્છ જીવનદર્શનનું ઉદ્બોધન કરતી એમની ભાવી દૃષ્ટિમાંથી પ્રાજ્ઞપુરુષનું વ્યક્તિત્વ ઊપસી આવે છે. એમનાં બે પુસ્તકો 'ધ સેઈન સોસાએટી' અને 'ધ રેવોલ્યુશન ઑવ હોપ'ના ગુજરાતી અનુવાદો 'શાણો સમાજ' અને 'આશાની ક્રાંતિ' નામે પ્રાપ્ત છે. અંગ્રેજીમાં એમનાં 'ધી આર્ટ ઑવ લિવિંગ', 'ધી એસ્કેઈપ ફ્રૉમ ફ્રીડમ' અને 'બીયૉન્ડ ધ ચેઈન ઑવ ઈલ્યુઝન' પણ મનનીય પુસ્તકો છે.

—શંકરદેવ વિદ્યાલંકાર


સંસ્કૃતિનો ખયાલ અપાયો છે. ત્યાર બાદ સિંધુની સંસ્કૃતિ, ત્યાર પછીની અન્ય સંસ્કૃતિઓ, લાંઘણજની પ્રાતઃસંધ્યા સંસ્કૃતિ, બનાસની સંસ્કૃતિ આદિની ચર્ચા કરી કાયથા, એરણ આદિસંસ્કૃતિઓનો પરિચય આપવામાં આવ્યો છે. પછી ગુજરાત બહાર નીકળી મહારાષ્ટ્ર, જોર્વે-નેવાસા સંસ્કૃતિ, આંધ્ર કર્ણાટક સંસ્કૃતિની ચર્ચા કરવામાં આવી છે ધીમેધીમે એનો વિકાસ નવપાષાણયુગમાં પરિણમ્યો ને કુહાડીનું પાનું તથા લોહયુગની સંસ્કૃતિનો વિકાસ થયો તેની વાત કરવામાં આવી છે. પછી બિહાર, બંગાળ, ઉત્તરપ્રદેશ, ઓરીસ્સા, આસામ, કાશ્મીર આદિ પ્રદેશની સંસ્કૃતિઓનો સમુચિત ચિતાર આપવામાં આવ્યો છે. આ બધા જ મુદ્દાઓને વિશદ બનાવવા માટે આ ગ્રંથમાં અનેક ચિત્રકૃતિઓ ને રેખાકૃતિઓને સમાવી લેવાઈ છે. પુસ્તકની ઉપયોગિતામાં આ સચિત્રતા પણ ખૂબ જ ઉમેરો કરી જાય છે. અખંડ ભારતમાં સંસ્કૃતિનો ઉષઃકાળ કેવો હતો તેનો સમ્યક્ પરિચય કરાવતો આ ગ્રંથ સંસ્કૃતિના સ્તરે રહી અખંડ ભારતની ભાવના વધુ દૃઢાવે તેવો બની શક્યો છે. શાસ્ત્રીય રીતે આ ગ્રંથ ભાવનાનો પોષક બની શકે તેવો થયો છે એ એનું વૈશિષ્ટ્ય છે. સંસ્કૃતિના અભ્યાસીઓને માટે આ ગ્રંથ રસપ્રદ વાચનસામગ્રી પૂરી પાડે છે. (પ્રકાશક: ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૬૭, રૂ. ૧૮.)

રૂબરૂ : પત્રકારિત્વના ઊંડા અભ્યાસી શ્રી યાસીન દલાલે એમના આ પુસ્તકમાં પત્રકારિત્વના અંગભૂત અને પશ્ચિમમાં આજે ખૂબ વિકસેલા એવા મુલાકાતના પેટા પ્રકારને આવરી લઈ ગુજરાતીમાં પુરોધાનું કામ કર્યું છે. અહીં રજૂ કરવામાં આવેલી બાવીસેક મુલાકાતોમાં શ્રી મોરારજીભાઈ દેસાઈ, અટલબિહારી બાજપાઈ જેવી રાજકારણના ક્ષેત્રની વ્યક્તિઓ; શ્યામ બેનેગલ, કૈફી આઝમી, ગિરીશ કર્નાડ જેવી ફિલ્મક્ષેત્રની વ્યક્તિઓ; ગુલાબદાસ બ્રોકર, સુરેશ જોષી, રઘુવીર ચૌધરી, મોહમ્મદ માંકડ જેવી સાહિત્યક્ષેત્રની વ્યક્તિઓ; શ્રી હિમ્મતભાઈ પારેખ અને શ્રી સુનીલ કોઠારી જેવી પત્રકારિત્વ અને નૃત્યકલાનાં ક્ષેત્રોની વ્યક્તિઓનો સમાવેશ થયો છે. આમ, અહીં વ્યક્તિવિશેષોનું વૈવિધ્ય -; અને એ સહુ સાથેની મુલાકાતોમાંથી તે તે ક્ષેત્રના ઘોતક અને વિવાદસ્પદ મુદ્દાઓ ઊપસી આવ્યા છે. આ રીતે ઘણા ગાંભીર્યથી મુલાકાત લેનારે જેની મુલાકાત લીધી છે તેના મનમાં પોતાને પુછાયેલા મુદ્દા વિષે શી સમજ-સંઘર્ષ છે તે સુપેરે બહાર કઢાવી આપ્યાં છે. વ્યક્તિવિશેષના અંતરંગ સુધી અછડતી રીતે પહોંચી જવાનો આ 'મુલાકાત'નો પ્રકાર એક રીતે જોઈએ તો એનો એક પગ પત્રકારિત્વમાં તો બીજો પગ ચરિત્રાત્મક સાહિત્યસ્વરૂપમાં રાખીને ઊભેલો જણાશે અહીં પુછાએલા પ્રશ્નો મુલાકાત લેનારની તીક્ષ્ણતા ને આશય તરફ પ્રકાશ પાથરી રહે છે. અમુક પ્રકારનો પ્રશ્ન અમુક રીતે પુછાયો હોત કે અમુક પ્રશ્ન ના પુછાયો હોત ને અમુક આમ નવો પ્રશ્ન પુછાયો હોત એવાં શાણાં સૂચનો વ્યર્થ બની રહે છે. કારણ કે મુલાકાત લેનાર ચોક્કસ દૃષ્ટિબિંદુથી ચાલે છે છતાંય તત્કાલીન સંજોગો અનુસાર એના પ્રશ્નો ફેરવવા બદલવા પણ પડતા હોય છે. એકંદરે આ મુલાકાતો રસપ્રદ વાચનસામગ્રી તો પૂરી પાડે જ છે, પણ પત્રકારિત્વની દૃષ્ટિએ પ્રશ્નાવલિ પણ સંતોષપ્રદ લાગ્યા વગર રહેતી નથી. આવી મુલાકાતોનું રસપ્રદ વાચન ઉપરાંત દસ્તાવેજી મૂલ્ય પણ હોય છે. એ રીતે ય આ પુસ્તક આવકાર્ય છે. (પ્રકાશક : પ્રવીણ પ્રકાશન, ઢેબરભાઈ રોડ, રાજકોટ, પાકું પૂઠું, પૃ. ૧૮૦, રૂ ૨૦.)

—ધી. પ.

શતરંજના કોયડા-૫ . . . . સુરેશ મોદી

આ વખતે આપણે ત્રણ ચાલનો Direct mate કોયડો જોઈએ. આ કોયડામાં સફેદે રમવાની શરૂઆત કરવાની છે. કાળાના કોઈ પણ બચાવ સામે ફક્ત ત્રણ ચાલમાં મ્હાત થાય તેવો ઉકેલ શોધવાનો છે. ચાવીની ચાલ, ધમકી હોય તો તે અને શક્ય વિકલ્પો વગેરેનો ઉકેલમાં સમાવેશ થવો જોઈએ.



સફેદે રમવાનું ને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું

ઉકેલ તા. ૧૫ જૂન પહેલાં નીચેના સરનામે મોકલવો:

Suresh M. Mody, H-6 Saraswati Society, Govandi Road, chembur, Bombay 400 071.

સાચો ઉકેલ, ભાગ લેનારનાં નામ તથા તેમણે મેળવેલા ગુણ ઑગસ્ટ ૧૯૮૦ના અંકમાં આપવામાં આવશે.

ફેબ્રુઆરીના કોયડા (નં. ૨)નો ઉકેલ

સ્થિતિ: Q7/6N1/Kp4B1/3pp1n/1 3k1r2/p1R4R/4rn2/B6q.

કોયડો: સફેદે રમવાનું અને બે ચાલમાં મ્હાત કરવાનું.

ચાવીની ચાલ: 1 B–K4!

ધમકી: 2 Q×P mate.

વિકલ્પો:

1) 1..., P×B; 2 Q–Q8 mate
2) 1..., K×B; 2 R–B4 mate
3) 1..., Q×B; 2 R–B2 mate
4) 1..., R(7)×B; 2 R–B1 mate
5) 1..., R(5)×B; 2 N–B5 mate
6) 1..., N(4)×B; 2 N–K6 mate
7) 1..., N(7)×B; 2 KR–Q3 mate

સફેદના ચાવીના મ્હોરાને કાળાનાં સાત મ્હોરાંથી મારીને ધમકી નિષ્ફળ બનાવી શકાય છે. તે દરેકના જવાબમાં સફેદ જુદીજુદી રીતે મ્હાત કરી શકે છે. વિકલ્પ નં. ૨ માંનો Pin-mate (કાળાનું Q4 પરનું પ્યાદું અણઊક ન હોત તો મ્હાત ન થાત!) આકર્ષક છે. વિકલ્પ નં. ૩ અને ૪માં હાથી ઊંટની શેહની લીટી (Battery) ખોલે છે અને સાથેસાથે કાળાની બચાવની યોગ્ય લીટી બંધ કરે છે તે સુંદર છે.

એક જ મ્હોરાને કોયડામાં વધુમાં વધુ સાત રીતે મારી શકાય, તે અહીં દર્શાવાયું છે. તેથી આ એક Task કોયડો કહી શકાય. Murray Marbleના આ સુંદર કોયડાને પ્રથમ પારિતોષિક મળ્યું હતું

આ વખતે ઘણા વાચકોના ઉકેલ ખોટા આવ્યા છે. તેમાંના ઘણા પહેલી ચાલ 1 R–B1ch? બતાવે છે. પણ 1..., R–N7 પછી 2 B×Rથી મ્હાત નથી, કારણ કે કાળો 2..., P×Bથી રમત લંબાવી શકે તેમ છે.

ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલા ગુણ નીચે પ્રમાણે છે: હરેશચંદ્ર દવે (મહેસાણા) ને ધીરૂભા ગોહીલ (વડ પંચાસરા) બન્નેના ૧૦ ગુણ; જયંતીલાલ પંડ્યા (સાવરકુંડલા)-૯$\frac{1}{2}$; લક્ષ્મણભાઈ હરિભાઈ (અમદાવાદ)-૯; રજેન્દ્ર શાહ અને દિપકકુમાર પટેલ (અમદાવાદ), ગિરીશ વરિયા (વડોદરા), નવલશંકર વ્યાસ (જાફરાબાદ), દીપકકુમાર જોશી (જામનગર), હસુભાઈ નિમ્બાર્ક (વિકટર), વિજય શાહ (કલકત્તા), ડાહ્યાલાલ રાચ્છ (કાલાવડ), ભરત પંડ્યા તેમજ વડનગર કલબના ૧૧ મિત્રો બધાના ૦ ગુણ.

પચ્ચીસ વર્ષ પહેલાં



મે ૧૯૫૫ • સળંગ અંક ૩૩૭

રાસ-ગરબામાં રાગ અને તાલ

ગરબે ફરીને તાલબદ્ધ રીતે 'જે ગાઈ શકાય તે રાસ' એવો રાસનો વિસ્તીર્ણ અર્થ લઈને સૌ. શાંતિબેન બરફીવાળાએ સંપાદિત કરેલો 'રાજકુંજ' નામનો એક સંગ્રહ પચ્ચીસ વર્ષ પહેલાં પ્રકટ થએલો. તેની પ્રસ્તાવનામાં સંગ્રાહિકા બહેને રાસના ગેયત્વ પરત્વે વિસ્તૃત ચર્ચા કરવા સાથે આધુનિક યુગની અસર નીચે ગરબા-રાસના પલટાતા જતા સ્વરૂપ વિષે ચેતવણી આપવા ઉપરાંત, સંગીતનાં ત્રણે અંગો–ગાયન, વાદન અને નર્તનનો નિર્દેશ કરીને ગરબામાં તેની ઈષ્ટ જરૂરત ચર્ચી હતી, અને તાલની ચર્ચામાં 'હીંચ' વિષે જુદાજુદા મતો તારવીને પહેલી જ વાર માહિતીપૂર્ણ સામગ્રી આપી હતી. એમાંનો અંશ જોઈએ :

'...રાસ–ગરબાનાં સાહિત્ય અને સંગીતમાં અનેક ફેરફારો થયા છે. એમાં અલ્પજીવી, જનતાના સ્પર્શથી બહુધા વંચિત રચનાઓના ઢગ પણ થયા છે અને ઊંડાણને બદલે વિસ્તારમાં વૃદ્ધિ થઇ છે. રાસપ્રિય બહેનોની રુચિ પણ અન્ય દિશા તરફ ઢળી ગઈ છે. રાસમાં 'નૃત'ના બદલે 'નૃત્ય' તેનું પ્રધાન અંગ બનવા માંડયું છે, અને પુરોગામી સાહિત્ય તથા તેનું વિશિષ્ટ સંગીત ગૌણ બન્યાં છે. દીર્ઘજીવી, હૃદયસ્પર્શી ગરબાને બદલે ક્ષણજીવી ચક્ષુભોગ્ય રાસનૃત્યો આદર પામતાં થયાં છે. ગરબાઓ ઢાળનાં વિશિષ્ટ સ્થાનેથી કંઇક ચ્યુત થઈ સંગીતની 'ચીજો' જેવા થવા લાગ્યા છે.

આ કંઈક અંશે આપણી બદલાતી સામાજિક પરિસ્થિતિનું પ્રતિબિંબ છે. ગુજરાત હવે હિંદના બીજા વિભાગો સાથે વધારે પરિચિત થયું છે. પરિણામે ગરબા-રાસનું સંગીત હિંદની સંગીતરીતિઓથી રંગાયું છે. બંગાળી સંગીત શૈલીએ એના પર મોહજાળ બિછાવી, સિનેમાના સંગીતે એને ઘેરી લીધું, નવીનવી રાસ-રચનાએ એ એને નવીનતમ ઓપ આપ્યો, વિવિધ સંસ્થાઓની ગરબાપાર્ટીઓએ આ પ્રવાહમાં જોરદાર વહેણ પૂર્યાં. રાસરસિયણ સૂરીલકંઠી બહેનોના ગરબા કેટલા બધા મનોરંજક થઇ પડયા છે તે તો સર્વવિદિત છે. છતાં જ્યારે એ જ બહેનો જૂના રાસો એના અનુકૂળ ઢાળે ગાય છે ત્યારે જે નૈસર્ગિક અને વિશિષ્ટ આનંદ આપણે અનુભવીએ છીએ તે હાલના ગરબાના સંગીતમાં ગૌણ થઈ જાય છે. આથી ગરબા-રાસમાં સંગીતનું સ્થાન વધારે ચર્ચા માગે છે.

સંગીત એટલે ગાયન વાદન ને નર્તન. વાદન ને નર્તનના સુયોગથી ગીત 'સંગીત' થાય. સંગીતના બે પ્રકાર: (૧) પ્રાચીન કાળમાં ઋષિમુનિઓએ જે નિયમબદ્ધ પ્રસ્થાપિત સિદ્ધાન્તાનુસાર આખા દેશમાં એકરૂપે પ્રસરાવેલું સંગીત તે 'માર્ગ સંગીત' અને (૨) દેશકાળાનુસાર પરિવર્તનશીલ, પ્રચલિત નિયમોથી બદ્ધ પ્રાકૃત સંગીત તે 'દેશી સંગીત.' 'માર્ગ સંગીત'ના છ મૂળ રાગો ભૈરવ, માલકોષ, હિંડોલ, દીપક, શ્રીરાગ અને મેઘ સામાન્યત: આપણા ગરબામાં આવતા નથી. પણ એ મુખ્ય રાગોની રાગીણી–પુત્ર, પુત્રવધુ ને પુત્રીઓમાંથી કેટલીક વિશેષ રૂપે ગરબામાં જોવામાં આવે છે. કેટલાકોની માન્યતા છે કે રાસગરબામાં શાસ્ત્રોક્ત રાગતાલને સ્થાન જ નથી પણ નીચેના જાણીતા રાસોનું સંગીત તપાસતાં સહજ જણાશે કે તે શાસ્ત્રીય રાગોમાં જ ગવાય છે:

વા વાયા ને વાદળ ઊમટયાં	સારંગ/દાદરા
આશાભર્યાં તે અમે આવિયાં	ઝીંઝોટી/દાદરા
લોચનમનનો રે કે ઝઘડો લોચનમનનો	માઢ/દીપચંદી
કહોને, સખિ! કારતક કેમ જાશે?	કાફી/દીપચંદી
રિસાણાં રસિક સંગાથે રાધા	કાલિંગડા/દીપચંદી
સુણ, સાહેલડી રે! મારે નદકુંવરશું નેહ	ગારા/એકતાલ
રઘુપતિ રામ! હૃદયમાં રહેજો રે	ખમાચ/દીપચંદી
આદિતે આનન્દ, સહિયર! કહું છું રે	દેસ/ત્રિતાલ
મા! પાવા તે ગઢથી ઊતર્યાં	ભીમપલાસી/કેરબા-ધુમાળી

બીજી બાજુ લોકભોગ્ય દૃષ્ટિએ ઘડાએલા ને મુખપરંપરાથી ચાલી આવેલા ઢાળોમાં 'દેશી સંગીત' ઘણે અંશે જીવંત છે. 'નૃત્ય' અને 'નૃત્ત' વચ્ચેનો ભેદ જાણી લેવાની પણ જરૂર છે. નૃત્ય એ અભિનયહાવભાવયુક્ત હોય છે જ્યારે નૃત્ત અભિનયરહિત. નૃત્ય એ ભાવાશ્રિત (તાલ-લય-યુક્ત), અને નૃત્ત તાલ અને લય આશ્રિત.

આપણા મૂળ ગરબામાં અભિનયયુક્ત 'નૃત્ય'ને નહિ પણ અભિનયરહિત 'નૃત્ત' ને પ્રાધાન્ય છે; પણ હાલના ગરબા-રાસનો ઝોક નૃત્ય તરફ છે. ઉપર આપેલાં ઉદાહરણોમાં ગરબાના રાગની સાથે તેના તાલ પણ દર્શાવ્યા છે. તે મુજબ સામાન્ય વપરાશમાં દાદરા, દીપચંદી, ધુમાળી વગેરે તાલો નજરે પડે છે. પણ હીંચ સંબંધી ચર્ચા ઘણાએ છેડયા છતાં હજી અધૂરી રહી છે. 'માર્ગ સંગીત'માં હીંચનો ઉલ્લેખ મળતો નથી, એટલે 'દેશી સંગીત'માંથી જ એ સંબંધી માહિતી મળી શકે. એ તો ચોક્કસ કે હીંચ એ સંગીતના તાલ વિભાગનો વિષય છે. પરંતુ હીંચ એ સ્વતંત્ર તાલ છે? સંગીતશાસ્ત્રનિપુણ શ્રી બર્વેએ ચાર માત્રા-એકતાલના ૧૧ પ્રકારોમાં હીંચનો સમાવેશ કર્યો છે. સ્વ. શ્રી નારાયણ મોરેશ્વર ખરેના 'લોકસંગીત'માં સંગ્રહ કરેલાં ઘણાં ગીતો હીંચનાં છે. ઉદાહરણાર્થે : દળ હાલ્યાં ને વાદળ ઊમટયાં, – તાલ દાદરા; આશા ભર્યાં તે અમે આવિયાં—દાદરા; આમ એમણે ધુમાળી, દીપચંદી, તીનલાલ, દાદરા વગેરે તાલો આપ્યા છે. પણ ગીત પર હીંચનું નામ આપ્યું નથી.

સૌ. દીપકલા દેસાઈની 'રાસ બત્રીસી'માં કોઈ સંગીતજ્ઞની મદદથી તૈયાર કરેલી સ્વરલિપિ આપેલી છે. તેમાં દીપચંદી, લાવણી, ખેમટો અને હીંચ એટલા તાલનાં નામો ગીતોને મથાળે લખ્યાં છે. માત્ર દાદરા તાલ એમાં નથી, જે ગરબા-રાસમાં સામાન્યત: જોવામાં આવે છે. છતાં એમાં દાદરા તાલનાં ગીતો તો છે. તો શું દાદરાને જ હીંચ કહ્યો અને ખેમટાને હીંચથી તદ્દન જુદો તાલ ગણ્યો છે?

દાદરા સાથેની હીંચની સગાઈ જેમ સહેજે તરી આવે છે તેમ ખેમટા સાથેનો એનો સંબંધ પણ નજદીકનો લાગે છે. આ નીચેની આકૃતિમાંનાં ત્રણ વર્તુલો દાદરા ને હીંચનો સંબંધ દર્શાવે છે. એમાં—



(૧) મધ્યવર્તી વર્તુળ દાદરાના બોલ તાલી (સમ)-ખાલી અને તેના ખંડ બતાવે છે. તે આ પ્રમાણે: ધા ધીં ના | ધા તીં ના
× | ૦

લઘુકથા

દંગલની એક કહાણી

મનોજ બસુ • અનુ. સુકન્યા ઝવેરી

હૉસ્પિટલમાં પાસે પાસે જ એ બે ખાટલા હતા. એક પર એક જવાન છોકરો હતો બીજા પર એક બુઢ્ઢો. બંનેને ખૂબ બની ગયું હતું.

છોકરો કહે: 'ખેતીવાડીની હાલત સારી નથી. એક ટીપું ય પાણી નથી. જમીન સુકાઈને હવે તો તેમાં ફાટ પડી ગઈ છે. સાંભળ્યું છે પાકિસ્તાન થવાનું છે. મુસલમાન છીએ તો કંઈ ને કંઈ કામે લગાડશે. ઘરબાર છોડી રોજગારીના લોભમાં આ શહેરમાં આવ્યો. પણ ચાચા, આવ્યો ત્યારથી ઈસ્પિતાલમાં છું.'

બુઢ્ઢો કહે: 'ઓહ! ઘરબાર તો મારે ય હતાં. બાગબગીચો, વાડી વજીફા, તળાવ બધું જ હતું. ઘણા સમયથી એની ભાળ પણ કાઢી નથી. ઘણી વાર ગામ ચાલ્યા જવાનું મન થાય છે. પણ ક્યાંથી જવાય? બચરવાળ છું એટલે તાણાતાણી જ ચાલે છે. બાકી અહીં એક દિવસ પણ ન રહું. સુંદરવન કરતાંય કલકત્તા ભયંકર છે. આ કંઈ લોકોને રહેવા લાયક છે!'

'તમારું ગામ કયું, ચાચા?'

'ખૂબ દૂર છે. હરિહર નદીને કાંઠે, કેશવગંજ નામ સાંભળ્યું છે?'

'હા, હા, ગામનું નામ બોલોને!' 'રામપાશા. ખબર છે તને?'

'રામપાશા ન ખબર હોય! હરિહરને સામે કાંઠે મારું ઘર. ખાનપુરમાં!'

'અહાહા; શું નીતર્યું એ નદીનું પાણી છે! દસ હાથ નીચેની રેતી યે દેખાય. નાનપણમાં લાકડાનો પુલ ઓળંગી તમારા ખાનપુરમાં બોર ખાવા જતો. સૂતરની દોરીને છેડે ઝીણીઝીણી ચીંગડી (માછલી) બાંધીને નદીકાંઠે કરચલા પકડતા ને રમાડતા.'

'એ બધું જાણે ક્યાંય ગયું! અમે ય ચાચા, કેટલું જોયું! શાકપાંદડું તો કોઈ પૈસો ખરચીને ખરીદતું નહિ. અને આજે સરગવાની બે શીંગ જોઈએ તો એના ય પૈસા પડે.'

'ઘોર કળિયુગ આવ્યો છે, બચ્ચા. દેશમાંથી ધરમ જ ઊખડી ગયો છે, આ જોને! પહેલાં તો ખૂનામરકી થાય તો આખો દેશ ધમધમી ઊઠતો અને હાલ ભરબપોરે શહેરના ભરચક લતામાં જાણે ઘાસ વઢાતું હોય તેમ...ખચ કરતોકને પીઠમાં છરો ખોસી દીધો એક ઈંચ જેટલો અંદર. નહિ તો આજે આ ખાટલામાં પડ્યાંપડ્યાં તારી જોડે વાત કરવા ચાહીને થોડો આવવાનો હતો હું?'

છોકરાએ દિલસોજી બતાવતાં કહ્યું: 'તો ય બચી ગયા એમ કહો, બાપુ. સારું થયું કે છરો જ માર્યો. જરા ધ્યાન રાખીને હરતફરત તો છરો વાગવાનો વખત પણ ન આવત. પણ મને તો આ બંદૂકની ગોળી વાગી છે. પચાસ હાથ દૂરથી નિશાન તાક્યું ને હું ઊંધે માથે જઈ પડ્યો.'

'ભગવાનની દયા, ઘૂંટણ પર લાગી, છાતી કે કપાળમાં વાગત તો?'

'પણ હમેશ માટે લંગડો થઈ ગયો. રોજગારી માટે અહીં શહેરમાં આવ્યો'તો. હવે લંગડાને કોણ કામ દેશે? હવે તો હળ ચલાવીને ખેતીવાડીનું કામ કરવાનું યે નહિ બને.'

'મારી નોકરીએ ગઈ હવે તો, ઉંમર થઈ છે. મૅનેજરની ખુશામત કરી કરીને જેમતેમ ટકી રહ્યો હતો. હવે આમાંથી ઊઠ્યા પછી દસથી પાંચની ઑફિસનું કામ થોડું થવાનું છે મારાથી? તારે તો કંઈ નહિ તોયે ગામમાં ઘર છે. ઈસ્પિતાલમાંથી નીકળ્યા પછી બાલબચ્ચાંને લઈને હું ક્યાં જઈશ? વિચારી યે નથી શકતો. બાપદાદાનાં ખોરડાં હતાં, પણ સાંભળ્યું છે કે હવે તો એ યે ખંડેર થઈ ગયાં છે ને આસપાસ જંગલ ઊગી ગયું છે.'

'બાપદાદાનાં ખોરડાં ન હોય તો કંઈ નહિ. રહેવાની જગ્યાની અછત નહિ પડે, ચાચા. ચાલો, આપણે એક જ દેશના માણસો છીએ. કલકત્તાને સલામ કરી સાથે જ ચાલી નીકળીએ. તમે અમારા બહારના ઓરડામાં રહેજો અને કોઠારમાં રાંધી ખાજો. નિરાંતે રહેજો ને ધીરેધીરે તમારાં ઘરબાર બાંધી લેજો. અમે ખાનપુરના સરદાર અને તમે રામપાશાના મિત્તિર કંઈ પહેલાં અલગ નહોતા.'

'એ તો સાચું. લક્ષ્મીપૂજાના બીજા દિવસે સરદારની ઓસરીમાં બેસાડી બાપુ અમને જમાડતા. અરે, નાનપણમાં તો અમે તમારા લગનબગનમાં જાનૈયા પણ બની જતા. બિલકુલ ઘરોબો હતો ત્યારે તો. આજ તો બધું ગયું!'

'કોણ કહે છે ગયું? શહેરમાં જ એવું સંભળાય. આપણને લાગે કે બધા આપણા જેવા સીધાસાદા છે. એ લોકો તો ઠીક છે, બાકી આપણે જ નાહક મરીએ છીએ, ચાચા.'

ઇસ્પિતાલની ઑફિસમાં થાણાનો પોલીસ અફસર આ બંનેની ખબર કાઢવા આવ્યો હતો. હાઉસ સર્જનને એ કહેતો હતો, 'દાકતર બાબુ, આ તમે શું કર્યું? બંનેને બાજુબાજુમાં જ રાખ્યા છે! અરે આ છોકરાએ તો એ બુઢ્ઢાની પીઠમાં છરો માર્યો હતો, અને એ જ વખતે મિલિટરીની ગોળીથી એ જખમી થયો. એટલે એક સાથે બંનેને અહીં લાવવા પડેલા.' □

---

(૨) વચલું વર્તુળ દાદરા તાલને જ ઠેક અલંકારથી સજી રજૂ કરે છે. તે આ પ્રમાણે: ધા ધીં નક | ધા તીં નક ||

× ‿ | ० ||

(૩) બાહ્ય વર્તુળ હીંચને દર્શાવે છે તે આ પ્રમાણે:

ધીં નક ધા | તીં નક ધા ||

× | ० ‿ ||

તબલાવાદનમાં નિપુણ ભાઈ પરાશર દેસાઈ લખે છે કે હીંચ તાલના પ્રચલિત બોલ, જે સાધારણ રીતે ગરબા રાસ ઈત્યાદિમાં એટલે કે લોકસંગીતમાં વગાડવામાં આવે છે તે નીચે આપ્યા છે:

ધીં ન્ન ધી ન ક | તીં ન્ન તી ન ક || ૬ માત્રા;

× ० ० ० ० | ० ० ० ० ० || બે ખંડ

હીંચના આ બોલનું વજન, તબલા ઉપર હીંચ બંધ હાથે વગાડવાની ઢબ તાલ ખેમટા સાથે બહુ જ મળતી આવતી હોવાથી ઘણા હીંચની જગ્યાએ તાલ ખેમટો વગાડે છે, જે સ્વાભાવિક રીતે હીંચની જગ્યાએ બરાબર બંધ બેસતો આવે છે. પરંતુ આટલા ઉપરથી જ તાલ ખેમટાને હીંચ તાલ તરીકે જો ઓળખવામાં આવે તો તે ભૂલ ગણાય.

ઉદાહરણ તરીકે તાલ દાદરા અને તાલ એકતાલ (દ્રુત, ચલતી) બંનેની માત્રા ૬ હોવા છતાં બંને તાલનું સ્વતંત્ર સ્વરૂપ તો જુદું જ છે. એકતાલની જગ્યાએ દાદરા વગાડીએ કે દાદરની જગ્યાએ એકતાલ વગાડીએ તો માત્રાની દૃષ્ટિએ કશો ફરક પડતો નથી. પરંતુ બંને તાલનાં અંગ, વજન અને બોલ તો દેખીતી રીતે જ જુદાં હોવાથી એકતાલને દાદરા યા દાદરાને એકતાલ તરીકે ઓળખાવી શકાય નહિ.'

હીંચને અલગ તાલ નહિ માનતાં ખેમટા સાથે એને મેળવી લેનાર પક્ષ પણ સબળ છે. એના મતે ગુજરાતમાં જેને હીંચ કહે છે તે રૂઢ થએલો પ્રચલિત શબ્દ છે. બાકી હીંચના તાલનો કોઈ શાસ્ત્રીય ઉલ્લેખ નથી. જ્યાં હીંચ કહીએ છીએ ત્યાં ખેમટો વાગે છે અને એના બોલ છે.

ધીડ ન ધીનક તીડ ન તીનક

‿/ ‿/ ‿/ ‿/ ‿/ ‿/

આ બધા પરસ્પર વિરોધી દેખાતા વિચારોનો સમન્વય કરી

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૯)

અનુસંધાન] **સ્વ. દિલીપકુમાર રાય** [પૃ. ૧૫૩થી

મૃદુલ સ્વરમાં શ્રી અરવિન્દે કહ્યું, 'આ પ્રશ્નનો જવાબ સરળ નથી. હું કોઈ ઇપ્સિત વસ્તુ નથી જાણતો કે જેનો બધાના જીવનમાં લક્ષ્ય રૂપે સ્વીકાર થઈ શકે. જીવનનાં લક્ષ્યો તો વિવિધ હોઈ શકે. યોગમાર્ગી પણ યોગ કરવા માટે વિવિધ લક્ષ્યો લઈને આવે છે. કેટલાક તો માયાવાદીઓની જેમ આ જીવનથી મુક્તિ પામવા માટે આવે છે. તેઓ કહે છે કે ઇન્દ્રિયો ને જગત તો માયા છે. તે પરમ લક્ષ્યને ઢાંકી દે છે: કોઈ કોઈ યોગની ઇચ્છા રાખે છે પ્રેમ અથવા મૈત્રીની આકાંક્ષાથી. કોઈને આનંદની ચાહના હોય છે. કોઈ દિવ્ય શક્તિ ઇચ્છે છે. તેથી પહેલાં તો તમારે પોતાના મનમાં સુનિશ્ચિત કરીને બતાવવું જોઈએ કે તમે ક્યા [illegible]જનથી યોગની અભિલાષા રાખો છો?'

'મારે તો એ જાણવું છે કે જીવનનો, આ સંસારનો અર્થાત્ નાના પ્રકારની અસંગતિઓ અને સ્વતઃ વિરોધોનો, દુઃખ-દૈન્ય અને આધિ-વ્યાધિનું કોઈ નિરાકરણ યોગમાર્ગથી મળી શકે કે કેમ?'

એટલે કે તમને જોઈએ 'જ્ઞાન પ્રજ્ઞા'. શ્રી અરવિન્દે કહ્યું

'જી, હા. મને કેવળ જ્ઞાન નહિ, આનંદ પણ જોઈએ.'

'જ્ઞાન અને આનંદ તમને યોગમાં અવશ્ય મળી શકશે' એમણે કહ્યું.

ઉત્સાહમાં આવી મેં કહ્યું, 'તો શું હું તમારી પાસેથી દીક્ષા પ્રાપ્ત કરવાની આશા રાખી શકું ને?'

ફરીથી શાંત સ્વરોમાં એમણે કહ્યું, 'આશા રાખી શકો છો, જો તમે યોગની શરતો સ્વીકારતા હો, અને તમારી યોગતૃષ્ણા પ્રબળ હોય.'

દિલીપકુમાર પૂછતા જતા અને શ્રી અરવિન્દ મંદમંદ સ્મિત સાથે ઉત્તરો આપી રહ્યા હતા. જાણે કે તેઓ જ્ઞાનના શિખર પર બેઠા હોય. દિલીપકુમારની આ મુલાકાત એમના જીવન માટે અતિશય મહત્ત્વપૂર્ણ સિદ્ધ થઈ, તથાપિ એમણે હજુ સુધી અંતિમ નિશ્ચય કર્યો ન હતો. શ્રી અરવિન્દે એમને સલાહ આપી કે નિરાંતે નિશ્ચય કરો, તમારી શોધ હજુ માનસિક દૃષ્ટિએ છે. યોગ માટે તો એથી પણ ઊંચી ભૂમિકાની જરૂર હોય છે. તે સમય આવે ત્યાં સુધી પ્રતીક્ષા કેમ નથી કરતા?

દિલીપકુમાર અનેક મનીષીઓના સંપર્કમાં આવ્યા, પરન્તુ આંતરિક અશાંતિનો કૃમિ એમને ચેન પડવા દેતો નહિ. રહીરહીને એમનું મન શ્રી અરવિન્દના જીવનમાર્ગ પ્રત્યે આકૃષ્ટ થઈ રહ્યું હતું. અન્તતોગત્વા—સાંસારિક જીવનની બધી મહત્ત્વાકાંક્ષાઓ એમણે છોડી દીધી. સાર્વજનિક જીવન અને વિવાહનો વિચાર પણ છોડી દીધો અને ઈ. ૧૯૨૮માં પોંડિચેરી જઈ શ્રી અરવિંદ આશ્રમમાં સાધક બનીને રહેવા લાગ્યા. એમનું જીવન યોગમય બની ગયું.

આશ્રમમાં તેઓ વર્ષો સુધી રહ્યા. ને પોતાની સાધના વડે અદ્ભુત આધ્યાત્મિક પ્રગતિ સાધી. આશ્રમની અન્યતમ વ્યક્તિઓમાં એમની ગણત્રી થતી. કેસરિયા રંગનું ઢીલું પહેરણ, એક સાદી ધોતી અને ખભા ઉપર શાલ ઓઢીને આશ્રમમાં પરિભ્રમણ કરતા એમના વિશિષ્ટ વ્યક્તિત્વને સહેલાઇથી ઓળખી શકાતું હતું. શ્રી અરવિંદના તત્ત્વાવધાનમાં દિલીપકુમારે પોતાની અશાંતિનો આધ્યાત્મિક ઉપચાર કરી લીધો હતો. હવે તો તેઓ અનેક સ્વરો અને લયોમાં તે 'શાશ્વત'ના અર્ચના-ગીત ગાવાના અધિકારી બની ગયા હતા.

ઈ. ૧૯૫૦માં શ્રી 'અરવિંદનું દેહાવસાન થયું ત્યાં સુધી દિલીપકુમારનો તેમની સાથેનો પત્રવ્યવહાર ચાલુ હતો. બધા મળીને એમણે શ્રી અરવિંદને બે હજાર પત્રો લખ્યા હશે. અને કોઈક વાર તો એક જ દિવસમાં બબ્બે પત્રો પણ મોકલ્યા હશે.

ઈ. ૧૯૫૩માં ભારત સરકારની સૂચનાથી દિલીપકુમારે શાસ્ત્રીય નૃત્યના કલાકાર અને એમનાં શિષ્યા ઇંદિરાબહેન સાથે વિશ્વ પર્યટન કર્યું. તે દરમિયાન જાપાન, મિસર, જર્મની, ઇંગ્લૅન્ડ, અને અમેરિકાની પ્રજાને સંસ્કૃતિ, કલા અને આધ્યાત્મિકતાના સંદેશ એમણે સંભળાવ્યા. ત્યાંથી પાછા આવ્યા પછી પૂનામાં હરિમંદિર આશ્રમની સ્થાપના કરી તેઓ પોતાના શિષ્યો સાથે ત્યાં રહેતા. સંત, સંગીતકાર, સાધક અને સાહિત્યકાર દિલીપકુમારે બંગાલી અને અંગ્રેજીમાં સિત્તેરથી વધુ ગ્રંથો લખ્યા છે. બંગાલી પ્રકાશકો એમનાં પુસ્તકો પ્રકટ કરતા અને બજારમાં તેમની સારી માંગ રહેતી. ઘણી કવિતાઓ, વાર્તાઓ, નવલકથાઓ, પ્રવાસ-વર્ણનો અને મહાન પુરુષો સાથે થતી તેમની મુલાકાતોનાં મનોરમ વર્ણનો તેમણે લખ્યાં છે. શ્રી શરદબાબુની બે નવલકથાઓનું એમણે અંગ્રેજીમાં ભાષાંતર કર્યું છે. મુંબાઈના ભારતીય વિદ્યાભવને એમના ત્રણ ગ્રંથો પ્રકાશિત કર્યા છે: 'વિંગ્સ ઍન્ડ બૉન્ડ્સ', 'કુંભ—ધી એજલેસ ફેસ્ટિવલ', અને 'યોગમાર્ગના પ્રવાસી શ્રીકૃષ્ણપ્રેમ.' એ સિવાય મુંબાઇની વૉરા ઍન્ડ કંપનીએ ગુજરાતીમાં અનુવાદ રૂપે એમનાં ત્રણ પુસ્તકો છાપ્યાં છે: (૧) ચમત્કારો આજે પણ થાય છે (Miracles Do Still Hapens.) (૨) યોગમાર્ગી શ્રીકૃષ્ણપ્રેમ અને (૩) અનંતના યાત્રીઓ.

ભારતના આવા પ્રબુદ્ધ મનીષી, સંસ્કાર પુરુષ, સાધક, સાહિત્યકાર અને ભગવાનના વૈતાલિક દિલીપકુમાર રાય ૮૩ વર્ષની વયે ગઈ ૬ઠ્ઠી જાન્યુઆરીએ મુંબઈમાં દેવલોકવાસી બન્યા. ભારતના સંસ્કાર વારસામાં એમનું ઘણું ઉચ્ચ પ્રદાન છે. □

અનુસંધાન] **વિચાર-વિશેષ** [પૃ. ૧૫૧થી

કરતા. 'બાપુ-મારી નજરે' નામના શ્રી રામનારાયણ ચૌધરીના એક પુસ્તકમાં એમની ન્યાયપ્રિયતાનું એક અલ્પખ્યાત દૃષ્ટાંત નોંધાયું છે. અસહકાર વખતે બાપુ અને બીજા રાષ્ટ્રીય નેતાઓ અજમેર જતા ત્યારે ત્યાંના એક કાર્યકર સ્વ. ગૌરીશંકર ભાર્ગવના ઘેર ઊતરતા. એક વાર હરિજનયાત્રા પ્રસંગે બાપુ અજમેર ગયા ત્યારે સ્વાગત સમિતિએ એમનો ઉતારો બીજી જગ્યાએ રાખ્યો. બાપુએ કારણ પૂછ્યું ત્યારે કાર્યકર્તાઓએ કહ્યું: 'ગૌરીશંકર ભાર્ગવના અંગત જીવન સંબંધી કેટલીક ફરિયાદો હોવાથી આપ એમના ઘેર ઊતરો એ અમને અઘટિત લાગે છે.' બાપુએ તરત કહ્યું: 'ફરિયાદ સાચી હોય તો નહિ જાઉં, પણ કેવળ સાંભળેલી વાતો પરથી હું કોઈને દોષિત માની અન્યાય ના કરી શકું. ભાર્ગવજીના ઘેર ઊતરવું એ મારો ધર્મ છે.' અને ગાંધીજીએ પોતાનો ઉતારો ત્યાં રાખી ન્યાયના મૂળ સિદ્ધાંતોનું પાલન કર્યું. એ જ સમયે પંડિત અર્જુનલાલજી સેઠીએ ગાંધીજીને પોતાને ત્યાં ઊતરવા આગ્રહપૂર્વક વિનંતી કરી હતી અને પેલા કાર્યકર્તાઓએ વિરોધ કરતાં દલીલ કરી હતી એ તમારા વિરોધી છે એટલે તમે એમના ઘેર જશો તો એમની પ્રતિષ્ઠા વધારવામાં એનો દુરુપયોગ થશે. લોકોએ બાપુને સમજાવ્યું કે સેઠી તમારા વિરોધી છે અને તમારા વિરુદ્ધમાં પ્રચાર કરે છે. બાપુએ કહ્યું: 'ભલે એ મારા વિરોધી હોય, પણ એમના વિનયપૂર્વકના આમંત્રણનો અસ્વીકાર કરવો એ તો અન્યાય છે.'

આમ ન્યાયપ્રિયતા એ સૂક્ષ્મ સમજ છે. એ સમજનો ઉપયોગ ખૂબ ઔચિત્યથી અને ઉદારતાથી કરવો પડે છે.

ધાર્મિક સંજ્ઞાઓ: કમળ



ભારતીય જીવનમાં પાંચ હજાર વર્ષથી કમળ પુષ્પનું અનોખું માહાત્મ્ય રહ્યું છે. અનેક અર્થઘટનો સાથે પ્રતીક રૂપે તે વિધવિધ સ્વરૂપે પ્રયોજાતું રહ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં એના આદરયુક્ત સ્થાનના કારણે સાર્વભૌમ લોકપ્રિયતા ધરાવતા આ પુષ્પનાં સંખ્યાબંધ સ્વરૂપો ચિત્ર અને શિલ્પકળામાં વિકસ્યાં છે.

વિકસતા વિશ્વનું એ એક પ્રતીક છે. વિષ્ણુ અને લક્ષ્મી સમા વિશ્વાધાર મનાતા દેવતાના સાથે એ અનેક રીતે સંકળાએલું છે. વિષ્ણુની નાભીમાંથી પ્રકટ થએલું કમળ બ્રહ્માનું આસન છે. આ કમળમાંથી જ લક્ષ્મી પ્રકટ થયાં છે. વિદ્યાદેવી સરસ્વતી એના પર બિરાજે છે. સ્ત્રીતત્ત્વ અને જીવોત્પત્તિ, ભૂમિ, યોની, ચિત્તશક્તિ, વૈભવ, આરોગ્ય, કીર્તિ, શાશ્વત જીવન, અમૃત, શુચિત્વ, શુદ્ધ જ્ઞાન, માનવદેહમાંનાં ષટચક્રો ઈત્યાદિનાસૂચક તરીકે કમલની આકૃતિ પ્રયોજાતી રહી છે. અને તેના પરિણામે તેનાં સંખ્યાબંધ કલામય સ્વરૂપોની કલ્પના સાકાર થતી રહી છે. કમળની આકૃતિ મંગલદાયક મનાય છે. ઘરઆંગણે રંગોળીમાં અષ્ટદલ પદ્મની આકૃતિ કરવાથી ઘરમાં લક્ષ્મી આવવાની માન્યતા છે.

બૌદ્ધોમાં પણ તેનું સ્થાન આદરયુક્ત રહ્યું છે. ભગવાન બુદ્ધનું એ આસન છે. બુદ્ધનું એ પ્રતીક પણ બન્યું છે. મહાયાની બૌદ્ધોમાં સુખાવતી નામક સ્વર્ગની કલ્પનામાં લગભગ બધું કમળમય જ કલ્પેલું છે. લામા ધર્મના સંસ્થાપક પદ્માકરનું પણ એ પ્રતીક છે. રાજગુરુ, કન્હેરી, વેરુળ (ઇલોરા), અજંતા વગેરે બૌદ્ધ સ્થાનોમાં ચિત્રો અને શિલ્પમાં પ્રતીક તેમ જ શોભન તરીકે કમળનો બહોળો ઉપયોગ થયો છે.

જૈનધર્મમાં પણ કમળનું સ્થાન આદરયુક્ત રહ્યું છે તે જૈન ધર્માવલંબી કલામાં તે પ્રતિબિંબિત થતું રહ્યું છે.

સૌભાગ્ય, સંતાન વગેરે સુખ માટે સ્ત્રીઓ 'કમલયંત્ર' નામનું એક યંત્ર પણ ધારણ કરે છે.



મધુકરી

જાદુપેટી જિંદગી, બહુ પાનાં, બહુ સંચ,
એકે એકે ખોલતાં, પામું બધો પ્રપંચ.
પામું બધો પ્રપંચ, વચના કેવી કરી છે?
શોભા ઝાઝી અહીં, મહીં પણ ભૂખ ભરી છે!
ફાંફાં ફોગટ? યંત્ર માત્રમાં લીધો લપેટી?
કે નવ જાણું મંત્ર? જિંદગી જાદુપેટી!

—વિનોદ અધ્વર્યુ

પ્રશાસક અને સાહિત્યસર્જક કે. સંતાનમ

વિવિધ વિષય ગામિની પ્રતિભાના સ્વામી કે. સંતાનમનો જન્મ તામિલ દેશના તંજાવુર જિલ્લામાં પ્રજ્ઞાપુરુષોના એક સંસ્કારી પરિવારમાં ઈ. ૧૮૯૫ની ૧૨ જુલાઇએ થયો હતો.

આપણા દેશના એક કુશળ પ્રશાસક, મેધાવી કાયદાશાસ્ત્રી, સમર્થ પત્રકાર અને સિદ્ધ સાહિત્યસર્જક તરીકે એમણે સારી કીર્તિ મેળવી હતી. શાળા અને મહાશાળાની કેળવણી લઇને ગણિત વિષય સાથે એ એમ.એ. થયા. તે વખતે ગાંધીજીના સ્વાતંત્ર્ય-સંગ્રામની દુંદુભિ ગાજતી હતી. એ સાંભળીને એ સમાજસેવાના ભેખધારી બની ગયા. ગણિતજ્ઞ હોવાની સાથે તેઓ કાયદાશાસ્ત્રમાં પણ સારી પ્રવીણતા ધરાવતા હતા, અને વકીલાતનો વ્યવસાય સ્વીકારીને પ્રભૂત દ્રવ્ય અને યશના ભાગી થઈ શક્યા હોત, પરંતુ ગાંધીજીના ત્યાગ અને તપથી પ્રભાવિત થઈને તેઓ રાષ્ટ્રસેવાના પુજારી બન્યા. ૧૯૩૦માં વેદારણ્યમાં રાજાજીની સરદારી હેઠળ મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. સ્વાતંત્ર્ય સંગ્રામના એક સન્નિષ્ઠ સૈનિક તરીકે કાર્ય કરતાં કરતાં એમણે આમ ૧૯૨૦થી ૧૯૪૧ સુધીમાં પાંચ વાર જેલ ભોગવી હતી.

ઈ. ૧૯૪૧ના વ્યક્તિગત સત્યાગ્રહમાં પણ એમણે ભાગ લીધો હતો. તામિલદેશમાં અખિલ ભારતીય ચરખા સંઘ, ગાંધી સેવાસંઘ અને હરિજન સેવામંડળના તેઓ ઉત્સાહી કાર્યકર્તા હતા. ૧૯૩૭માં તેઓ દિલ્હીની કેન્દ્રીય ધારાસભામાં ચૂંટાયા ને કૉંગ્રેસ પાર્ટીમાં શ્રી ભૂલાભાઈ દેસાઈ અને શ્રી સત્યમૂર્તિના વિશ્વાસુ સહાયક તરીકે કામ કર્યું. ભારતીય સંવિધાન તૈયાર કરવા માટે રચાએલી સપ્રુ કમિટીના તેઓ મંત્રી હતા. એ સમિતિમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ અને સર એન. ગોપાલસ્વામી આયંગર જેવા મહામનીષીઓ સભ્ય તરીકે હતા. ૧૯૪૭માં તેઓ ભારતીય સંવિધાન–સમિતિના સભ્ય બન્યા હતા.

દેશમાં સ્વરાજ્ય સ્થાપિત થતાં સંતાનમ્ કેન્દ્રીય સરકારમાં યાતાયાત અને રેલવે ખાતાના પ્રધાન બન્યા અને પછી વિન્ધ્ય પ્રદેશના ઉપરાજ્યપાલ પદે નિમાયા. પંચાયત રાજ્યની સંસ્થાઓ માટે આર્થિક સાધનોની વિચારણા સમિતિના તેઓ પ્રમુખ હતા. રાષ્ટ્રીય ભાવનાત્મક એકતા સમિતિના પ્રમુખ તરીકે ૧૯૬૧માં ભારતીય સાહિત્યનું દોહન કરીને એક સંગ્રહપુસ્તક તૈયાર કર્યું હતું.



તેઓ આપણા દેશના એક સન્નિષ્ઠ અને પ્રતિભાશાળી પત્રકાર પણ હતા. ઈ. ૧૯૩૨થી ૧૯૪૦ સુધી 'ઇન્ડિયન એક્સપ્રેસ'ના, ૧૯૪૩થી ૧૯૪૨ સુધી 'હિન્દુસ્તાન ટાઈમ્સ'ના ને ૧૯૭૧થી ૧૯૭૫ સુધી મદ્રાસના તેજસ્વી અઠવાડિક 'સ્વરાજ્ય'ના તંત્રીપદે રહીને એમણે રાષ્ટ્રની સારી સેવા બજાવી છે. પત્રકાર તરીકે એમનાં લખાણોમાં ગાંભીર્ય સાથે બુદ્ધિમત્તા, સ્વચ્છતા, નિર્ભયતા અને ધ્યેયનિષ્ઠાનાં દર્શન થાય છે.

સંસ્કાર-સંપન્ન ઘરની શાલીનતા, સુજનતા, નમ્રતા ને વિદ્યાપ્રીતિના સંસ્કારો એમને વારસામાં મળ્યા હતા. અને દેશની સંસ્કાર-ભાષા દેવવાણી સંસ્કૃતના અધ્યયન પ્રત્યે તેઓ નાનપણથી જ દીક્ષિત થઈ ગયા હતા. ત્યાર પછી શાળા અને મહાશાળાના અધ્યયન દરમિયાન માતૃભાષા તામિલ, સંસ્કૃત અને અંગ્રેજીમાં સારું પ્રાવીણ્ય મેળવ્યું હતું. સંસ્કૃત સાહિત્યના પ્રશિષ્ટ ગ્રંથો પૈકી કાલિદાસના 'શાકુંતલ' તથા 'મેઘદૂત' ને ભવભૂતિના 'ઉત્તરરામચરિત'નાં પોતાની માતૃભાષા તામિલ-માં એમણે સુંદર અને ભાવવાહી ભાષાંતરો કર્યાં છે. શ્રી ભગવદ્‌ગીતાનો તામિલમાં છન્દોબદ્ધ અનુવાદ કરીને તેની સાથે ગાંધીજીના 'અનાસક્તિ-યોગ'નું સુંદર ગદ્ય ભાષાંતર પ્રસિદ્ધ કર્યું છે.

માનવીય વિદ્યાઓ (Humanities) એમને વિશેષ રુચિકર હતી. તેથી અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, પ્રશાસનકલા, લોકશાહી, સમાજવાદ, યોજના, કાયદાશાસ્ત્ર, ભારતનું બંધારણ, બ્રિટિશ સામ્રાજ્ય-વાદ, સંસદીય લોકશાહી, રાજ્ય અને સમાગૃહ વગેરે વિષયો પરત્વે તામિલ ભાષામાં વીસેક અને અંગ્રેજીમાં બારેક ગ્રંથો તૈયાર કર્યા હતા. શાસ્ત્રવેત્તા તરીકે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ગ્રીક દાર્શનિક પ્લૅટોના સંવાદોનું પણ એમણે તામિલમાં અનુવાદ કર્યો છે.

વિવિધ ક્ષેત્રોમાં પોતાની ઉજ્જવલ કાર્યસાધનાનાં સાઠ વર્ષ પૂરાં થતાં ૮૦મે વર્ષે તેઓ 'સ્વરાજ્ય' અઠવાડિકના તંત્રીપદેથી નિવૃત્ત થયા. રાજદ્વારી અને સાર્વજનિક કાર્યકર્તા હોવા છતાં એમની સાહિત્ય-સાધનામાં ઊણપ આવી નહોતી. માનવતાવાદી તરીકે એમના નિબંધો અને વાર્તાઓમાં ભારતીય ચિંતનની પ્રફુલ્લિત ઉદાત્તતા તરી આવે છે. તેનું સાહિત્ય વાચકો માટે માત્ર સંતર્પક જ નથી હોતું પરંતુ તે વાંચ્યા પછી વાચક કોઈ ઉચ્ચ ભૂમિકામાં વિહરતો હોય એવી અનુભૂતિ સેવે છે. આટલી મોટી અને સર્વદા કાર્યશીલ ઉમર વટાવ્યા છતાં એમનામાં દૃષ્ટિકોણની તાજગી, સ્વપ્નોની વ્યાપકતા, અને બુદ્ધિની વિશદતા વિદ્યમાન રહી હતી. આવા સન્નિષ્ઠ ચિંતક અને સર્જકનું ૮૫ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી મદ્રાસમાં અવસાન થયું. —શંકરદેવ વિદ્યાલંકર

સૂર્ય-વલયો

ગુરુ (જ્યુપિટર) અને યુરેનસ ગ્રહોની આસપાસ, શનિની જેમ વલયો હોવાનું હવે તો જાણીતું બન્યું છે. થોડા સમય પહેલાં નેપ્ચૂન ગ્રહને પણ આવાં વલયો હોવાનું અનુમાન કરાયું હતું. હવે આ જમાત-માં કદાચ આપણા સૂર્યનો પણ ઉમેરો થાય તો નવાઈ નહિ. અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીના ખગોળશાસ્ત્ર વિભાગના વૈજ્ઞાનિક બ્રેચર (Brecher) અને એમના સાથીઓએ અટકળ કરી છે કે સૂર્યની આજુબાજુ ખડકોનું અને કણોનું બનેલું વલય હોવું જોઈએ.

આપણે જાણીએ છીએ કે બુધ સૂર્યની સહુથી વધુ નજીક રહીને ઘણી ઝડપથી તેની પ્રદક્ષિણા કરતો ગ્રહ છે. હવે ધારો કે કોઈ અવકાશી પિંડ બુધની કક્ષાની અંદર, સૂર્યથી ૨૫૦ લાખ કિલોમીટર જેટલા અંતરે આવી પડે તો એના પર શી અસર થાય ? આવી પરિસ્થિતિમાં ખગોળ-શાસ્ત્રનો એક નિયમ આ પિંડ ઉપર લાગુ પડે છે. આ નિયમ કહે છે કે જો આટલા અંતરે કોઈ મોટો આકાશી પિંડ આવી ચઢે તો સૂર્યના પ્રચંડ ગુરુત્વાકર્ષણ બળથી ખેંચાઈને એ સૂર્ય તરફ હડસેલાય છે અને પરિણામે એની કક્ષા નાની થતી જાય છે. આ નિયમ આગળ કહે છે કે જ્યારે સૂર્યની ત્રિજ્યાના બેવડા માપ જેટલા અંતરે આ પિંડ પહોંચે છે ત્યારે એના ધીમેધીમે ચૂરા કે કકડા થઈ જાય છે. આવાં ઘટક તત્ત્વો સૂર્યની આસપાસ વલય (રિંગ) બનાવતાં હોવાં જોઈએ.

સૂર્યના આ વલય અંગે, એમાંનાં ઘટકોનાં બંધારણ, એમનાં કદ, જથ્થા વગેરે અંગે વૈજ્ઞાનિકોએ અટકળો કરી છે. જો આવાં વલય, ખરેખર હોય તો એમાંના પદાર્થો સૂર્યના અતિ તપ્ત ઉષ્ણતામાનનો સામનો કરી શકે એવા ઉષ્માસહ (refratory) હોવા જોઈએ. આ માટે વૈજ્ઞાનિકો ગ્રેફાઈટના રૂપમાં કાર્બન નામનું તત્ત્વ હોવાનું અનુમાન કરે છે. આ વલય આશરે ૩૦ લાખ કિલોમીટર જેટલા અંતરે હોવાનું ગણી કઢાયું છે. સૂર્યના ખેંચાણ સામે ટક્કર ઝીલી શકે એટલા મોટા કદના આ ટુકડાઓ હોવા જોઈએ. આ માટે એમનું કદ આશરે ૧૦ કિલોમીટર કે એથી વધુ હોવાનું અંદાજાયું છે.

જો ખરેખર આવાં વલયો હોય તો એમાંના દ્રવ્યમાન (mass)ની અસર બુધની કક્ષા પર થતી હોવી જોઈએ. આપણે જાણીએ છીએ કે બુધ અન્ય ગ્રહોની જેમ પોતાની દીર્ઘવૃત્તાકાર કક્ષા (elliptical orbit) પર નિયમપૂર્વક ચક્કર મારતી વખતે પ્રત્યેક વર્ષે પોતાના માર્ગથી સહેજ ખસી જાય છે. હકીકતે એ એક શતાબ્દી દરમિયાન એક વૃત્તખંડ-નો ૪૩ સેકન્ડ ભાગ જેટલો જ ખસે છે. અર્થાત્, સૂર્યની સહુથી નજદીકનું અંતર (Perihelion–અનુ સૂર્યબિંદુ) સદીએ થોડુંક ફરતું રહે છે. ઘણી સદીઓથી આ અંગે જાણ હોવા છતાં ય એનું રહસ્ય કળાયું ન હતું. ન્યૂટનના સિદ્ધાંતો પણ એ સમજાવી શક્યા નહિ. પણ પછી આઈન્સ્ટાઈનના 'સાધારણ સાપેક્ષતા' (General Relativity)-ના વાદે આ રહસ્ય છતું કરી આપ્યું.

આઈન્સ્ટાઈને કહ્યું કે, બુધની આવી પરિક્રમાનું તેમ જ સૂર્યની પાસેના બિંદુએ જતા થતા ફેરફારનું કારણ બુધની પોતાની તીવ્ર ગતિ તેમ જ સૂર્યના ગુરુત્વાકર્ષણ-ક્ષેત્રની સઘનતા કે તીવ્રતા (Intensity) વચ્ચે રહેલા તફાવતને કારણે જ સંભવે છે. આથી બુધની કક્ષામાં ૩,૦૦૦,૦૦૦ વર્ષોમાં એક ચક્કરને હિસાબે ફેર આવે છે.

સંભવ છે કે આ વલયમાંના નાના મોટા ટુકડાઓ બુધની કક્ષામાં આ મામૂલી ફેરફાર કરવા માટે કારણભૂત હોય. વળી આના ઉપરથી વલયમાંના કુલ દ્રવ્યમાન (સંહતિ)નો પણ અંદાજ મેળવી શકાય. વૈજ્ઞાનિકો કહે છે કે બુધની કક્ષાનો અત્યંત નજીવો ફેરફાર આ વલયનું કુલ દ્રવ્યમાન પૃથ્વી કરતાં તો ઘણુંબધું ઓછું હોવાનું સૂચવે છે.

આધારભૂત રીતે આવાં સૂર્યવલયો શોધાયાં નથી, પણ તાજેતરમાં ૧૬મી ફેબ્રુઆરી ૧૯૮૦ના ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે સંપૂર્ણ અંધકારની પાછળ યા સૂર્યની ચોપાસ આવા કટકા કે વલયની શોધ કરવાના પ્રયાસો થયા હતા ખરા.

વિજ્ઞાનની ઘણી શાખાઓમાં ને વિશેષ તો ખગોળશાસ્ત્રમાં પહેલાં સૈદ્ધાંતિક રીતે, ગણતરીઓ અને અનુમાનો દ્વારા સંભવિતતા ઉપર વિચારાય છે, અને પછી એની રીતસરની ખોજ આરંભાય છે. ઘણાંને આ વાંચ્યા પછી પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે જ્યાં હજુ તો સૂર્ય-વલયો શોધાયાં પણ નથી ત્યાં એના અંગે આટલો બધો હોબાળો કેમ ? પણ મલોખાંની મો'લાત કે રેતીમાં બંગલો બાંધવા જેવી આ વાત નથી. એક નાના શા વિચાર ઉપર વૈજ્ઞાનિકો કેવા અને કેટલા તર્ક-વિતર્ક કરી, શક્યતા અને જ્ઞાત સિદ્ધાંતો પરથી શૃંખલાબદ્ધ તારણો કાઢી શકે છે. તેમ જ વૈજ્ઞાનિક વિચારસરણી વિમર્શ કેવી રીતે કેળવી શકાય એનો આછો ખયાલ માત્ર અહીં આવે છે. —ડૉ. સુશ્રુત પટેલ

પગરખાં ગોઠવનાર

જાપાનમાં હિરોશિમા પાસે કુરે નામનું ગામ છે. ત્યાં મિટુટોયો નામની કંપનીનું વિશાળ કારખાનું છે. મિટુટોયો જાપાનની એક આંતર-રાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી મોટી કંપની છે. જાપાનમાં જુદાજુદા સ્થળે એનાં ઘણાં કારખાનાં છે. અગાઉથી નક્કી કરીને કુરેના કારખાનાની મુલાકાતે અમે પાંચ મિત્રો ગયા હતા.

કારખાનામાં પ્રવેશતાં જ અમે જોયું કે એની વડી કચેરીની બહાર જાપાની ધ્વજ ઉપરાંત ભારતીય ધ્વજ પણ તે દિવસે ફરકાવવામાં આવ્યો હતો. ઑફિસમાં પણ ટેબલ ઉપર નાનકડા જાપાની અને ભારતીય ધ્વજ

મૂકવામાં આવ્યા હતા. વિદેશનાં મહેમાનોનું સ્વાગત કરવાની જાપાની લોકોની આ એક મશહૂર પ્રણાલિકા છે.

જાપાની રિવાજ મુજબ સૌપ્રથમ અમને ઓશિબોરુ આપવામાં આવ્યું. ઓશિબોરું એટલે વરાળ નીકળતા ગરમ પાણીમાં બોળેલો અને વીંટાળીને રાખેલો ટર્કિશ રૂમાલ. એ રૂમાલ વડે મોઢું સાફ કરતાં તાજગી અનુભવાય છે. જાપાનમાં મહેમાનોને સૌપ્રથમ ઓશિબોરુ આપવામાં આવે છે. બહારથી થાકીને આવેલા કુટુંબના સભ્યોને પણ તરત ઓશિબોરું અપાય છે. ગરમી હોય તો કોલ્ડવોટરવાળા ઠંડા પાણીમાં બોળેલું ઓશિબોરું અપાય છે.

ઓશિબોરું પછી અમને ઓચા આપવામાં આવી. ઓચા એટલે એક પ્રકારની લીલી ચા. તેનો લીલા રંગનો ભૂકો ગરમ પાણીમાં ઉકાળીને અપાય છે. તેમાં દૂધ કે સાકર નખાતાં નથી. આ લીલું ગરમ પ્રવાહી એ જાપાનીઓનું પ્રિય પીણું છે. આપણે જે ચા પીએ છીએ તેને જાપાનમાં કોચા કહેવામાં આવે છે. જાપાનમાં ઘણા લોકો તેમાં દૂધને બદલે લીંબું નીચોવીને પીએ છે. ઓચા અને કોચા એ બંનેનો સ્વાદ કેળવીએ તો આપણને પણ તે ભાવે.

ઓચા પછી અમારા માટે સેન્ડવિચ અને કૉફી આવ્યાં. કારખાનાના મૅનેજરના મદદનીશ જેવો પચ્ચીસેક વર્ષનો એક યુવાન મૅનેજરની સૂચનાનુસાર અમારે માટે આ બધી વસ્તુઓ લાવવામાં ઉત્સાહપૂર્વક દોડાદોડી કરી રહ્યો હતો.

મૅનેજરે કારખાના વિષે અમને બધી માહિતી આપી. કારખાનામાં જુદીજુદી જાતનાં માપ લેવા માટેનાં ઓજારો બનાવવામાં આવે છે. દર મહિને નિર્ધારિત ઉત્પાદન અવશ્ય થાય જ છે કેમ કે મજૂરોના પક્ષે કે વ્યવસ્થા વિભાગના પક્ષે સમયનો જરા પણ બગાડ થતો નથી. મૅનેજરે કહેલી આ વાતનો અમને પ્રત્યક્ષ અનુભવ પણ થયો. સૌપ્રથમ જે એક વિભાગની અમે મુલાકાત લીધી ત્યાં જોયું કે એકસાથે બસો કરતાં પણ વધુ કારીગરો કામ કરતા હતા, છતાં કોઈ અંદર અંદર વાતચીત કરતું નહોતું. કોઈએ અમારી સામે નજર સુધ્ધાં કરી નહિ. પોતાને સોંપાયેલું કામ કામદારો ત્યાં પૂરેપૂરી નિષ્ઠાપૂર્વક કરતા હતા.

ત્યાર પછી અમે બીજા એક વિભાગમાં દાખલ થયા. આખો વિભાગ ઍરકન્ડિશન્ડ હતો. એટલે અમારે અમારાં બૂટ ચંપલ બહાર કાઢવાં પડયાં. બદલામાં અમને રબ્બરનાં સ્લિપર આપવામાં આવ્યાં. કારખાનામાં બહારની ધૂળ કે ઝીણી રજકણ પેસી ન જાય તે માટે આ વ્યવસ્થા હતી. એ વિભાગમાંથી અમે જ્યારે બહાર નીકળ્યા ત્યારે તરત અમારું ધ્યાન પડ્યું કે ગમેતેમ કાઢેલાં અમારાં બૂટચંપલ કોઈકે બરાબર વ્યવસ્થિત હારબંધ ગોઠવેલાં હતાં. વળી તે એવી દિશામાં ગોઠવેલાં હતાં કે તે સીધાં આપણા પગમાં પહેરાય. પહેરવા માટે અવળા ફરવું ન પડે. જાપાનમાં ઘરની બહાર પગરખાં કાઢવાની આ એક જુદી જ પ્રણાલિકા છે. જાપાનમાં લોકો ઘરમાં દાખલ થતી વખતે અવળા ફરીને પગરખાં કાઢે છે, જેથી બહાર જતી વખતે અવળા ફરવું ન પડે.

અમે કારખાનાના બીજા એક વિભાગની મુલાકાત લીધી. ત્યાંથી પાછા ફરતાં પણ જોયું કે અમારાં પગરખાં કોઈકે વ્યવસ્થિત ગોઠવી દીધાં હતાં. ત્યાંથી અમે ત્રીજા એક વિભાગમાં દાખલ થયા. અહીં અમે જાતે અમારાં પગરખાં જાપાની પદ્ધતિ પ્રમાણે વ્યવસ્થિત ગોઠવીને દાખલ થયા. પરંતુ અહીં જે દરવાજેથી અમે આવેલા તેને બદલે બીજા દરવાજેથી અમારે બહાર નીકળવાનું થયું. અમે મૅનેજરને કહ્યું, 'પણ અમારાં બૂટચંપલ તો પેલી બાજુ છે.' તેણે કહ્યું: 'તેની તમે ફિકર કરો નહિ.'

અમે બીજે દરવાજેથી બહાર નીકળ્યા તો અમારાં બૂટચંપલ ત્યાં વ્યવસ્થિત ગોઠવાયેલાં હતાં. કોઈક અમારાં બૂટચંપલ એક દરવાજેથી ઉઠાવીને આ બીજા દરવાજે લઈ આવ્યું હતું. કોણ આ બધું કરે છે તેનું અમને કુતૂહલ થયું. કારણ કે કોઈ નોકર ત્યાં નહોતો. ત્યાર પછી એક વિભાગમાં દાખલ થયા પછી અમારામાંના એકે સહેજ પાછા ફરીને જોયું તો જણાયું કે પેલો પચ્ચીસ વર્ષનો યુવાન અમારાં બૂટચંપલ વધુ વ્યવસ્થિત રીતે ગોઠવી રહ્યો હતો. એ જ યુવાન એ કામ પતાવીને તરત જ કારખાનામાં અમારી સાથે થઈ જતો અને મૅનેજર કહે તે પ્રમાણે જુદીજુદી બાબતોની અમને સમજણ આપતો. તે સારો જાણકાર એન્જિનીઅર છે એ તો તેની સમજાવવાની રીત પરથી પણ અમે જોઈ શક્યા.

'તમારા આ યુવાન એન્જિનીઅર કારખાના વિષે ઘણું સારું જ્ઞાન ધરાવે છે.' મેં કહ્યું.

'હા, એણે અમેરિકામાં એન્જિનીઆરિંગનો અભ્યાસ કર્યો છે.' મૅનેજરે કહ્યું.

'પણ તમારા આ એન્જિનીઅર અમારાં પગરખાં ઊંચકીને વ્યવસ્થિત મૂકે છે એની અમને શરમ આવે છે.' મેં કહ્યું.

'તેથી શું થયું? જાપાનમાં કોઈ પણ કામ કરવાની કોઇને શરમ નડતી નથી. ભણેલા હોય તો પણ મજૂરનું કામ કરે. અમારા આ એન્જિનીઅર હજુ પણ ઘણી વખત મજૂરોની સાથે મજૂરની જેમ કામ કરે છે. એના પિતાશ્રીની અમને ખાસ સૂચના છે કે એને બધા જ પ્રકારની તાલીમ મળવી જોઇએ.'

'આ જમાનામાં આવી સૂચના આપનાર પિતા બહુ વિરલ કહેવાય. એના પિતાશ્રી શું કરે છે?' અમે પૂછ્યું. 'એ અમારા આ કારખાનાના માલિક છે, મિ. યેહાન નુમાટા.'

'અરે! યેહાન નુમાટાના આ પુત્ર છે?' અમારા મુખમાંથી આશ્ચર્યના ઉદ્‌ગાર સરી પડ્યા. 'યેહાન નુમાટા તો જાપાનના એક અગ્રગણ્ય ઉદ્યોગપતિ છે; જાપાનના એક અબજપતિ છે.' અમે કહ્યું.

'હા. એમની ઇચ્છા છે કે એમનો દીકરો આવતે વર્ષે કંપનીનો ડાયરેક્ટર બને તે પહેલાં કારખાનામાં બધા જ પ્રકારનું કામ નિષ્ઠાપૂર્વક અને રસપૂર્વક એણે કરેલું હોવું જોઇએ. તો જ તે એ પદને યોગ્ય ગણાય.'

અબજપતિના એ એન્જિનીઅર પુત્રને અમે મનથી વંદન કરી રહ્યાં.

(સમર્પણ) —રમણલાલ ચી. શાહ

ડુંગળી

આપણે ત્યાં થતી ડુંગળી (કાંદા) એ ઘણી ઉપયોગી વસ્તુ છે. તે લીલી હોય કે સૂકી હોય, પરંતુ બંનેનું શાક થાય છે. ઉપરાંત તે એક એવી વસ્તુ છે કે અમે તેની સાથે તેનું મિશ્ર શાક થઈ શકે છે, લીલી કે સૂકી ડુંગળીની કઢી પણ સરસ થાય છે. તેનાં ભજિયાં ખૂબ સ્વાદિષ્ટ બને છે. ચણાના લોટમાં નાખી તેને વઘારીને તેનું સ્વાદિષ્ટ બેસન પણ બનાવાય છે. ચોખાના લોટની વડીઓ કે પાપડ સાથે પણ ડુંગળીની મેળવણી કરી શાક બનાવવામાં આવે છે. ગાજર, કાકડી, ટામેટાં, કેરી, વગેરેની સાથે અથવા એકલી ડુંગળીનું કચુંબર પણ સ્વાદિષ્ટ બને છે. આમ આહાર તરીકે તે ખૂબ ઉપયોગમાં આવે છે.

ડુંગળી સમારતી વખતે તેમાંથી એક જાતનું ઉડ્ડયનશીલ તેલ નીકળે છે જેથી આપણી આંખો બળે છે. અને તેમાંથી એક જે તીવ્ર વાસ નીકળે છે તેનાથી રોગોત્પાદક જંતુઓનો નાશ થાય છે. આથી ચોમાસામાં લાઈટની ટ્યૂબ આગળ જંતુઓ ઊડતાં હોય છે ત્યારે એકાદ સૂકી ડુંગળી કાપીને ત્યાં લટકાવવાથી જંતુઓ આવતાં નથી. ગામડાંમાં દોરીનાં શીકાં બનાવી તેમાં ડુંગળી ભરી અધ્ધર લટકાવે છે તેથી ડુંગળી બગડતી નથી અને વૈજ્ઞાનિક રીતે તેની વાસથી ઊડતાં રોગનાં જંતુઓ તે ઘરમાં દાખલ થતાં નથી.

જે લોકોને વારંવાર શરદી થતી હોય, તેમણે પોતાના ખોરાકમાં

હમેશાં ડુંગળીનો ઉપયોગ કરવો. અને જેમને કબજિયાત રહેતી હોય, તેમના માટે પણ ખોરાકમાં હમેશાં ડુંગળીનો ઉપયોગ કરવો ઘણો ફાયદાકારક છે. કોલેરાના દર્દમાં થોડા થોડા અંતરે ડુંગળીનો રસ પીવાથી તે રોગ કાબૂમાં આવે છે. હિસ્ટીરિયા કે વાઈ આવી કોઈ બેભાન થઈ પડી જાય તો એકાદ ડુંગળી ભાંગી સૂંઘાડવાથી ભાનમાં આવે છે. વળી આવો દરદી જો ડુંગળીનો રસ એકલો કે મધમાં દરરોજ લેવાનો રાખે તો લાંબે ગાળે તેને દરદમાં સારો લાભ થાય છે. દમના રોગીને પણ ખોરાકમાં દરરોજ ડુંગળીનો ઉપયોગ કરવાથી કફ ન થતાં દમના દરદમાં રાહત રહે છે. જેમનું શરીર દૂબળું પાતળું રહેતું હોય અને શરીરનું વજન વધતું ન હોય તેવા માણસો શિયાળામાં ધોળી ડુંગળીને ભેંસ કે ગાયના ઘીમાં તળીને ખોરાકમાં નિયમિત લે તો વજન વધી શરીર સારું થાય છે. કેન્સરના દરદી માટે પણ ડુંગળીનો આહાર ફાયદાકારક બણાયો છે. મરડામાં ઝાડા સાથે લોહી પડતું હોય તો ડુંગળીને ઝીણી ચીરીને ચાર-પાંચ વખત બરાબર ધોઈ નાખી સારા ગડબાદાર દહીં સાથે ખવડાવવાથી સારો ફાયદો થાય છે. નાકમાંથી લોહી પડતું હોય તો ડુંગળીના રસનું નસ્ય કરવું. વેળ, બદ કે ગૂમડાં વગેરે પકવવા માટે ડુંગળીની પોટીસ બાંધવામાં આવે છે. ડુંગળી ખાવાથી કફ પડે છે ને ગસરામણ ઓછી થાય છે તેથી ઘરડા માણસોને ઉધરસ અને દમ માટે લાભદાયક છે. ક્ષયના રોગમાં પણ તાવ વધારે રહેતો ન હોય તો ડુંગળી આપી શકાય. નિર્બળતાને લીધે કોઇને ચક્કર આવતા હોય તો ડુંગળી આપવાથી લાભ થાય છે. ન્યુમોનિયાના રોગમાં કે બાળક શરદીથી ભરાઈ જાય છે ત્યારે ડુંગળી કાપીને કોથળીમાં ભરી ગરમ કરીને તે કોથળીનો પોટીસની માફક છાતી ઉપર શેક આપવાથી સારો ફાયદો થાય છે.

ડુંગળીમાં આધુનિક મત પ્રમાણે ફૉસ્ફરસ, લોહ, પોટાશ, સોડા, ચૂનો વગેરે ખનીજ દ્રવ્યો અને વિટામિન 'એ', 'બી' અને 'સી' પણ છે. ડુંગળીમાં ગંધકનું પ્રમાણ વિશેષ હોવાથી ગૅસ-વાયુના દરદી માટે તે અનુકૂળ ગણાતી નથી. કારણ ગંધકવાળી વસ્તુ આહારમાં લેવાથી ગૅસ થાય છે. તે સિવાય ચામડીના રોગોવાળા માટે પણ તે અનુકૂળ ગણાતી નથી. આ ઉપરાંત ડુંગળી અને દૂધ સાથે ખાવાં જોઇએ નહિ. આયુર્વેદમાં રાતી ડુંગળી કરતાં ધોળી ડુંગળી ઉત્તમ ગણી છે. ઉનાળાના સખત તાપમાં ફરવાથી લૂ લાગી હોય તો કેરી અને ડુંગળીનું કચુંબર ખાવાથી સારો ફાયદો થાય છે. પરંતુ તે ખાવાથી મોઢું અને પરસેવો ગંધાતો હોવાથી કેટલાક ધાર્મિક લોકો ખાતા નથી. અને તેથી જ આ ગરીબની કસ્તુરી તરીકે ઓળખાતી ડુંગળી સસ્તી વેચાય છે. કાંદો એ તો મરદનો બાંધો ગણાય છે.

('નવચેતન') —ડાહ્યાલાલ અંબાભટ્ટ

વિમળશાનગર: વિવિધ ધાતુઓનો ભંડાર

અત્યાર સુધી અંબાજી એક યાત્રાના ધામ તરીકે પ્રખ્યાત હતું, પરંતુ તાજેતરમાં ત્યાંના ડુંગરાઓમાંથી ઉચ્ચતમ કોટિના તાંબા, સીસા અને જસતના ભંડારો મળી આવતાં આ યાત્રાધામની મહત્તા નજીકના ભવિષ્યમાં અનેક ગણી વધી જશે. આવા પછાત વિસ્તારમાં ખાણકામનો ઉદ્યોગ ખૂબ વિકસશે અને તેથી ત્યાંના આદિવાસીઓને રોજીરોટીનું સાધન મળી રહેશે. રાજ્ય સરકારને રૉયલ્ટીની આવક થશે ને દેશને આવી ધાતુની આયાત માટેના હૂંડિયામણમાં ઘણો બચાવ થશે.

અંબાજી ગામની ઉત્તરની ભાગોળે ડુંગરાઓની હારમાળાઓ આવેલી છે. આ ડુંગરાઓમાંથી આજથી લગભગ ૧૦૦૦ વર્ષ પહેલાં ભીમદેવ રાજાના વખતમાં તાંબા, સીસા અને જસતના પથ્થરોનું ખોદકામ થતું હતું. ભીમદેવ રાજાના દીવાન ને સરસેનાપતિ વિમળશાહે અંબાજી પાસે જૈન દેરાસરો બંધાવ્યાં હતાં. કુંભારીઆના જૈન દેરાસર પાસે પડેલા સ્લૅગ (ધાતુ કાઢી લીધા પછી બચી રહેલા કચરાનો ભાગ)ના ઢગલાઓ તે વખતના ખોદકામની સાક્ષી પૂરે છે. આ ઉપરાંત ત્યાંના ડુંગરાઓમાં નાની ખાણો હાલમાં પણ મોજૂદ છે.

અંબાજીની આજુબાજુનું ખોદકામ ને ધાતુઓ ગાળવાની માહિતી જૈન સાહિત્ય જેવા કે 'પુરાતન પ્રબંધ સંગ્રહ' (સને ૧૦૩૦), 'વિચારશ્રેણી' (સને ૧૧૩૭) અને 'તીર્થમાળા' (સને ૧૪૪૭)માં આપવામાં આવેલી છે. આ ધાતુઓની આવકમાંથી પ્રખ્યાત દેલવાડાનાં દેરાસર બાંધવામાં આવ્યાં હતાં એવું મનાય છે. કાળક્રમે આ ખાણો બંધ થઈ અને અંગ્રેજ સલ્તનત વખતે આ વિસ્તારની ફરી મોજણી થઈ. આ મોજણી દ્વારા અહીં ખનિજ હોવા વિષે કોઈ મહત્ત્વ આપવામાં આવ્યું ન હતું, પરંતુ ભારત સ્વતંત્ર થયા પછી દેશભરની બેઝ મેટલના ભંડારોની મોજણીનું કામ ભૂસ્તરવિજ્ઞાન સર્વેક્ષણ વિભાગે યુદ્ધના ધોરણે શરૂ કર્યું અને તેના ફલસ્વરૂપે અંબાજી પાસેના ડુંગરાઓમાંથી દેશભરના અગત્યના તાંબા, સીસા અને જસતના ભંડારો મળી આવ્યા. ભારતીય ભૂસ્તરવિજ્ઞાન સર્વેક્ષણ વિભાગે ત્યાં ૧૯૬૮ થી ૧૯૭૨ સુધી શારકામ કર્યું અને છેવટે આ વિસ્તારનો ખાણપટ્ટો ગુજરાત ખનિજ વિકાસ નિગમને આપવામાં આવ્યો. નિગમે પ્રાયોગિક ધોરણે વધુ શારકામ કરીને આ ભંડારોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરી અહેવાલ સોંપ્યો હતો. આ અહેવાલો મુજબ એવું જાણવા મળ્યું છે કે અહીંના ખનિજનો ભંડાર ખૂબ જ મોટો છે, પરંતુ તેનું શુદ્ધિકરણ કરવા માટે ખૂબ જ પ્રયાસો કરવા પડશે. પણ દુનિયાભરમાં આવી જાતના ભંડારો બહુ જ ઓછી જગ્યાએ મળે છે. ઈ. ૧૯૭૬માં નિગમે દુનિયાની પ્રસિદ્ધ કંપની આર. ટી. ઝેડ. લંડનની કન્સલ્ટન્ટ તરીકે નિમણૂક કરી. આ કંપનીના અહેવાલ મુજબ આ ભંડારોનો કુલ્લે જથ્થો ૬૨ લાખ ટન છે જેમાં ૧.૫૩ ટકા તાંબુ, ૩.૩૩ ટકા સીસું અને ૫.૩૫ ટકા જસત છે. આ ઉપરાંત લગભગ ૧૧ લાખ ટનનો વધુ જથ્થો મળી આવવાની શક્યતા છે. આ ભંડારમાંથી દરરોજ ૧૨૦૦ મૅટ્રિક ટન કાચો માલ ખોદી કાઢવામાં આવશે ને દર વર્ષે લગભગ ૨૫૦૦૦ મૅટ્રિક ટન જસતનું કૉન્સન્ટ્રેટ, ૧૩૦૦૦ મૅટ્રિક ટન સીસાનું કૉન્સન્ટ્રેટ અને ૧૧૦૦૦ મૅટ્રિક ટન તાંબાનું કૉન્સન્ટ્રેટનું ઉત્પાદન થશે. આ પ્રોજેક્ટ માટે ગુજરાત ખનિજ વિકાસ નિગમ લગભગ રૂ. ૨૭ કરોડનું મૂડી રોકાણ કરશે. પ્રોજેક્ટ શરૂ થતાં વાર્ષિક ૧૨ કરોડની કિંમતનું પરદેશી હૂંડિયામણ બચાવાશે ને ગુજરાત રાજ્યને ગુજરાત ખનિજ વિકાસ નિગમ રૂ. ૮૫ લાખ રૉયલ્ટી પેટે ચૂકવશે.

દરરોજ જો ૧૨૦૦ ટન માલ ખોદી કાઢવામાં આવશે તો આ ખાણ આવતાં ૨૦ વર્ષ સુધી ચાલી શકે તેમ છે. શીતળામાતા, ધોરાટકરા, આમલી માલ જેવા અંબાજીની આજુબાજુના વિસ્તારમાં પણ ભારતીય ભૂવિજ્ઞાન સર્વેક્ષણ વિભાગે મોજણી કરી છે અને ત્યાં પણ આવી ધાતુના ભંડાર મળી આવવાની શક્યતાઓ છે. જો આ જગ્યાઓમાંથી બીજી ધાતુના ભંડારો મળી આવે તો અહીંની ખાણ વધુ વર્ષો સુધી ચાલશે.

(ગુજરાત)

પથ્ય કઠોળ મગ

બધાં દ્વિદળ ધાન્યોમાં—કઠોળોમાં મગ સૌથી શ્રેષ્ઠ અને પથ્ય છે. મગ એ માંદાં માણસોનો તો ખાસ ખોરાક છે. ગુજરાતી ભાષામાં મગ વિષે કહેવાય છે:

'મગ કહે હું લીલો દાણો, મારે માથે ચાંદુ
બે-ચાર મહિના ખાય તો માણસ ઉઠાડું માંદું.'

મગ કાળા, લીલા, પીળા, ધોળા, રાતા એમ ઘણી જાતના થાય છે. કાળા મગ પચવામાં હલકા છે. લીલા મગ વધુ સ્વાદિષ્ટ છે. વળી લીલા મગ વધારે ગુણકારી ગણાય છે. મગની ખીચડી, દાળ, મગદળ વગેરે

વાનીઓ બને છે. તેના લોટનું મગદળ અતિ પૌષ્ટિક, સ્વાદિષ્ટ અને ગુણમાં ઘણાના લોટના મગદળ કરતાં ચડિયાતું છે.

મગની દાળ એ માંદા માણસનો ખોરાક ગણાય છે, છતાંય વધારે પથ્ય તો મગનું ઓસામણ છે. આખા મગ કંઈક અંશે વાયુ કરે છે, પણ મગનું ઓસામણ બિલકુલ વાયુ કરતું નથી. એટલા માટે જીર્ણ અને વધી ગએલા રોગોમાં મગનું ઓસામણ ખાસ આપવામાં આવે છે. મગનું ઓસામણ કેટલેક અંશે દૂધની ગરજ સારે છે. તેથી નવા ત્રિદોષ-જ્વરમાં જ્યાં દૂધ આપવાનો નિષેધ કરવામાં આવેલો હોય છે, ત્યાં મગનું ઓસામણ બિધડક આપવામાં આવે છે. જ્વરમુક્તિ પછી પણ મગનું ઓસામણ આપવાની વૈદો ખાસ ભલામણ કરે છે. મગનું ઓસામણ વાત, પિત્ત, કફનું શમન કરે છે. તેથી માંદાં માણસો માટે તે ખૂબ હિતકર ગણાય છે.

એકથી બે મૂઠી આખા મગ લઈ તેને માટીના વાસણમાં નાખી તેમાં એક લિટર જેટલું પાણી મેળવી મંદ અગ્નિ પર મૂકી, પાણીમાં મગ ઓગળી જાય ત્યાં સુધી ચડાવી મગનું ઓસામણ બનાવાય છે. ઓસામણ ફિક્કું લાગે તો ધીમા જીરાનો વઘાર કરી સિંધવ કે જરાક મીઠું નાખીને અપાય છે.

મગની દાળ અને ભાત તથા ચોખા-મગની ખીચડી પણ માંદા માણસ માટે અતિ પથ્ય છે. મગની દાળનાં પાપડ, વડી વગેરે પણ બને છે. આખા મગને બાફી શાક પણ બનાવવામાં આવે છે. મગના પૌષ્ટિક લાડુ બનાવાય છે અને શિયાળામાં તેનું ખાસ સેવન કરાય છે.

મગને શેકીને તેનો લોટ બનાવી, લોટ જેટલું ઘી લઈ કડાઈમાં નાખી, નીચે ધીમો અગ્નિ સળગાવી તવેથાથી હલાવતાં જવું. લોટ કંઈક લાલાશ પકડે એટલે વચ્ચે વચ્ચે તે ઉપર દૂધ છાંટતા જવું. એમ કરતાં દાણો પડે એટલે ચૂલા પરથી ઉતારી લઈ તેમાં સાકર, બદામ, પિસ્તાં, એલચી, લવિંગ અને મરીનું ચૂર્ણ નાખી લાડુ બનાવવા. મગના આ લડુ શીતળ, વીર્યવર્ધક અને વાતપિત્તશામક છે. એ શિયાળાનો ઉત્તમ પાક છે.

શેકેલા મગનો કાઢો (ઉકાળો) કરી તેમાં મમરા, મધ અને સાકર નાખી પીવાથી ઊલટી મટે છે. આ કાઢો દાહ, જ્વર અને અતિસારમાં પણ ફાયદો કરે છે.

(નવનીત) —માધવ મો. ચૌધરી

આજ અને કાલ

આજનો બેકાર એ કાલનો નેતા છે.
આજનું અખબાર એ કાલની પસ્તી છે.
આજનો ખારો ગોળ એ કાલનો દારૂ છે.
આજનાં હોટલનાં ભજિયાં એ કાલની ચટણી છે.
આજનો નટીનો પ્રેમ એ કાલનું લગ્ન છે, અને—
આજનું તેનું લગ્ન એ કાલના છૂટાછેડા છે.
આજનો પ્રેમભંગ એ કાલનો આપઘાત છે.
આજનાં ઈંડાં એ કાલની આમ્લેટ છે.
આજની ખુમારી એ કાલની બીમારી છે.
આજનો લબાડ એ કાલનો મુત્સદ્દી છે.
આજની પ્રેમકથા એ કાલની પ્રેમવ્યથા છે.
આજનું પ્રચારવાક્ય એ કાલનું સુભાષિત છે.
આજની કન્યા એ કાલની માતા છે.
આજની અંગ્રેજી 'શૉર્ટ સ્ટોરી' આવતી કાલની માલિક નવલિકા છે!

(મરાઠી 'હંસ'માંથી)

ગુજરાતમાં વન-સંવર્ધન

ગુજરાતમાં બાવન ટકા જમીન ખેતીવાડી હેઠળ છે અને દસ ટકામાં જંગલો છે. બાકીની જમીનમાં વનસંવર્ધન કરવું એ એનો સર્વોત્તમ ઉપયોગ છે, અને એ જરૂરી પણ છે. કારણ ગુજરાતમાં હાલ બળતણમાં ઉપયોગી લાકડાની વાર્ષિક ઊપજ છ થી સાત લાખ ટન જેટલી જ છે જ્યારે તેની જરૂરિયાત છેતાલીસ લાખ ટનની છે. અલબત્ત, છેલ્લા એક દાયકાથી ગામડાંઓમાં ગૌચર અને ખરાબાની જમીનમાં વિવિધ પ્રકારનાં વૃક્ષો વાવીને ભવિષ્યમાં બળતણની તંગી હળવી કરવા માટે યોજનાબદ્ધ પ્રયાસો થઈ રહ્યા છે, પણ જંગલની જાળવણી સહેલી નથી. ઈ. ૧૯૬૪થી આ અંગે કેટલાક કાયદા પણ ઘડાયા છે, પરંતુ વનસંવર્ધનને વેગ આપવા એ પૂરતા નથી.

વળી, જે દસેક ટકા જમીનમાં જંગલો છે તેમાં નર્મદાની દક્ષિણે ડાંગનાં જંગલો અને નર્મદાની ઉત્તરે આવેલાં જંગલો બાદ કરતાં, ઉ. ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં જૂજ વિસ્તાર સિવાય બાકીના પ્રદેશમાં જ્યાં જંગલો છે તે યે માત્ર ઘાસ કે સૂકી ઝાડીવાળાં પાંખાં જ છે.

ગ્રામવાસીઓને વૈકલ્પિક રોજગારી, પુરસ્કાર અને અન્ય આવશ્યક સગવડો આપી એમને જંગલોમાં વસાવવાની પણ યોજના છે. આ ઉપરાંત, વૃક્ષસંવર્ધનને પણ પ્રોત્સાહન અપાય છે. આ અને આવાં અન્ય પ્રોત્સાહનોથી કેટલાંક સારાં પરિણામો પણ આવ્યાં છે. દા.ત. કોઠારિયા ગામ નજીક દસેક હજાર નીલગીરી (યુકેલિપ્ટસ)નાં વૃક્ષો ઊછર્યાં છે, ને હજી એટલાં બીજાં ઉગાડવાનાં છે. સાયલા નજીક લખતર ગામે પાંચ હેક્ટરમાં લીમડા, બાવળ, સરૂ વ.નું વાવેતર થયું છે. ચદાર ગામ નજીક થએલા વૃક્ષારોપણમાં ૮૦ ટકાથી વધુ વૃક્ષો ઊગી ગયાં છે. ફૂલગાંવ પાસે ગૌચરમાં બનાવેલા ગ્રામવનમાં ૭૭ ટકા છોડ સફળ રહ્યા છે. રાજકોટ-લીમડી વચ્ચે છાલિયા તળાવ પાસે પણ વનકુટિર અને રોપઉછેર કેન્દ્ર સફળ અને ઉપયોગી સાબિત થયાં છે. અમદાવાદમાં થલતેજ પાસે ઊગેલા ચારેક હજાર લીમડા આ સૂકા રેતાળ વિસ્તારમાં હીલોતરી પેદા કરવા ઉપરાંત ઊડતી રેતીને બાંધી રહ્યા છે. કલોલ નજીક શેરથાના સ્મશાન પાસે ઉગાડેલાં સેંકડો વૃક્ષો એ ઉજ્જડ ભાગને રળિયામણો બનાવવા ઉપરાંત ત્યાંની જરૂરિયાતનું લાકડું આપી રહે છે. આવા નાનાનાના પ્રયોગ પ્રયાસોનું વિસ્તરણ પણ ગુજરાતની વનસમૃદ્ધિ વધારવામાં ઉપયોગી થઈ શકે જ. હજી આ દિશામાં ઘણું બાકી છે. ('યોજના'માંથી તારવીને)

આકાશદર્શન

ગૌરવપૂર્વક બેઠેલા સિંહના આકારમાં ગોઠવાયેલા તારાઓવાળું 'સિંહ' (Leo) તારામંડળ અજાણ્યું તો નથી, છતાં તેની થોડી ઓળખ તાજી કરી લઈએ. એની સિંહાકૃતિમાં મસ્તક અને ગ્રીવાને સ્થાને



ગોઠવાયેલા તારાથી રચાતી અવળા પ્રશ્નાર્થ ચિહ્ન જેવી આકૃતિમાં દાતરડાનો આકાર પણ બંધબેસતો લાગે છે. 'સિંહ'ની ગણના રાશિમાં પણ થાય છે. આ રાશિમાં તારાઓનું આ જૂથ 'મઘા' નક્ષત્ર નામે ઓળખાય છે અને આ દાતરડાની આકૃતિમાં મૂઠના છેડે બાંધેલા ફૂમતા જેમ ધ્યાન દોરતો જે ચળકતો તારો છે તે 'મઘા' (Regulus) તારા તરીકે જ ઓળખાય છે. મઘા નક્ષત્ર અને સિંહ રાશિના તારાઓમાં એ મુખ્ય તારો છે. સૂર્યના આકાશી માર્ગ–ક્રાંતિવૃત્ત પર જ એનું સ્થાન છે. સૂર્ય કરતાં એ સવાસો ગણો તેજસ્વી તારો આપણાથી ૮૪ પ્રકાશ-વર્ષ દૂર છે. વળી, એ ત્રિકતારો છે. આ મઘાની બાજુમાં જ હાલમાં દેખાતા મંગળ ને ગુરુ ગ્રહનું દર્શન પ્રેક્ષણીય છે. જો ચીવટથી નિયમિત જોતા રહેશો તો એમાં ગુરુ અને મંગળના બદલાતા જતા સ્થાનનું નિરીક્ષણ બહુ રસપ્રદ બની રહેશે. આમાં રક્તરંગી મંગળ અને ઝળહળતા ગુરુને ઓળખવા મુશ્કેલ નથી જ. આ તારામંડળમાં કલ્પેલી સિંહ-આકૃતિમાં તેના કટિસ્થાને અને પુચ્છસ્થાને ધ્યાન ખેંચવા જેટલા તેજસ્વી તારાઓમાં કટિસ્થાન પરના બે ચળકતા તારા 'પૂર્વા ફાલ્ગુની' અને પુચ્છસ્થાન પરનો એક તેજસ્વી અને એક બહુ ઝાંખો તારો તે 'ઉત્તરા ફાલ્ગુની' નક્ષત્રના તારાઓ છે. મઘા પછી આ તારામંડળમાં ઉત્તરા ફાલ્ગુની (Denebola) એ બીજો મુખ્ય તારો છે. આ ચળકતો તારો ઉત્તરોત્તર આપણાથી વધુ ને વધુ દૂર જઈ રહ્યો છે. પૂર્વા અને ઉત્તરા ફાલ્ગુનીની દક્ષિણે સ્થિર તેજે પ્રકાશી રહેલો 'શનિ' આજુબાજુના અન્ય ઝાંખા તારાઓની વચ્ચે સરળતાથી અલગ તારવી શકાય તેમ છે. મે માસના છેલ્લા સપ્તાહમાં એની ગતિ માર્ગી બને છે. એ નીરખવાની તક પણ લેવી જોઈએ. બહુ મંદ ગતિએ વિચરતા આ ગ્રહની ચાલ સમજવા એને નિયમિત નીરખવો પડે ખરો.

પશ્ચિમ આકાશમાં સાંજે ઝળહળતો શુક્ર હવે ઉત્તરોત્તર વહેલો અસ્ત પામતો જવાથી થોડા દિવસો પછી પશ્ચિમાકાશમાં એનું દર્શન અશક્ય બની જશે.

—બિ.

અજમાવી જુઓ

પગમાં કાંટો કે કાચ વાગ્યો હોય અને બહાર ન કાઢી શકાતો હોય તો ગોળને ગરમ કરી એની પોટીસ બાંધવાથી કાંટો કે કાચ ઉપર આવી જશે.

કુંવાડિયાનાં બીજનું વસ્ત્રગાળ ચૂર્ણ ખાટી છાશમાં, લીંબુના રસમાં કે કુંવાડિયાના પાનના રસમાં કાલવીને ચોપડવાથી દરાજ મટે છે.

નિર્ગુંડી તેલનાં ટીપાં નાકમાં મૂકવાથી શરદીમાં ખૂબ રાહત થાય છે.

અભયારિષ્ટ મરડાનું ઉત્તમ ઔષધ છે.

દાઝ્યા પર કુંવારપાઠાનો ગર્ભ ઉત્તમ પરિણામ આપે છે.

ભારંગ્યાદિ ક્વાથ શ્વાસનું સર્વોત્તમ ઔષધ છે.

તાલિસાદિ ચૂર્ણ, અરડૂસીના પાનનો રસ તેમ જ મધ સાથે આપવાથી કફ, દમ, સ્વરભેદ અને રક્તપિત્ત મટે છે.

શતાવરી ઘૃત અથવા શતાવરી ચૂર્ણ અમ્લપિત્તની ઉત્તમ દવા છે.

બુદ્ધિની મંદતા દૂર કરવા માટે શંખપુષ્પીનું ચૂર્ણ ઉત્તમ છે.

સ્ત્રીઓના ગર્ભાશયની કોઈ પણ જાતની વિકૃતિમાં શતાવરી સારું પરિણામ આપે છે.

શેમળાના ખીલના આકારના કાંટાને દૂધમાં ઘસીને ખીલ પર લગાડવાથી રાહત મળે છે.

કિશોરગૂગળ રક્તવિકારની ઉત્તમ દવા છે.

દાંતના, ગળાના, અવાળુના કે તાળવાના રોગમાં ઇરિમેદાદિ તેલ લગાડવું અથવા તેના કોગળા કરવા.

આદુના સ્વરસનો લેપ નાભિ પર કરવાથી દુઃસાધ્ય ઝાડા મટે છે.

દાઝ્યા ઉપર, આમલીને છાશમાં વાટીને તે પ્રવાહી રેડવાથી દાહ મટે છે, રૂઝ આવે છે ને ફોલ્લા ઊઠતા નથી.

માથાના દુખાવામાં ગૂગળ સાથે તજ વાટીને ચોપડવાથી ત્વરિત રાહત થાય છે.

તુવેરનાં પાન બાળીને તેની રાખ દહીંમાં મેળવીને લગાડવાથી ખસ મટે છે.

આરોગ્યવર્ધિની રસ હાઈ બ્લડપ્રેશરનું ઉત્તમ ઔષધ છે.

(આયુ ડાયજેસ્ટ) —નીલા વસાણી

ગણિતગમ્મત

૧૪૨૮૫૭ સંખ્યાની કેટલીક ખાસિયતો જાણીતી છે.

દા.ત. આ સંખ્યાને ૨ થી ૬ સુધીની કોઈ પણ સંખ્યાથી ગુણતાં આડાઅવળા પણ આ જ છ આંકડાવાળો જવાબ આવશે; અને ૭ વડે ગુણતાં જે જવાબ આવશે તેમાં બધા જ નવડા (૯) હશે. પણ આ સંખ્યાની હજી એક વધુ ખાસિયત છે જે કદાચ બહુ જાણીતી નથી. જુઓ–

૧૪૨૮૫૭² = ૨૦૪૦૮૧૨૨૪૪૯.

અને ૧૪૨૮૫૭ = ૨૦૪૦૮ + ૧૨૨૪૪૯!

હવે આવી જ ખાસિયત એટલે કે સંખ્યાનો વર્ગ = આવતા જવાબના છેલ્લા ૩ આંકડાઓ બાકીના આંકડાવાળી સંખ્યામાં ઉમેરતાં જે જવાબ આવે તે મૂળ સંખ્યા જ હશે. ત્રણ આંકડાવાળી આવી માત્ર ચાર જ સંખ્યા છે જેમાં આવી ખાસિયત જોવા મળે છે. એમાંની એક સંખ્યા છે ૦૦૧, બીજી ૯૯૯. હવે બીજી બે સંખ્યા શોધી શકશો. આ માટે એક નાનકડું સૂચન: ઉપરની સંખ્યા ૦૦૧ અને ૯૯૯ની માફક આ બીજી બે સંખ્યાનો સરવાળો પણ ૧૦૦૦ થાય છે. પ્રયત્ન કરો. ન ફાવો તો નીચે જવાબ આપ્યો છે.

—કિશોર ગોરધનદાસ

જવાબ: એ બે સંખ્યા છે: ૨૯૭ અને ૭૦૩. જુઓ–

૨૯૭² = ૮૮૨૦૯ અને ૨૯૭ = ૮૮ + ૨૦૯

૭૦૩² = ૪૯૪૨૦૯ અને ૭૦૩ = ૪૯૪ + ૨૦૯

વળી, વધારાની ખૂબી એ છે કે આ બંને સંખ્યાના વર્ગમાં ૨૦૯ એ પણ સામાન્ય સંખ્યા છે.

—કિશોર ગોરધનદાસ

આગામી માસ (જૂન) ઇતિહાસમાં

તા. ૧/૧૯૪૮ કચ્છ રાજ્યનો વહીવટ સ્વતંત્ર ભારતની સરકારે સંભાળી લીધો.

તા ૨/૧૯૫૩ રાણી ઇલિઝાબેથ બીજાનો રાજ્યાભિષેક. આ પ્રસંગે જ એવરેસ્ટ સર થયાની જાહેરાત. રાણી વિક્ટોરિયા પણ આ જ માસમાં ૧૦મી તારીખે ઈ. ૧૮૩૭માં ગાદીએ બેઠેલાં અને ઈ. ૧૮૫૭માં આ જ માસની ૨૬મી તારીખે હાઇડપાર્કમાં એમણે યુદ્ધમાં અપ્રતિમ સાહસ દાખવવા બદલના સર્વોચ્ચ માન સમા 'વિક્ટોરિયા ક્રૉસ'ના પ્રદાનનો પ્રારંભ કરેલો.

તા. ૩/૧૯૧૬ સ્ત્રીઓની ઉન્નતિ સાધવાને સમાજસેવક કર્વેએ મહાવિદ્યાલય સ્થાપ્યું.

તા. ૪/૫૯૦ હૂણોના હુમલાઓને પાછા વાળનાર અને ભારતના સર્વોચ્ચ સાંસ્કૃતિક વિકાસકાળના રાજવી મહારાજા હર્ષવર્ધનનો જન્મ.

તા. ૫/૧૭૮૩ ફ્રાંસના ઍનોની ગામના જોસેફ અને ઍટની મૉન્ટ ગોલ્ફર નામના બે ભાઈઓએ ૩૮ ફૂટ વ્યાસના એક જંગી ગુબારામાં ધુમાડો ભરી તેને ઉડાડીને બલૂનના ઉડ્ડયનક્ષેત્રનાં દ્વાર ખોલ્યાં. એ જ દિશામાં ઉત્તરોત્તર પ્રગતિ થતી જઈને જર્મનીના કાઉન્ટ ઝેપલિને 'હવાઈ જહાજ' બનાવ્યું ને ઈ. ૧૯૧૦ની ૧૯મી જૂને બર્લિન લેઈક કૉન્સ્ટન્ટ સુધી 'ડોઈચલૅન્ડ' નામે એક જંગી હવાઈ જહાજે પહેલી હવાઈ સફર ખેડી, પરંતુ દુર્ભાગ્યે એ પહેલી જ સફરમાં તા. ૨૮મીએ અકસ્માતમાં નાશ પામ્યું.

તા. ૯/૧૨૧૫ ઇંગ્લૅન્ડમાં લોકશાહીને મંજૂર કરતા 'મૅગ્ના ચાર્ટા' પર રાજા જૉનને સહી કરવાની અંગ્રેજ પ્રજાએ ફરજ પાડી.

તા. ૧૨/૧૮૭૨ જાપાનમાં રેલવે વ્યવહારનો પ્રારંભ થયો. આ જ માસમાં તા. ૨૨ (૧૯૦૪) મીએ કેપથી કાઇરો સુધીની લાંબી રેલવે પણ ખુલ્લી મુકાઈ હતી.

તા. ૧૮/૧૮૫૮ અંગ્રેજો સામે બહાદુરીભરી લડતમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું અવસાન.

તા. ૨૦/૧૮૬૯ ખેતીને લગતાં નાનાંમોટાં યાંત્રિક સાધનોના એક અગ્રગણ્ય ઉત્પાદક તરીકે વિખ્યાત,'કિર્લોસ્કર' કારખાનાંઓના સ્થાપક લક્ષ્મણરાવ કાશીનાથ કિર્લોસ્કરનો જન્મ. મિકેનિકલ ડ્રૉઇંગ માસ્ટર તથા સાઈકલ વેચનારને ચલાવતાં શીખવનાર તરીકે કામ કર્યા પછી કોઈ પણ જાતના પૂર્વ અનુભવ વિના ઔંધના રાજા શ્રીમંત બાળાસાહેબને અઘ્રાંનું લોકસભાગૃહ બાંધી આપી તેમાંથી કરેલી કમાણીમાંથી લક્ષ્મણરાવે કળકવાડીમાં લોઢાનાં હળ બનાવવા માંડયાં.



આરંભની મુશ્કેલીઓ પછી શ્રીમંત બાળાસાહેબની સહાયથી એમણે પ્રગતિ સાધી અને ઈ. ૧૯૨૦માં કિર્લોસ્કર વાડીના પોતાના કારખાનાને લિમિટેડ કંપની બનાવીને ખેતીનાં સુધારાવાળાં અદ્યતન સાધનો અને યંત્રોનું મબલખ ઉત્પાદન કરવા ઉપરાંત ઘરગથ્થુ સજાવટનો પોલાદી સામાન, હૉસ્પિટલોનું રાચરચીલું અને નાનાવિધ યંત્રો, ઍન્જિનો, વીજળીની મોટરો વગેરે બનાવવા માંડયાં. એ પછી તો ઉત્તરોત્તર વધુ પ્રગતિ કરતા જઈ હરિહરમાં 'મ્હૈસૂર કિર્લોસ્કર લિમિ.' પૂનામાં 'કિર્લોસ્કર ઑઇલ એન્જન્સી લિમિ.', બૅંગ્લોરમાં 'કિર્લોસ્કર ઈલેક્ટ્રિક કંપની લિમિ.' તથા લોણાવળામાં 'લક્ષ્મી વર્કસ લિમિ.' નામે રંગ અને એનૅમલનાં કારખાનાં ખોલ્યાં. તુંગભદ્રાથી મૂળા-મૂઠા નદીના કાંઠા સુધી ખેતીના વિવિધ પ્રત્યક્ષ પ્રયોગો કરાવ્યા. ઈ. ૧૯૨૦થી શરૂ કરેલું કારખાનાંઓનું મુખપત્ર 'કિર્લોસ્કર' પણ મહારાષ્ટ્રીય ભાષાનું એક અગ્રગણ્ય માસિક બની રહ્યું. બૌદ્ધિક અને સાહિત્યિક એમની અભિલાષા પાર પાડવા ઉપરાંત, અસ્પૃશ્યતાનિવારણ, સ્ત્રીઉન્નતિ વગેરે જેવી સામાજિક-નાગરિક પ્રવૃત્તિઓમાં પણ તેનો સક્રિય રસ લેતા. હમેશાં ખાદી પહેરતા અને તદ્દન નિર્વ્યસની રહી શિસ્તબદ્ધ જીવન જીવતા હતા. ઈ.૧૯૫૬ની ૨૬મી સપ્ટેમ્બરે એમનું અવસાન થયું.

તા ૨૬/૧૫૩૯ બાદશાહ હુમાયૂંને બક્સર નજીક છપ્પરઘાટ મુકામે શેરશાહે હરાવ્યો. અને શેરશાહના મૃત્યુ પછી ભાંગી પડેલી એની રાજવ્યવસ્થાનો લાભ લઈ હુમાયૂંએ ફરી દિલ્હી કબજે કર્યું તે પણ આ જ માસની ૨૩મીએ ઈ. ૧૫૫૫માં. અને ત્યારથી મુઘલાઈનાં બીજ રોપાયાં.

તા. ૨૮/૧૮૭૯ હિંદુસ્તાનમાં એક પૈસાની કિંમત (૧/૬૪ રૂપિયો)નાં પોસ્ટકાર્ડ ચાલુ થયાં.



'મારા ડાબા પગમાં બહુ દર્દ થાય છે, દાક્તર સાહેબ.'

'એમાં ગભરાવા જેવું નથી. એ ઘડપણની નિશાની છે.'

'એ તો નવાઈની વાત કહેવાય. ઉમર તો બંને પગની સરખી છે ને!'

મા : (દીકરાને) તેં શા માટે તેને માર્યો?
દીકરો : મેં તેને ત્રણ વખત પૂછ્યું છતાં તેણે જવાબ ન આપ્યો, એટલે.
મા : પણ તે માણસ મૂગો છે.
દીકરો : તો તે પણ એણે જણાવવું જોઇએ ને!

શહેરના બાળમંદિરનાં બાળકો ડેરી જોવા આવ્યાં હતાં. ત્યાં એક તરફ દૂધની બાટલીઓનો ગંજાવર ઢગ જોઈ એક બાળક બોલી ઊઠ્યું : 'જુઓ, જુઓ. ગાયનો માળો!'

લગનસરા હતી. ભેટ આપવા માટે એ આખા સ્ટોરમાં ફરી વળ્યો પણ બધી જ ચીજો અત્યંત મોંઘી લાગી. અંતે એણે એક તૂટેલું ફૂલવાઝ જોયું. તદ્દન નજીવી કિંમતે એણે એ ખરીદી લઈને ભેટને યોગ્ય એવી રીતે ભાતીગળ બૉક્સમાં બંધાવીને એણે મિત્રને મોકલી આપ્યું. એણે ધારેલું કે મિત્ર એમ સમજશે કે તે હેરફેરમાં તૂટી ગયું હશે.

બે દિવસ પછી મિત્રનો પત્ર આવ્યો. લખ્યું હતું : 'ભેટ માટે આભાર. વાઝના બંને ટુકડા અલગ અલગ સુંદર કાગળમાં વીંટેલા હતા.'



('જનસત્તા'માં સ્વ. શિવ)

—અનુષ્ટુપ—

આથમ્યો સૂર્ય કહેવાને ટેવાઈ વૈખરી છતાં,
અન્યકો આભને કાંઠે ઉષાના હોઠ સ્પંદતા.

— વ્રજલાલ દવે —

ઈતરા નામની એક સૌન્દર્યવતી શૂદ્રાણીને એક મુનિથી પુત્ર થયા બાદ મુનિ બંનેને ત્યજીને ચાલ્યા ગયા. પછી ઈતરાએ પુત્રને ખૂબ પ્રેમ અને કાળજીથી ઉછેરીને મોટા કર્યો. પણ, શૂદ્રાણીના પુત્રને કોઈ ઋષિ વિદ્યા ભણાવે નહિ. અંતે એક મુનિ તૈયાર થયા પણ એમણે શરત મૂકી કે તારી માતા શૂદ્રાણી હોવાથી એના નામ 'ઈતરા' ઉપરથી પડેલું તારું નામ 'ઐતરેય' તું બદલી નાખે તો તને વિદ્યા આપું.' પણ ઐતરેયે મક્કમપણે ના ભણી દીધી કે,'જે માતાએ મને જન્મ આપ્યો અને પિતાએ ત્યજી દીધા પછી ઉછેરીને મોટા કર્યો એને તો છેહ નહિ દઉં. ભલે હું અબૂધ જ રહું.'...મુનિએ ઐતરેયના મહાજ્ઞાનને માપી લીધું અને પરિણામે એ એવડો મોટા જ્ઞાની બન્યો કે પોતાના નામના 'ઐતરેય ઉપનિષદ'ની રચના કરી.

અંકસંદર્ભ–નવ: નવ રસ-શૃંગાર, વીર, કરુણ, અદ્ભુત, ભયાનક હાસ્ય, બીભત્સ, રૌદ્ર, શાન્ત.

અનેકાર્થી શબ્દ: કાપ=કાપવાથી પડતો આંકો, છેદ; કાપવાની ક્રિયા; ઘા, ઝાટકો; ચીર; કાદવ; લીટા, રેખા; પતંગની કમાન.



ટિકિટકથા: પશ્ચિમ જર્મનીની ચાર ખાસ ટિકિટની એક માળામાં ત્યાંનાં વનવૃક્ષોની રજૂઆત કરેલી છે, જેમાં જે તે વૃક્ષનાં પાન, ફૂલ અને ફળ આપ્યાં છે. એમાંની આ એક ટિકિટ પર દેવદારની જાતના એક વૃક્ષ લાર્ચની રજૂઆત છે. 'વિન્ટર વેલ્ફેર'નિમિત્તની આ ટિકિટો કોઈ ટિકિટની કિંમત ઉપરાંત લોકકલ્યાણના કાર્યાર્થે વધારાના ચાર્જ પણ લેવામાં આવ્યો છે. જૂના બૅવેરિયા અને સેકસની કાળથી માંડી છેક હમણાં સુધીની ટિકિટોનું એક સચિત્ર કૅટલૅાગ 'સ્ટેન્લી ગિબન્સે' બહાર પાડ્યું છે. દુનિયાભરની ટપાલટિકિટોની માહિતી આપતા ૧૭ ભાગના સ્ટેન્લી ગિબન્સના સ્ટૅમ્પ કૅટલૅાગમાં જર્મનીની ટિકિટોનો જ ખાસ ભાગ આ પહેલી જ વાર બહાર પડ્યો છે.

उपकर्तुं यथा स्वल्पः
समर्थो न तथा महान् ।
प्रायः कूपस्तृषा हन्ति
सततं न तथा वारिधिः ॥

અનેક વાર નાની વ્યક્તિ પણ બીજાના ઉપકાર માટે જેટલી સમર્થ હોય છે તેટલી મહાન વ્યક્તિ પણ હોતી નથી. કૂવો સદા તરસને છિપાવી શકે છે જ્યારે સાગર તેમ કરી શકતો નથી.

કહેવતોના અર્થ: 'રોતીને પીઅરીયાં મળ્યાં' –સાસરાનાં દુઃખ રડતી સ્ત્રીને પીઅરનાં માણસ મળતાં જે સાનુકૂળ લાગણી થાય એવી, મનફાવતું મળ્યાની, છુટકારાની અને વિશેષમાં ઢીલાપણાની લાગણી દર્શાવવા માટે આ ઉચિત રૂપકવાળી કહેવત વપરાય છે. એવી જ સચોટ રૂપકવાળી બીજી કહેવતો: 'ભાવતું હતું ને વૈદે કહ્યું', 'દોડવું હતું ને ઢાળ આવ્યો', 'બળદ ગળીઓ ને વળી બુચકાર્યો (એટલે બેસી ગયો)', 'ભાદું દેખી ગુડા ભાંગ્યા' વગેરે.

ગણિતગમ્મત: કોઈ પણ રકમને ૯થી ગુણતાં આવેલા ગુણાકારના અંકોનો સરવાળો પણ ૯ જ આવે છે એ તો જાણીતી વાત છે. વળી ૯ને ૧થી શરૂ કરી ૧૦ સુધી ગુણતાં આવેલા ગુણાકારના છેલ્લા અંકોનો ક્રમ આ પ્રમાણે હશે: ૯,૮,૭,૬,૫,૪,૩,૨,૧; અને એ ગુણાકારના પહેલા અંકોનો ક્રમ આ પ્રમાણે હશે: ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯, –રમેશ વોરા

ઈ. ૧૯૪૫માં લૅાસ ઍન્જેલિસમાં એક બાળકનો જન્મ ૩૭૫ દિવસે થયો હતો. તેથી ઊલટું ન્યૂટન, નેપોલિયન, વિકટર હ્યુગો, વૅાલ્તેર રૅન્વાર, ડાર્વિન ને ચર્ચિલ આ બધા 'અધૂરે' દહાડે જન્મેલા!

ભાગ્ય એ કોઈ અકસ્માતની નહિ પણ માણસની પસંદગીની બાબત છે.

આદુ

ભોજન પહેલાં મીઠા સાથે આદુ ખાવાથી રુચિ વધે છે અને જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. કાનના દુખાવામાં આદુના રસને સાધારણ ગરમ કરી તેનું ટીપું પાડવું. કમળામાં દરરોજ સવારે આદુનો રસ ગોળ સાથે પીવો. શીળસમાં જૂના ગોળ સાથે આદુનો રસ લેવો. ખાંસીમાં, શ્વાસમાં, શરદીમાં અને કફમાં આદુનો રસ મધ સાથે પીવો.

આજીવન બ્રહ્મચારી અને સરસ્વતીના ઉપાસક તથા દેશવિદેશમાં જૈન ધર્મના સિદ્ધાંતોના પ્રચારક શ્રી સુમેરુચંદ્ર દિવાકરને ન્યાયમૂર્તિ દ્વિવેદીએ 'જૈન' શબ્દનો અર્થ પૂછ્યો ત્યારે એમણે ઉત્તર આપ્યો કે, જે—

J = Just એટલે કે પૂરો ન્યાયી હોય.
A = Affectionate એટલે કે પ્રેમાળ હોય.
I = Introspective એટલે કે અંતરાત્માનો પરીક્ષક હોય.
N = Noble એટલે કે ભદ્ર વ્યવહાર કરનારો હોય....... એ જૈન.

ચાંદીનાં વાસણો કાંકરી વિનાની સાદી રાખથી પણ સારાં સાફ થશે. મીઠું પણ એટલું જ સારું કામ આપે છે.

સોનું એટલું બધું તનનીય અને ચિકટ છે કે તેના એક ઔંસ (અઢી તોલા) કટકામાંથી ૫૬ માઈલ લાંબો બારીક તાર ખેંચી શકાય અને એટલા જ વજનના સોનામાંથી ૧૦૦ ચોરસ ફૂટના માપનો વરખ બનાવી શકાય.

સિંગાપોરની શેરીમાં રસ્તા પર સિગારેટનું ઠૂંઠું ગમે ત્યાં નાખનારને ૨૫૦ ડૅાલરથી પણ વધુ દંડ થાય છે.



△ કલાકૃતિઓ: કીમતી વસ્તુઓ તથા ઝવેરાત મૂકવા માટે વપરાતી તિજોરી [illegible]

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૧૪૯થી

क्व कवीन्द्रो रवीन्द्रोऽसौ
मन्द्रजिह्वो गुरुत्तमः।
क्वाहं शिशुः शिष्य कल्पः
य आचार्यतेऽधुना॥
वाल्मीकि-कालिदासाद्याः
भवन्तु मे सहायकाः।
लोकक्षेमंकरी पुण्या
जयतु विश्व-भारती॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

ᔕ

'કુમાર'ના ડિસેમ્બર '૭૯ના અંકમાં વાંચેલા 'દુનિયાના ટાપુઓ' લેખના અનુસંધાનમાં. લેખમાં સિંગાપોરનો ઉલ્લેખ થયો છે. આ ટાપુ આશરે ૬૧૬ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવે છે; જેમાં એના ૫૪ ટાપુઓનો સમાવેશ થાય છે. એમાંય લગૂન (દરિયા કિનારે રેતીના ઢૂવાઓના કારણે સમુદ્રથી અલગ પડેલા ખારા પાણીનો વિસ્તાર) ધરાવતો સેન્ટોસા (Sentosa) ટાપુ સૌંદર્યમાં ઊણો ઊતરે એવો નથી. સિંગાપોર સાથે તે એક કેબલ-કારથી પણ જોડાએલો છે. ત્યાં ગાંધીજીના દસ્તાવેજી પુરાવાઓ પણ સંગ્રહાએલા જોવા મળ્યા. આશ્ચર્ય તો એ છે કે સિંગાપોરમાં કોઈ કુદરતી સંપત્તિ નથી. અરે ત્યાં પીવાનું મીઠું પાણી પણ ૧,૦૫૬ મીટર દૂર આવેલા મલેશિયાથી પાઈપલાઇનો દ્વારા લાવવામાં આવે છે. પણ ત્યાંનો વહીવટ અને પ્રગતિ જોતાં તો દંગ થઈ જવાય!

ઈ. ૧૯૬૩માં ઇંગ્લૅન્ડથી અને ૧૯૬૫માં મલેશિયાથી અલગ થયા પછીના સ્વતંત્રતાનાં વર્ષો દરમિયાન સિંગાપોરે સાધેલી કાર્યદક્ષતા અને રહેઠાણના ઉકેલવા માંડેલા પ્રશ્નોથી પ્રભાવિત થઈને દુનિયાભરના અનેક મોટા દેશોએ એનું રહસ્ય જાણવા માટે પોતાના માણસો ત્યાં મોકલ્યા છે. આજે ન્યૂ યૉર્ક, યોકોહામા ને રોટરડૅમ પછી દુનિયામાં ચોથા નંબરે સહુથી પ્રવૃત્તિશીલ બારા તરીકે એનો ક્રમાંક આવે છે. ૧૯૬૧થી શરૂ કરીને આજ સુધીમાં ત્યાં પાંચેક જેટલી તેલશુદ્ધિકરણની કંપનીઓ સ્થપાઈ છે. તબીબી તેમ જ કેટલાંક ઉચ્ચ કક્ષાનાં વૈજ્ઞાનિક ઉપકરણો બનાવતાં કારખાનાંઓ પણ ત્યાં સ્થપાયાં છે. દુનિયાની અગ્રગણ્ય પ્રતિષ્ઠિત એવી ૫૦ બૅંકોમાંથી ૪૫ જેટલી બૅંકો ત્યાં છે. હોટેલઉદ્યોગ પણ પૂર્ણ સ્વરૂપે વિકસ્યો છે.

જમીન ખૂટી, તો એમણે દરિયાનું પૂરણ કરીને ટાપુનો વિસ્તાર વધાર્યો છે. આજે દર દસ સિંગાપોરવાસીમાંથી ૭ જણ સરકારે સુઘડ રીતે બાંધેલા ફ્લૅટ્સમાં રહે છે. આ ફ્લૅટ્સ-એકમોમાં તરવા માટે હોજ, અલાયદો બગીચો, બાળકોને રમવાનાં સાધનો, સ્કૂલ અને આગવું શૉપિંગ સેન્ટર હોય છે. આમાંના અર્ધા યા એથી વધુ રહેવાસીઓના પોતાના ખરીદેલા ફ્લૅટ્સ પણ હોય છે. બાવન માળ ઊંચાં મકાનો ત્યાં સામાન્ય બની ગયાં છે.

શહેરમાં ઠેરઠેર લીલોતરી જોવા મળે. ઘરમાં બગીચા કરવા, ઝાડ-પાન ઉગાડવા માટે પ્રોત્સાહન અપાય છે. ક્યાંકક્યાંક ખુલ્લી ગટરો પણ છે, પરંતુ મચ્છર-માખી ભાગ્યે જ દેખાય! આ દેશે ટી.બી.(ક્ષય), મૅલેરિયા વગેરે જેવા રોગોને ભગાડી મૂક્યા છે. સ્વચ્છતા જીવનમાં અને સમાજમાં એટલી હદે ઉતારી છે કે ઍરપૉર્ટ યા શૉપિંગ સેન્ટર જેવી જાહેર જગ્યાએ ત્યાંની લાદીમાં કે ચળકતી દીવાલો ઉપર તમારું મોં જોઈ શકો! સિગારેટનું ઠૂંઠું રસ્તા ઉપર નાખો તો રૂ. ૧૭૭૫થી પણ વધુ દંડ ભરવો પડે! એવી જ રીતે બસની ટિકિટ નાખવાથી કે થૂંકવાથી દંડની તૈયારી રાખવી પડે. લોકશાહી ત્યાં યે છે જ. પણ આપણે ત્યાં લોકશાહી જે રીતે સ્વચ્છંદ બની પાનનાં ગલોફાં ભરી જ્યાં ત્યાં પિચકારીઓ મારી ગંદકી કરે છે, તેવી ત્યાં હરગીજ નથી. સ્વપ્નમાં પણ એમ ન કરી શકો! સમગ્ર સિંગાપોરમાં ધૂમ્રપાન, યુવાનોના લાંબા વાળ, માદક દવાઓના સેવન વગેરે સામે સરકાર મીઠી નજર રાખતી નથી, અને કેટલાક કિસ્સાઓમાં સૂગ પણ ધરાવે છે. સરકારી દફતરોમાં પાટિયાં ઝૂલતાં હોય છે: 'Males with Long Hair will be attended to Last.'

ગુંડાગીરી નહીંવત્ છે. ટૅક્સીચાલક મહિલા ઠેરઠેર જોવા મળે. ટ્રાફિક નિયમનની કેટલીક આધુનિક અને આગવી પદ્ધતિઓ ત્યાં અપનાવાઈ છે. સવારે છાપાંનો ફેરિયો સ્કૂટર ઉપર આવીને છાપું નાખી જાય એટલું જીવનધોરણ ઊંચું લાવી શક્યા છે. બધી જ ટૅક્સીઓ ટૂ-વે રેડિયો-ટેલિફોન સર્વિસ વડે સજ્જ હોય છે. જાહેર ટેલિફોન-બૂથને બાદ કરતાં બધા જ જ લોકલ-કૉલ ત્યાં મફત કરી શકાય છે—અર્થાત્ લોકલ-કૉલનું બિલ જ નહિ!

એકંદરે લોકો સુખી છે. અને છાશવારે, ઘડીએ પડીએ રાજકારણને ચર્ચવાનું પસંદ કરતા નથી. ખોટી ચર્ચા-વિતંડામાં શા માટે પડવું જોઇએ? ને આપણે એમાંથી શું મેળવીએ છીએ?

(અમદાવાદ) —ડૉ. સુશ્રુત પટેલ

ᔕ

'કુમાર'ના ઑગસ્ટ અંકના માધુકરી વિભાગમાં આપેલી સંખ્યાઓની સમજણમાં ક્ષતિ હોવાનું જણાવી ફેબ્રુઆરી અંકના પોતાના પત્રમાં શ્રી બલસુખ શિશુએ જુદી સમજણ આપી છે. હકીકત તો એ છે કે બન્ને રજૂઆત પોતપોતાની રીતે સાચી છે. માધુકરીમાં અપાએલી સમજણ અમેરિકન પ્રથા મુજબની છે અને બલસુખભાઇએ આપેલી સમજણ બ્રિટિશ પ્રથા અનુસારની છે. અમેરિકાએ બ્રિટન પાસેથી આઝાદી મેળવ્યા પછી બ્રિટિશ ભાષા (અંગ્રેજી), રાજવ્યવસ્થા વ. ઘણી બાબતોમાં પોતાને યોગ્ય લાગ્યા તેવા ફેરફારો કર્યા છે. સંખ્યાનાં નામમાં પણ તેમણે એમ કર્યું છે.

ગણિતના એક પ્રાધ્યાપક તરીકે મને અમેરિકન પ્રથા વધુ વ્યવસ્થિત અને તેથી અનુકરણીય લાગે છે. ભારતીય સંખ્યાવ્યવસ્થામાં હજાર પછી દર સો ગણી રકમ માટે નવું નામ છે. જેમ કે સો હજાર એટલે લાખ, સો લાખ એટલે કરોડ, સો કરોડ એટલે અબજ વ. તેમ અમેરિકન વ્યવસ્થામાં હજાર પછી દર હજાર ગણી રકમ માટે નવું નામ છે. હજાર હજાર એટલે મિલિયન, હજાર મિલિયન એટલે બિલિયન, હજાર બિલિયન એટલે ટ્રિલિયન વ. બ્રિટિશ પ્રથામાં આવી કોઈ વ્યવસ્થિતતા નથી. હજાર પછી હજાર ગણી રકમ થાય ત્યારે નવું નામ આવે (મિલિયન) પણ મિલિયન ગણી રકમે બિલિયન નામ આવે.

ઉપર જણાવ્યા પ્રમાણે ભારતીય પ્રણાલિકા અમેરિકન પ્રણાલિકા જેટલી જ વ્યવસ્થિત છે છતાં મોટી સંખ્યાઓનાં નામ પસંદ કરવાની દૃષ્ટિએ અમેરિકન પ્રણાલિકા મને વધુ સારી લાગે છે. તેમાં મિલિયન પછી બિલિયન, ટ્રિલિયન, ક્વૉટ્રિલિયન, પેન્ટીલિયન, હેક્ઝીલિયન, સેપ્ટિલિયન વ. નામો આપોઆપ સૂઝે તેવાં છે, જ્યારે આપણે ત્યાં તો ખર્વ, નિખર્વ, શંકુ, પદ્મ વિ. નવાં નવાં અને ભાગ્યે જ સરળતાથી યાદ રહે તેવાં નામો છે.

(સૂરત) —અરુણ મ. વૈદ્ય

વધારાના અંકો

મારી પાસે 'કુમાર'ના નીચેના અંકો વધારાના છે, જરૂરિયાતવાળાને તે હું આપવા ઇચ્છું છું.

સંવત ૧૯૮૦ વૈશાખ, સંવત ૧૯૮૬ શ્રાવણ, સને '૪૧ એપ્રિલ, સને '૪૭ એપ્રિલ, સને '૫૭ ફે. સપ્ટે. ઑક્ટો. નવે., સને '૫૮ માર્ચ, મે, જૂન, જુલાઈ, સપ્ટે. ઑક્ટો., સને '૫૯ જાન્યુ. એ. મે. ઑગસ્ટ, સપ્ટે. ડિસે., સને '૬૦ માર્ચ, એ. મે. જૂન. જુલા. ઑગસ્ટ, સપ્ટે. ઑક્ટો. ડિસે., સને '૬૨ ફે. જૂન, જુલાઈ, ઑગસ્ટ, નવે., સને '૬૫ જૂન, સને '૭૨ ફે., સને '૭૪ જા., સને '૭૫ ઑગસ્ટ, સપ્ટે., સને '૭૬ જાન્યુ. ડિસે., સને '૭૭ જા. ફે. મા. એ. જૂન. ઑક્ટો.

મળો/લખો : દલસુખરાય દવે, ૪ વિજય પ્લૉટ, રાજકોટ ૩૬૦ ૦૦૨.